किंत्वेतज्ज्ञात्वा त्रिषु मानयन तत्समर्थौ रामकृष्णौ कथं मया आनेतुं शक्याविति चेत्तत्राह॥ अर्भकाविति। बालकौ हि कौतुकार्थं यत्र क्वचन गच्छतः। तयोः स्थाने नास्मदभिप्रेतं वक्तव्यं किंतु धनुर्मखनिरीक्षार्थं यदुपुरस्य मधुरायाः श्रियं द्रष्टुमिति। मित्रभेदं न करिष्यतीति सर्वमेतदुक्तवान्। अक्रूरो यं द्विस्वभावो ज्ञो।

एतज्ज्ञात्वानय क्षिप्रं रामकृष्णाविहार्भकौ॥ धनुर्मखनिरीक्षार्थं द्रष्टुं यदुपुरश्रियं ३७

वाः सात्विकाः कार्यार्थं दैत्याविष्टाश्च अन्यथा तं प्रति कंसो न वदेत। नापि दैत्यः सहृत्प्रीतिः स्यात् ततः दैत्याविषया वा अक्रूरभूयात्। एवं सति तस्य कार्यकर्तृत्वमपि न विरुद्धं भवति। स्यमन्तकादिप्रसंगश्च न विरुद्धो भवति ३७

શ્લોકાર્થ :- ૩૭

આ જાણીને રામ અને કૃષ્ણ બંને બાળકોને ધર્નુયાગ જોવા યાદવોની નગરીની શોભાનું અવલોકન કરવા માટે અહીં સત્વર લઈ આવ. (૩૭)

ભાવાર્થ; સુબોધિનીજી :- ૩૭

પરંતુ આ જાણીને તુરત લઈ આવ. રામ અને કૃષ્ણ સમર્થ છે. સારાથી તમેને કેમ લાવી શકાય? એવી શંકા થાય તેથી બાલકો શબ્દ યોજેલ છે. બાળકો નિરંતર કૌતુક જોવા માટે આવે છે. ધર્નુરનો યજ્ઞ જોવા તથા યાદવોની નગરી અને મથુરાની શોભા ચાલો અકુર મિત્રને દગો નહિ દે એમ માની કંસને તેને પોતાનો બધો આશ્રય કહેલો છે. આ અકુર દ્વિસ્વભાવવાળો જીવ છે.સાત્વિક અને દૈત્યના આવેશવાળો. તેમ ન હોત તો દેવપક્ષનોજ હોત તો કંસ તેને એમ ન કહેત. તેમ તેને દૈત્ય પર પ્રીતી પણ ન હોત અને તેની સામગ્રીનો ઉપભોગ પણ ન કરત. આથી કંસનું કાર્ય કરે તેમાં વિરોધ થતો નથી. આગળ સ્યમંતક માણીના પ્રસંગનો પોતાની પાસે રાખ્યો અને પછી ભગવાનને પાછો આપ્યો તેનો પણ વિરોધ થતો નથી. (૩૭)

આમ અકુર દ્વિસ્વભાવનો હોવાથી તે કંસને ઉત્તર આપે છે.

ह-टी-३३ ७७० मंत्रिग्रथंतंपत्युत्तरमाह। द्विस्वभावत्वात्॥ राजन्निति। संबोधनंआज्ञाकरणावशक्तत्वार्थंस्नेहस्तत्रार्थेमनीषितंविचारितंसम्यगेवात्तरपितवनतुमम। विचारस्यसम्पन्नकोहेतुः। स्वावद्यमार्जनमिति। येनस्वस्य लौकिकृपत्तीत्यापराधोनभवति॰ अनेनकालोराजात्वंतुसेवकइतिनिरूपितं। अन्यथाकुयमयंभीतोभवेत्। अमात्याकानामन्यथाशङ्कानौकालस्तानेवदुष्टान्जानीयोदितिनतवदंडः। स्यात्तदैत्यसिद्धांतश्चावलंबितइतिनशास्त्रदृ।

॥श्रीअक्रूरउवाच राजन्मनीषितंसध्र्यक्तवस्वावद्यमार्जनं सिद्ध्यसिद्ध्योःसमंकुर्याद्दैवंहिफलभा

वन ३८

रापिविरोधः देवानामेवहि राज्ये तेषामधिकारात् तदुक्तारीत्या नरकस्वर्गौ न तु दैत्यानामधिकारे। अन्यथा दैत्यै रिदं पराजयो न स्यात्। यद्वा स्तु साधारणाः अतो मनीषितं सम्यगिति न विरुध्यते। अयं च सर्वसिद्धांताभिज्ञः कालस्यैषा व्यवस्था भगवान् सर्वप्रकार इति न भगवदिच्छा स्त्रु विरोधः। अन्यथा वाच निकी दैत्यानां तु क्रिर्वाधिता स्यात्। विरोधे ह्यपि मते ह्यद्रुभावश्च न स्यात्। कालयहेष विष्टश्च भगवान् स्वकी राम ७७०

यान् कालस्यादृष्टत्या नयतीति। भगवल्लक्षणो ह्येशः कालादतिरिच्यते। अतो व्यवहारार्थं सर्वं एव कालानुविम्ब तीति। भगवांश्च कालं वंचयित्वैव भक्तान्नयति कालरूपश्च भवति। अतो भगवदवतारः कालाक्रमार्थ एवेति। प्रमेयबलसिद्धिः। प्रमाणबलं मध्यभावएव प्रमेयबलं तु श्लोलं स्वनमपि कारयतीति सिद्धांतो दैत्यानां सिद्धांतो नेन वालंबितः। अतः सिद्धांत रहस्याय तो दैत्यानां सिद्धांतो तेन वावलंवितः। अतः सिद्धांता नु सारेण सम्यगेवावलंवितं। अतः पक्षद्वये संबंधात् मूलकाकिमनुगुणाइति ज्ञात्वा मशक्यत्वात् नैकतर सिद्धांतः सिध्यतीति। तेष सिद्धांतमाह। सिद्ध्यसिद्धोः समः कुर्यादिति। प्राणिनां सर्वसिद्धांताभिज्ञेन यत् कर्तव्यं तत्रायहो न कर्तव्यः। यतो दैवस्य विद्यमानत्वात् प्रपन्न एवस्वस्य न तु फलं दैवाधीनमित्याह। दैव हि फलभावनमिति। फलं दैवमेव भावयति। अनेन पक्षद्वयं समानमुक्तं। तदन्यदा भवति। ३८

શ્લોકાર્થ :-૩૮

હે રાજન ! પોતાના દોષને ધોઈ નાખનારૂં એવું તમારૂં વિચાર તો સારો છે. તે સિદ્ધ થાય કે નહિ તે બન્ને પ્રસંગોમાં સમાન રહી કરવું જોઈએ કારણ કે દૈવજ ફલ આપનારૂં છે. (૩૮)

ભાવાર્થ; સુબોધિનીજી :-૩૮

રાજાની આજ્ઞા અવશ્ય માનવા યોગ્ય છે. એ માટે હે રાજન ! એવું સંબોધન કરે છે. જે વિચાર કર્યો તે સારો જ છે. તે પોતાના દોષને ધોઇ નાખનારો શબ્દોથી તે સારો હોવાનું કહેલું છે તેથી લોકની દષ્ટિમાં તમારો અપરાધ જણાશે નહિ. કાલ સર્વનો રાજા છે. તું તો તેનો સેવક છે. નહિ તો કંસને ભય કેમ થાય ?

કાલ દુષ્ટને તેની ઉંધી પ્રવૃત્તિમાં દંડ આપે છે. તે તેને દુષ્ટ જાણે છે. એટલે તને દંડ ન કરે. કંસને દૈત્યના સિદ્ધાંતનું અવલંબન કર્યું છે. એટલે શાસ્ત્ર પ્રમાણે તેનો વિરોધ આવતો નથી. કારણ કે દેવોના રાજયમાં દેવોનો આધિકાર હોવાથી ત્યાંજ નિયમ મુજબ નરક કે સ્વર્ગ પ્રાપ્ત થાય પરંતુ દૈત્યોથી દેવોનો પરાજય થાય નહિ. ગ્રહો તો સાધારણ છે. તેથી તમે કરેલ વિચાર બરાબર છે. આ અક્રુર બધા સિદ્ધાંત જાણકાર છે. કાલની વ્યવસ્થા આ પ્રમાણે છે. ભગવાન દેવો અને દૈત્યોને સમાન છે. તેથી ભગવદ શાસ્ત્રનો વિરોધ આવતો નથી. કાલના ગૃહમાં પ્રવેશ કરીને ભગવાન કાલના પંજામાં સપડાએલા પોતાના ભક્તોનો ઉદ્ધાર કરીને તેમને કાલ પાસેથી લઈ જાય છે. તેથી ભગવાનના સંબંધવાળો દેશ કાલથી પર છે. તેથી બધા કાલથી ભય પામે છે. અને ભગવાન કાલને છેતરીને ભકતોને તેની પાસેથી લઈ જાય છે. પોતે કાલરૂપ થાય છે. તેથી ભગવાનનો અવતાર કાલનું અતિક્રમણ કરવા સારૂં છે. એમ ભગવાનનું પ્રમેયબલ સિદ્ધ થાય છે. પ્રમાણબલ બધાને જણાય છે. તેમ ન હોય તો દેવો, બ્રાહ્મણો તથા ધર્મની પ્રતિષ્ઠા રહે નહિ. મધ્યનો કાલ બે પ્રકારનો છે. દેવ અને દૈત્ય. એવા બે ભાગ છે. મૂલભૂત કાલ બધાને સમાન છે. તેથી પ્રમાણબલ મધ્ય ભાવમાં જ રહેલું છે. પ્રમેયબલતો મૂળ કાલનું પણ ?ઉલ્લંઘન કરાવે છે. તેથી તેના સિદ્ધાંત મુજબ સારી રીતે અવલંબન કરેલ છે. મૂળકાલ કોને અનુકુળ છે તે જાણવું અશક્ય હોવાથી તેમાંથી એક સિદ્ધાંત ફલશે નહિ. એવો સિદ્ધાંત કંસને સિદ્ધ થાય કે ન થાય તે બંને પક્ષમાં સમાન રહી કરવું જોઈએ. સર્વ સિદ્ધાંત જાણનાર પ્રાણીએ જે કાર્ય કરવાનું હોય તેમાં ફલ પ્રાપ્ત કરવાનો આગ્રહ ન કરવો જોઈએ. કારણ કે ફલ મળવું દૈવને આધિન છે. એમ દૈવજ ફલ પ્રાપ્ત કરાવનાર છે. દૈવજ ફલ પ્રાપ્ત કરાવે છે. આથી બંને પક્ષને સરખા કરેલા છે. એવું અન્ય સમયે હોય છે. હાલ તો ભગવાન પ્રગટ થયા છે તેથી કંસનો મનોરથ વૃથા જ છે. તે જણાવે છે.

हरी·३३ इदानींतु भगवानवतीर्ण इति द्वितीयपक्ष एव तु स्याः अतोनेन विचारितमनोरथान्करोतीतित्वेः स्वयोग्ये
इहहि सर्वेश्वरेण विचारयितुं शक्यते। अल्पोपि मनोरथस्तस्य न सिद्ध्यतीत्याह॥ दैवहतानपीति॥ यदैव भगवा
नवतीर्णः तदैव सर्वे कंसादयो मारणीया इति। अतो भगवता हता एव। मनोरथास्तान् करोतीति भ्रांत एवायं। य
तो जनः स्वयमेव जातः। यद्यस्य मनोरथः सिद्ध्येत् कदाचिदपि तदा परगर्भे कथं जायेत कस्यचिद्वा मलरूपं रेतः

मनोरथा[illegible]करोत्युच्चैर्जनो दैवहतानपि युज्यते हर्षशोकाभ्यां मयाप्याज्ञां करोमि ते ३९

:कथं समाश्रयेत। अतो यो मनोरथः कर्तव्यः स आत्मानं विचार्य कर्तव्यः॥ अन्यथा चेत् हर्षशोकाभ्यां युज्यते राम
कदाचि[illegible]वान् किंचित्करोति किंचिन्न करोतीति। यद्यप्येवं ज्ञायते तथापि ते आज्ञां करोमीति। अन्यथा ७७१
स्वस्य त[illegible]त्कार्यं न सेत्स्यतीति. ३९ ॥ ॥

શ્લોકાર્થ :-૩૯

જન ઉંચા દૈવ હણેલા પણ મનોરથોને કરે છે. હર્ષ અને શોક પ્રાપ્ત કરે છે. તો પણ તમારી આજ્ઞા પ્રમાણે હું કરીશ. (૩૯)

ભાવાર્થ; સુબોધિનીજી:-૩૯

ઉંચા એટલે પોતાને યોગ્ય મનને ફાવે તેવા કારણ કે સર્વેશ્વર ભગવાન વિચાર કરી શકે. દૈવ વડે હણાએલા શબ્દથી તેનો જનોનો અલ્પ પણ મનોરથ સિદ્ધ થતો નથી. કેમ કે જ્યારે ભગવાને અવતાર લીધો છે. ત્યારથી જ કંસને મારવાના જ છે. તેથી ભગવાને જે મનોરથોને હણેલા જ છે તે મનોરથો આ કંસ કરે છે. તેથી તે ભાંત જ છે. જો તેનો મનોરથ કોઈ પણ સમયે સિદ્ધ થવાનો હોત તો તે બીજાના ગર્ભમાં કેમ ઉત્પન્ન થાત ? અથવા કોઈના મલરૂપ વીર્યના આશ્રય તે કેમ કરત? માટે જે મનોરથ કરવો તે પોતાના સ્વરૂપનો વિચાર કરીને કરવોએમ ન કરે તો વિચાર કર્યા વગર મનોરથ કરે તો હર્ષ અને શોક પ્રાપ્ત

થાય? કારણ કે ભગવાન ભગવાન કોઈ વખતે મનોરથ સિદ્ધ કરે ત્યારે હર્ષ થાય અને કોઈ સમય મનોરથ સિદ્ધ ન કરે ત્યારે શોક થાય. આ પ્રમાણે જણાય છે. છતાં પણ તારી આજ્ઞા પ્રમાણે કરૂં છું. કારણ કે તેમ ન કરૂં તો મારૂં પોતાનું અને તારૂં કાર્ય સિદ્ધ થાય નહિ. (૩૯)

એમ એક બીજાના વચનો જણાવી બન્ને પોત પોતાના સ્થાનમાં ગયા. એમ નીચેના શ્લોકથી કહે છે.

एवमन्योन्यपरिभाषणस्य उभयोः स्वस्थानगच्छतिमाह ।। एवमिति ।। अक्रूरोक्तं तेन न विचारितमेव कार्यं वै
यस्मात् अतस्तस्यैव कृतमनूद्यापहसंहरति ।। एवमादिश्येति ।। वकारात् केशिनं हस्तिपांश्च जनपदाकरणा
र्थं प्रवृत्तांश्च मंत्रिणश्च विसृज्य तान् बहिरेव स्थापयित्वा स्वयमन्तःपुरं गतः । तथा अक्रूरः स्वस्य आलयं गतः ।

एवमादिश्य चाक्रूरं मंत्रिणश्च विसृज्य सः । प्रविवेश गृहं कंसस्तथाक्रूरः स्वमालयं ४०
इति श्रीभागवते महापुराणे दशमस्कंधे कंसमंत्रः षट्त्रिंशोध्यायः ।। ।।

इति ।। न तस्मिन्नदिवसे गृहान्निर्गमनं संजातः स्थितः तमर्थं चिंतयिष्यति । अयमपि स्वगृहं गतः । गमनोपायं प्रकारं
च अग्रे तृतीयाध्याये कृतं एव वक्तव्यं विचारितं च ४० इति श्रीभागवतसुबोधिन्यां श्रीमल्लक्ष्मणभट्टात्म
जश्रीवल्लभदीक्षितविरचितायां दशमस्कंधविवरणे त्रयस्त्रिंशोध्यायविवरणं ।। ।।

શ્લોકાર્થ :-૪૦

શ્રી શુકદેવજી કહે છે. એમ અકુરને આજ્ઞા કરી અને મંત્રીઓને વિદાય કરી તે કંસે ગૃહમાં પ્રવેશ કર્યો અને અકુર પોતાને ઘેર ગયો. (૪૦)

થાય? કારણ કે ભગવાન ભગવાન કોઈ વખતે મનોરથ સિદ્ધ કરે ત્યારે હર્ષ થાય અને કોઈ સમય મનોરથ સિદ્ધ ન કરે ત્યારે શોક થાય. આ પ્રમાણે જણાય છે. છતાં પણ તારી આજ્ઞા પ્રમાણે કરૂં છું. કારણ કે તેમ ન કરૂં તો મારૂં પોતાનું અને તારૂં કાર્ય સિદ્ધ થાય નહિ. (૩૯)

એમ એક બીજાના વચનો જણાવી બન્ને પોત પોતાના સ્થાનમાં ગયા. એમ નીચેના શ્લોકથી કહે છે.

एवमन्योन्यपरिभाषणस्य उभयोः स्वस्थानगच्छतिमाह ॥ एवमिति ॥ अक्रूरोक्तं तेन न विचारितमेव कार्यं दै
यग्यात् अतस्तस्यैव कृतमन्त्रोपहसं हरति ॥ एवमादिश्येति ॥ वकारात् केशिनो हस्तिपांश्च जनपदाकरणा
र्थं प्रवृत्तांश्च मंत्रिणश्च विसृज्य तान् बहिरेव स्थापयित्वा स्वयमंतःपुरं गतः । तथा अक्रूरः स्वस्य लयं गतः ।

एवमादिश्य चाक्रूरं मंत्रिणश्च विसृज्य सः । प्रविवेश गृहं कंसस्तथाक्रूरः स्वमालयं ४०
इति श्री भागवते महापुराणे दशमस्कंधे कंसमंत्रः षट्त्रिंशोऽध्यायः ॥ ॥

इति ॥ तस्मिन्नहनि दिवसे गृहान्निर्गमनं संतः स्थितः तमर्थं चिंतयिष्यति । अयमपि स्वगृहं गतः गमनोपायं चकार
रं च । अत्र तृतीयाध्याये कृत्यं वक्तव्यं विचारितं च ४० इति श्री भागवत सुबोधिन्यां श्रीमल्लक्ष्मणभट्टात्म
जश्रीवल्लभदीक्षितविरचितायां दशमस्कंधविवरणे त्रयस्त्रिंशोऽध्यायविवरणं ॥ ॥

શ્લોકાર્થ :-૪૦

શ્રી શુકદેવજી કહે છે. એમ અકુરને આજ્ઞા કરી અને મંત્રીઓને વિદાય કરી તે કંસે ગૃહમાં પ્રવેશ કર્યો અને અકુર પોતાને ઘેર ગયો. (૪૦)

ભાવાર્થ; સુબોધિનીજી :-૪૦

અક્રુરનાં વચનો કંસે કાર્યમાં વ્યગ્ર હોવાથી વિચાર જ ન કર્યો. તેથી કંસના કાર્યને જણાવીને આ શ્લોકથી ઉપસહાર કરે છે. "ત" અને શબ્દ છે. તેથી કેસીને હસ્તિના પાલકોને, ગામના જનોને આપવા માટે રોકાએલાઓને અને મંત્રીઓને મૂકી દઈ તેમાં બહાર રાખીને કંસે અન્તઃપુરમાં પ્રવેશ કર્યો. તેમજ અક્રુર પોતાને ઘેર ગયો તેથી તે દિવસે બહાર નીકળવાનું બન્યુ નથી.

અન્તઃપુરમાં રહેલો કંસ તે વિષયનો વિચાર કરશે અને આ અક્રુર પણ ઘેર જઈ ગોકુલ જવાના ઉપાય તથા પ્રકારનો વિચાર કરશે.

આ રાજસ પ્રકરણના ૩૫મા અધ્યાયમાં અક્રુરનું કાર્ય તથા તેનો વિચાર કહેવામાં આવશે .(૪૦)

VIBRANT PUSHTI VADODARA

દશમ સ્કંધ પૂવાર્ધ
રાજસ પ્રમાણ પ્રકરણ અધ્યાય ૩૩ મો
સમાપ્ત

દશમ સ્કંધ પૂવાર્ધ અધ્યાય ૩૪ મો

રાજસ પ્રમાણ પ્રકરણ

૨-દી-૩૪ चतुस्त्रिंशे प्रेषितस्यतामसस्यनिरूप्यते।कार्यंवाक्यानिचरुचेलीलाकाचिद्धरेःप्रिया १ हेतुकार्यफ
७७२ लान्यत्रपूर्ववद्बोधितानिहि।केश्यागमनकार्यंतुऋषिवाक्यान्नचान्यथा २ वधेनजातेनागच्छेदनर्थंकृत
वानिति।वधोनिदर्शनंतस्मात्अतोवाक्यानिबोधने ३ बोधितश्चेद्धरेर्लीलांनकुर्यात्स्वेच्छयामुदा।तदा
प्रमेयरीतिर्हिदुर्बलैवभवेत्सदा ४ अतःफलार्थलीलाहिपूर्वजातानिरूप्यते।सिंहावलोकनेनापिक
रिष्यतिहरिःस्वयं ५ अतोनगोकुलेचिंताकापीत्यपिनिरूप्यते।केशीहतोगुणैःकृत्वातथाव्योमोऽसु
रद्विषः ६ कालमालम्ब्यवाचेतिनवषोडशभेदवै॥ ॥पूर्वाध्यायेकेशीप्रेषितइत्युक्तः।तस्यागत
स्यकृत्यमत्रनवभिरुच्यते।पूर्ववद्दैत्यवत्केश्यागमनंनभवतीतिवक्तुं।भिन्नप्रकारमाह॥ ॥ ॥ राम
७७२

કારીકા :-

ચોતરીસમા અધ્યાયમાં કંસે મોકલેલ તામસ કેસીના કાર્યનું, ઋષિના વાકયોનું અને હરિને પ્રિય કોઇ એક લીલાંનુ નિરૂપણ કરવામાં આવે છે .(૧)

કારણ, કાર્ય અને ફલ અહીં પહેલાંની પેઠે જણાવેલા છે. કેસીનું ગોકુલ આવવાનું કાર્ય નારદના વાકયને લીધે થએલું બીજા કોઇ કારણથી થયું ન હતું.

કેશીનો વધ થયો ન હોત તો નારદે અનર્થ કરેલ હોવાથી તે ન આવત તેથી કેશીનો વધ નિદર્શન છે. તેથી ભવિષ્યમાં કરવાના કાર્યો જણાવવા માટે નારદે વાકયો કહેલાં છે. (૨-૩)

જણાવવા છતાં જો હરિ પોતાની ઇચ્છાથી આનંદથી લીલા ન કરે તો પ્રમેયની પદ્ધતિ હંમેશાં દુર્બલ રહે. (૪)

તેથી ફલ માટેપહેલાં થએલી લીલાનું નિરૂપણ કરવામાં આવે છે અને હરિ પણ પોતે સિંહાવલોકન કરશે. (૫)

તેથી ગોકુલમાં જરા પણ ચિંતા નથી. એવું પણ નિરૂપણ કરવામાં આવે છે. કેશીને ગુણોને લીધે હણ્યો તેમજ વ્યોમાસુરને હણ્યો. ઋષિએ માત્ર કલાઓ કહી તેથી નવ + સોળ શ્લોકો છે. (૬ ૧/૨)

केशी त्विति॥ अन्येऽपि सर्वे साधारण्येन निरूपिताः। केशी तु कंसेन प्रेषितः विशेषाकारेण। तदा खुरैर्महीं विति वत्कं भिन्नेदारयन् व्योम वरे वागतः॥ निर्दारयन्। ननु केशिनो राज्ञसस्य कथं खुरा इत्याशंक्याह॥ महाहय इति॥ महानयमश्वः॥ ननु सध्यायामागतः कथं शीघ्रमागत इति चेत्तत्राह॥ मनोजव इति॥ एवं वरस्यापि

॥श्रीशुक उवाच॥ केशी तु कंसप्रहितः खुरैर्महीं महाहयो निर्जरयन्मनोजवः॥ सटावधूताभ्रविमानसंकुलं कुर्वन्नभो हेषितभीषिताखिलः १

सामर्थ्यमाह॥ सटाभिरवधूतास्त्रा अभ्राविमानानि चतैः संकुलं नभः कुर्वन्निति तस्य कायिको व्यापार उक्तः॥ वाचनिकमाह॥ हेषितभीषिताखिल इति॥ हेषितो अश्वशब्दः तेनैव भीषितमखिलं येन। साधारणप्रयोगः दैत्यानाममयजनकोयमिति ज्ञापनार्थं १

ह॰टी॰३४ ७७३ तस्य क्रियाव्यतिरेकेणापि रूपं दृष्ट्वैव सर्वे बिभ्यतीति ज्ञापयितुं रूपं वर्णयति॥ विशालनेत्र इति॥ विशाले नेत्रे यस्य इयं विशालता प्रकरणवशात् भयानका ज्ञातव्या॥ विकटमास्यकोटरं यस्य॥ बृहद्गलो यस्य॥ नीलो यो महान् अम्बुदः तस्योपमा यस्य। नीलत्वं नोपेक्षणीयं प्रधिक इति। उपमानत्वनिरूपणार्थमुपमापदम्

विशालनेत्रो विकटास्यकोटरो बृहद्गलो नीलमहाम्बुदोपमः॥ दुराशयः कंसहितं चिकीर्षुर्व्रजं स नन्दस्य जगाम कंपयन् २

पमेकेनखुणत्रयंखुरखेवर्त्तत इति तत्ज्ञापनार्थं नेत्रे आस्यं कंठश्च वर्णितः॥ अतेरोषानाह॥ दुराशय इति॥ राम
स्वभावतोप्यतःकरणं दुष्टमित्यानीतस्तत्र रामित्याह॥ कंसहितं चिकीर्षुरिति॥ ततो नंदस्य व्रजं जगामाऽ ७७३
पद्यार्थमेव २

શ્લોકાર્થ :- ૧ - ૨

કંસે મોકલેલો, મનના જેટલી ઝડપવાળો, હણ હણારથી જેને બધાને ભયભીત કરેલાં છે તેવો વિશાળ નેત્રોવાળો ભયાનક મુખરૂપી કોતરવાળો, મોટાં ગળાવાળો. કાળા મોટા વાદળાંને જેની ઉપમા અપાય તેવો, દુષ્ટ અન્તઃકરણવાળો તે મોટો અશ્વ કેશી તો ખરીઓથી પૃથ્વીને ખોદતો કેશવાળીથી ઉડાડી મૂકેલા વાદળાંઓ અને વિમાનોથી આકાશને ભરી દેતો, કંસનું હિત કરવા ઈચ્છતો, નંદના વ્રજને કંપાવતો ત્યાં ગયો.(૧-૨)

ભાવાર્થ; સુબોધિનીજી :- ૧ - ૨

ગયા અધ્યાયમાં કંસે કેશીને મોકલ્યો એમ કહેલું છે. તેણે આવી જે કૃત્ય કર્યું તે નવ શ્લોકથી કહેવામાં આવે છે કેશી તો શબ્દોથી તે આવવાનો પ્રકાર જુદો છે. બીજાઓને તો સામાન્યરીતે આજ્ઞા આપવામાં આવી હતી. પરંતુ કેશીને કંસે ખાસ નીશાનીથી મોકલ્યો. તે સમયે વ્યામાસુરની માફક ખરીઓથી પૃથ્વીને ખોદતો ગોકુલ આવ્યો. કેશી રાક્ષસ હતો તેને ખરીઓ કયાંથી હોય ? એવી શંકામાં મોટો અશ્વ શબ્દ યોજેલ છે. આ મોટો અશ્વ હતો.

સંધ્યા સમયે તેને આજ્ઞા કરવામાં આવેલી તે કેવી રીતે તરત આવ્યો ? તે શંકામાં મનના જેટલી ઝડપવાળો વિશેષણ યોજેલું છે.

કેશવાળીથી ઉડાડી મૂકેલા વાદળાંઓ અને વિમાનો તેઓથી ભરાઈ ગએલું આકાશને કરતો. એ પ્રમાણે તેની કાયાનું કાર્ય કહેલું છે. હણહણાટથી જેને સર્વને ભયભીત કરેલા છે. તેમાં વાણીનું કાર્ય કરેલું છે. આ કેશી દૈત્યોને પણ ભય

પમાડનારો હતો.(૧)

તેની ક્રિયા વિના પણ રૂપ જોઈને જ સર્વ ભય પામે છે. એમ જણાવવા વિશાળ નેત્રોવાળો તેના રૂપનું વર્ણન કરે છે. વિશાળ છે બે નેત્રો જેનાં તેવો તે હતો ભયાનક હતુ મુખરૂપી કોતર જેનું મોટુ હતું ગળુ જેનું કાળુ જે મોટુ વાદળ તેના જેવા ઉપમા જે તેવો હતો શબ્દ યોજેલ છે. એ વિશેષણથી તેનો રંગ કહેલો છે. મુખમાં પણ ત્રણ ગુણ રહેલા હોવાથી તે જણાવવા (૧) બે નેત્રો (૨) મુખ (૩) ગળાનું વર્ણન કરેલું છે.

દુષ્ટ અન્તઃકરણવાળો વિશેષણથી તેના અંદરના દોષ કરેલા છે. સ્વભાવથી અન્તઃકરણ દુષ્ટ હતું. કંસનું હિત કરવા ઈચ્છતો વિશેષણ કરેલું છે. તે ઉપદ્રવ કરવા માટે નંદના વ્રજમાં ગયો. (૨)

કેશી તરત જ ગોકુલને ઉપદ્રવ કરશે એમ ભગવાને પ્રથમથી જાણીને તેનું કાર્ય થાય તે પહેલાં તેને પડકાર્યો.

स तु केशी शीघ्रमेव कार्यं करिष्यतीति भगवान् प्रथमत एवाभिज्ञाय तत्कार्यात्पूर्वमेव तमाकारितवानित्याह ॥ तं त्रासयन्तमिति ॥ तस्मिन्ना-
गत एव रूपं दृष्ट्वैव शङ्का सः मारणपरिज्ञानपोः सामर्थ्यज्ञापनार्थं भगवानपि अक्लिष्टकार्यपि तथा कृतवानित्यत्र हेतुमाह ॥ स्वस्य गोकुल-
मिति ॥ स्वा गावश्च तेषां कुलमित्यपि ॥ तैः प्रसिद्धैः हेषितैः यानि देवानामपि भयजनकानि शीघ्रकारीणि हेतुमाह ॥ वालविघूर्णिताम्बुद-
मिति ॥ पुच्छभ्रामणेन विशेषेण घूर्णिता मूर्च्छिता अम्बुदा यस्य ॥ पुच्छभ्रामणमात्रेण यद्येवं महाननर्थः तदा किं विद्विलं दोषपि महानन्यापोभ

तं त्रासयन्तं भगवान् स्वगोकुलं तद्धेषितैर्वालविघूर्णिताम्बुदं आत्मानमाजौ मृगयन्तमग्रणी
रुपाह्वयत्स व्यनदन्मृगेन्द्रवत् २ ॥ ॥

वैरिति ॥ नन्वकस्मादागतः कथं न गोकुलं मारितवानत आह ॥ आत्मानमाजौ मृगयन्तमिति ॥ न स गोकुलमारणार्थमागतः किन्तु भ-
गवता सह युद्धं कर्तुं ॥ आजौ संग्रामे आत्मानं भगवन्तं मृगयन्तमन्वेषयन्तं क्वास्तीति कृष्ण इति ॥ नन्वेवं कथं शाङ्ख्यकं सोयस्माद्बिभेति ॥
तत्राह ॥ सः प्रसिद्धः केशी अत एव मृगेन्द्रवत् सिंहवत् व्यनदन् सत्यं स्वान्तरगजानिव मन्यते ॥ बलभद्रं कथं न प्रेषितवानित्यत्र हेतुरग्र-
णीरिति ॥ भगवानेवाग्रणीः भगवानग्रे एव उपद्रवान् दूरीकरोतीति ३

શ્લોકાર્થ :-૩

પ્રસિદ્ધ, હણહણાટોથી પોતાના ગોકુલને ત્રાસ આપતા પુંછડાથી વાદળાને ભમાવતા અને સંગ્રામ માટે પોતાને શોધતા તેને પડકારતા તે નાયક ભગવાને સિંહની પેઠે ગર્જના કરી. (૩)

ભાવાર્થ; સુબોધિનીજી :-૩

તે કેશી આવતાં તેનું રૂપ જોઈને ગોકુલને ત્રાસ થશે. તેથી ભગવાનને તેને હણવાનું સામર્થ્ય છે અમે જણાવવા ભગવાન શબ્દ યોજેલ છે. શ્રીકૃષ્ણ કલેશ વિના કાર્ય કરનાર હોવા છતાં તેમને તેમ કર્યું. કેશીને પડકાર્યો. તેનું કારણ પોતાના ગોકુલ શબ્દથી કહેલું છે.

તેના પ્રસિદ્ધ હણહણાટો જે દેવોને પણ ભય ઉત્પન્ન કરતા હતા તે ગોકુલને ત્રાસ આપતો હતો.

પૂછડાથી વાદળોને ભમાવતા વિશેષણથી તરત પડકારનું કારણ કહેલું છે. જ્યારે માત્ર પૂંછડાને ફેરવાથી જ એ પ્રમાણે ઘણો અન્યાય થાય તેથી ભગવાને તેને પડકાર્યો.

ઓચિંતા આવીને તેને ગોકુલનો સંહાર કેમ ન કર્યો ?

એવી ચિંતામાં સંગ્રામમાં પોતાને શોધતાં વિશેષણ યોજેલું છે. તે ગોકુલનો સંહાર કરવા આવ્યો ન હતો પરંતુ ભગવાન સાથે યુદ્ધ કરવા આવ્યો હતો. શ્રીકૃષ્ણ કયાં છે ? એમ ભગવાનને શોધતો આવ્યો.

જેનાથી કંસ ભય પામે છે તેવા ભગવાન સામે તેને આવી ઉદ્ધતાઈ કેમ કરી? એવી શંકા થાય તે માટે તે કેશી પ્રસિદ્ધ હતો એમ કહેલ છે. એટલે મુગેન્દ્ર એટલે સિંહની પેઠે તેણે ગર્જના કરી. તે બીજાઓને હાથીઓ જેવા માનતો હતો.

ભગવાન બલભદ્રને કેમ ન મોકલ્યા ? તેનું કારણ નાયક શબ્દથી કહેલું છે. ભગવાન જ નાયક હતા.

કેશીને પકડતાં તે ભગવાને જ સિંહના જેવી ગર્જના કરી .(૩)

ભગવાનનો પડકાર સાંભળીને તેને ગર્જના કરી અને જે કરવાનું છે તે હવે કહે છે.

VIBRANT PUSHTI * VADODARA *

२-३१३४ भगवद्वाक्यानं श्रुत्वा यत्कृतवांस्तदाह॥ स तमिति॥ उपाकृत्वा स भगवानेवं यन्न कृत। अथवा पूर्वं भगवंतं दृष्ट्वा गर्जनं कृतवान्। पश्चा
७७४ द्वाक्यं श्रुत्वा यत्करिष्यति तदत्रैव निरूप्यते। स केशी तद्भगवद्वाक्यं निशम्य मुखेनाकाशं पिबन्निव व्यात्ताननं अभिमुखः। अभ्यद्रव
त्। तथा सति अयं मतिशीघ्रमागमने आकाशो निविशतीति दृष्ट इति पिबन्निवेत्युक्तं। यद्वा आकाशमेव ग्रसति तदत्र तन्मध्यपातिनः सुखग्र
ग्रासा इति बहिश्चेष्टा जनिता। अत्यमर्षण इत्यान्तरी। तद्दानि करे समागत्य पराङ्वृत्य पद्भ्यां जघान धेनुकवत्। ननु सम्मुखमाग
त्य मुखेनैव मारणसंभवे पि किमिति पराङ्वृत्त इतिचेत्तत्राह॥ अरविंदलोचनमिति॥ कमलनयनो भगवानिति। भगवतः पर

स तं निशम्याभिमुखो मुखेन खं पिबन्निवाभ्यद्रवदत्यमर्षणः जघान पद्भ्याम
रविंदलोचनं दुरासदश्चण्डजवो दुरत्ययः ४ ॥

मुखे सौंदर्यं दृष्ट्वा साक्षात् इति क्रमासमर्थः पराङ्वृत्य अपश्यन्निति क्रमं कृतवानित्यर्थः। ननु पद्भ्यामपि भगवद्रूपं स्पृष्ट्वा कथमतिक्रमः राम
संभवतीत्याशंक्याह॥ दुराशय इति॥ दुष्टान्तःकरणत्वात्तथा कृतवान्। दुरासद इति पाठे कंसरामादिभिः अतिक्रमो न निवारित इ ७७४
त्याशंक्याह॥ दुरासद इति॥ दुःखेनासादो यस्येति। अन्यकोपि तन्निकटे गंतुं शक्तो नेतीत्यर्थः। तत्र हेतुमाह॥ चंडजव इति॥ अतिशीघ्रमा
गच्छतीति तस्य प्रतीकारो दूरे तस्मिन्नागते पलायनमप्यशक्यमित्याह॥ दुरत्यय इति॥ दुःखेनात्ययो यस्येति ४

શ્લોકાર્થ :-૪

ઘણા ક્રોધવાળો તે, તે સાંભળીને જાણે કે મુખથી આકાશનું પાન કરતો હોય તેમ સામો દોડી આવ્યો. દુષ્ટ અન્તઃકરણવાળા, પ્રચંડ વેગવાળા, જેનાથી ન છટકી શકાય તેવા તેણે કમલ જેવા નેત્રવાળા ભગવાનને બે પગોથી પાટુ માર્યું. (૪)

ભાવાર્થ; સુબોધિનીજી :-૪

તે કેશી ભગવાનનું વાકય સાંભળીને મુખથી જેમ આકાશનું પાન કરતો હોય તેવા ખુલ્લા મુખવાળો, જાણે ભગવાનને ગળી જવા માગતો હોય તેમ સામો દોડતો આવ્યો. તે ઝડપથી આવતો હતો ત્યારે આકાશ જાણે તેના મુખમાં પ્રવેશ કરતું હોય તેવું દેખાયું હતું. જ્યારે તે આકાશને ગળે છે તો તેની અંદર રહેલાને સહેલાઇથી ગળી જાય. બહારની ક્રિયા જણાવી છે. ઘણા ક્રોધવાળો વિશેષણથી સમીપ આવીને ઉધા ફરીને ધેનુકની પેઠે બે પગોથી પાટુ મારી.

સામા આવીને મુખથી મારવાનું સંભવતું હોવા છતાં તે કેમ ઉધો ફર્યો ? એવી શંકામાં કમળ જેવા નેત્રોવાળા પદ યોજેલ છે. ભગવાન કમળ જેવા નેત્રોવાળા હોવાથી તેમનું સૌંદર્ય જોઈને સીધો હુમલો કરવાને અશક્ત હોવાથી ઉધો ફરી હુમલો કર્યો એવો અર્થ છે.

ભગવાનના રૂપનું સ્મરણ થવાથી પગોથી હુમલો કેમ થઈ શકે ? એવી શંકામાં દુષ્ટ અન્તઃકરણવાળો વિશેષણ છે. તે દુષ્ટ અન્તઃકરણવાળો હોવાથી તેને તે પ્રમાણે કર્યું. બલભદ્ર વિગેરે હુમલો કેમ અટકાવ્યો નહિ? એવી શંકામાં દુઃખથી પહોંચી શકાય જેને તેવો તે હતો. તેથી કોઈપણ તેની સમીપ જઈ શકતું ન હતું. પ્રચંડ વેગવાળો એ વિશેષણથી તે ઘણી ઝડપથી આવતો હતો તેને રોકવાનું તો દૂર રહ્યું પણ નાસી જવું પણ અશક્ય હતું. એ માટે જેનાથી છટકી ન શકાય તેવા વિશેષણથી કહેલું છે. દુઃખથી છટકી શકાય જેનાથી તેવો તે હતો. (૪)

ભગવાન ધણા ચતુર છે.તે કેશી દેવોથી કે અસુરોથી શસ્ત્રો વડે હણી શકાય નહિ તેમ હોવાથી જુદો ઉપાય કર્યો.

भगवानतिचतुरः सारादेवैरसुरैश्च शस्त्रैश्चावध्य इति तस्य प्रकारांतरेण समाधानं कृतवानित्याह ॥ तद्दंष्ट्रयित्वेति ॥ तत्पादस्य हरणं तिर्यग्भूत्वा वंचयित्वा मोघत्वं संपाद्य ततः दोर्भ्यां तस्य पादद्वयं धृत्वा परिविध्य भ्रामयित्वा उत्तोल्य धनुःशतांतरे सावज्ञमुत्ससर्ज पत्य व्यवस्थित इति संबंधः ॥ ननु शीघ्रमागतो मारयितुं पादस्य प्रसारः कृतवानयथा न प्रतिहतो भ

तद्वंचयित्वा तं मधोक्षजो रूषा प्रगृह्य दोर्भ्यां परिविध्य पादयोः सावज्ञमुत्ससर्ज धनुःशतांतरे यथोरगं तार्क्ष्यसुतो व्यवस्थितः ॥ ५ ॥

वतिसाधनवेगः तत्कार्यं प्रतिहतो जात इत्याशंकायामाह ॥ अधोक्षज इति ॥ इंद्रियजन्यं तस्य ज्ञानं क्रिया वा तेन विषयीकरोति ॥ अतो ऽधोक्षज एव तस्य पादस्य वंचन इति वंचनमपि भगवतो लौकिक सामर्थ्याय फलमिति न किंचिदुपपन्नाः संमुखमागतः किमिति परावृत्त इति रोषेण दोर्भ्यां गृहीतः ॥ कदाचिन्न स्पृहृदये भीतः सन्न वंचनं कृतवा

હ.રી.૩૪ निस्तिशंकास्यात्ततोभगवान्निःशंकमाक्षमिवदोर्भ्यापरिगृहीतवान्।ततउत्तोलनंचकृतवान्।योपरोभग
१७५ वतेचिक्षेपतत्रैवस्थानेसगृहीतइतिहस्तमेवगृहीत्वातीत्यपिसूचितं।उत्तोलनादिकंसर्वंयथाउननोपातितथा
ज्ञापनार्थं।महानहेवलश्चवरइतितस्यगर्वनाशार्थंसावज्ञाश्वर्वकमुत्सर्गः।श।तशरोपरिमितवाची।क्षुतः
दूषीरतवज्ञापनार्थं॥नतुहेहेनमहान्सः बालकश्चभगवानत्रलौकिकंचसामर्थ्येनप्रकटितवान्तत्कथंत
स्योत्तोलनादिकमित्याशंक्यदृष्टांतमाह॥यथारगमिति॥गरुडोयथामहांतमप्युरगंभक्षत्वात्क्षिप्त्वा
तभक्षमाणःवलेविमानेपराक्रमंकरिष्यतीतिवलक्षयार्थंतथाक्रियते।तथाभगवानपिअश्वरोनिवार्य
एवेतिवलक्षयार्थंतथाकरणं।एवंकृत्वानमहत्कर्मकृतमितिमेनेकिंतुसर्ववदेवविशेषेणैवलीलयैवस्थितः५
राम
૭૭૫

શ્લોકાર્થ :-૫

ઈંદ્રિયોથી થતું જ્ઞાન જેમને પહોંચતું નથી તેવા ભગવાન તેને ચૂંકાવી, રોષથી બે પગોથી બે હસ્તો વડે તેને પકડી ચક્કર ચક્કર ફેરવી જેમ ગરૂડ સર્પોને ફેંકી દે તેમ તિરસ્કારપૂર્વક ઘણે દૂર ફેકી દઈ ઉભા રહ્યા. (૫)

ભાવાર્થ; સુબોધિનીજી :-૫

તેને એટલે પગની પાટુને આડા થઈને ચૂકાવી એટલે નકામી બનાવી. પછી બે હસ્ત વડે તેના બે પગો પકડી તેને ચક્કર ચક્કર ફેરવી ઉંચો કરી તિરસ્કારપૂર્વક સેંકડો ધનુષ દૂર ફેકી દઈ ભગવાન ઉભા રહ્યા એવો અર્થ છે. કેશીએ ઝડપથી આવી, પગના વેગવાળા થઈ, કોઈથી અટકાવી ન શકાય તેવી રીતે પાટુ મારવા માટે પગ પસારેલા તો તેથી તેનો પ્રયાસ કેમ નિષ્ફળ ગયો? એવી શંકા થાય ત્યાં કહે છે કે ઈંદ્રિયોથી થતું જ્ઞાન જેમને પહોંચતુ નથી એ વિશેષણથી કેશીનું ઈંદ્રિયોથી ઉત્પન્ન થએલું જ્ઞાન અથવા ક્રિયા ભગવાનને પહોંચતાં નથી. તેથી તેના પગોને ભગવાનનો સંબંધ ન થાય એ યોગ્ય જ છે.

ભગવાનમાં અલૌકિક સામર્થ્ય હોવાથી તે પાટુ ચૂકાવે એ પણ યોગ્ય જ છે. સામો આવેલો કેસી એ પ્રમાણે ઉંધો કેમ

ફર્યો ? ભગવાનને તેને શેષથી બે હાથ વડે પકડયો અને પછી તેને ઉંચો કર્યો જે પગો ભગવાન તરફ ફેંકેલા તેજ સ્થળેથી તેને પકડયો. તેથી એમ સૂચવે છે કે ભગવાનને જે આપવામાં આવે છે. તે જ ગ્રહણ કરે છે. તેને ઉંચો કર્યો. તે મારો અને દેવોથી વરદાન પામેલો હતો. તેથી તેના ગર્વને નાશ કરવા તેને ભગવાને તિરસ્કારપૂર્વક ફેંકી દીધો. ધનુષ શબ્દ ભગવાનની વિરતા બતાવવા માટે છે. તે કેશી દેહમાં મોટો હતો અને ભગવાન બાલકુ હતા તેમને પોતાનું અલૌકિક સામર્થ્ય પ્રગટ કર્યું ન હતું. તો પછી ભગવાને તેને ઉંચો કર્યો એ કેવી રીતે થયું? એવી શંકા થાય તેથી દષ્ટાંત છે કે જેમ ગરૂડ સર્પને ફેંકી દે. મોટો સાપ પણ ગરૂડનો ખોરાક જ છે. તેનામાં બલ હોય તો પરાક્રમ કરે. તેના બલનો ક્ષય કરવા માટે ગરૂડનું દષ્ટાંત છે. અસૂર દૂર રાખવા યોગ્ય જ હોવાથી તેના બલનો ક્ષય ભગવાને તે પ્રમાણે કર્યું. તેથી ભગવાન મેં ભારે કામ કર્યું છે એમ માન્યું નહિ.(૫)

ફેંકી દીધેલા કેશીનું વૃતાંત નીચેના શ્લોકથી કહે છે.

क्षिप्तस्य वृत्तांतमाह॥ स लब्धसंज्ञ इति॥ सर्वे मूर्छितः पश्चाल्लब्धसंज्ञस्तथापि न निवृत्तः किंतु पुनरुत्थितः॥ ततो मुखं व्यादाय पतः केशी तरसाशीघ्रमेव हरिमभ्यापतत॥ ततो भगवानपि भोजनार्थमिव व्यादत्तमुखं भोजितं

स लब्धसंज्ञः पुनरुत्थितो रुषा व्यादाय केशी तरसापतद्धरिं सोप्यस्य वक्त्रे भुजमुत्तरं स्मयन्प्रवेशयामास यथोरगं बिले ६ ॥ ॥

वानित्याह॥ सोपीति॥ भगवानप्यस्य वक्त्रे उत्तरं वामभुजं स्मयन् हसन् भक्तानां यमायासि वेत्त भक्तापेति वदन्निव भुजं प्रवेशयामास॥ वामो हि॥ वामो हि भुजो हंतास्मा नामेवेति॥ स निःशंक प्रविष्ट इति वक्तुं दृष्टांतमाह॥ यथोरगं बिलमिति ६

શ્લોકાર્થ :- ૬

ભાનમાં આવેલો તે કેશી ફરી ઉભો થયો. ક્રોધથી મુખ ફાડી ઝડપથી હરિ તરફ ધસ્યો. તેમને પણ જેમ સર્પ દરમાં પ્રવેશ કરે તેમ હસતાં આના મુખમાં ડાબા હસ્તને નાખ્યો. (૬)

ભાવાર્થ; સુબોધિનીજી :- ૬

પહેલા કેશી મૂર્છા પામ્યો. પછી ભાનમાં આવ્યો છતાં પણ તે અટકયો નહિ. પણ ફરી ઉભો થયો અને તેને મુખ ફાડયું અને ઝડપથી હરિ તરફ ધસ્યો.

પછી જાણે ભોજન કરવા મુખ ફાડેલું તેને ભગવાને ભોજન કરવા હસતાં ભક્ષણ કરવા આવે છે તો તું ભક્ષણ કર એમ જાણે કહેતા હોય તેમ મુખમાં ડાબા હસ્તને નાખ્યો. કારણ કે ડાબો હાથ દૈત્યો માટે છે. જેમ દરમાં સર્પ પ્રવેશ કરે એવું દૃષ્ટાંત કહેલું છે. (૬)

મુખમાં હસ્ત નાખવો એ હણવાનો ઉપાય કેમ થઈ શકે? એવી શંકા થાય તે હવે કહે છે.

ક-ટી-૩૪
૭૭૬
भुजप्रवेशनं कथं मारणोपाय इति शंकायां प्रकारमाह॥ दंतानिपेतुरिति॥ भक्षणार्थं प्रवृत्तः दंतसंबंधं कारितवान् ततो भगवद्भुजस्पर्शो भगवद्भुजस्पर्शतीतित् घाभूता निपेतुः॥ तेष सिद्धार्थे हंता अपि हन्यंते तत्रापि केशिनः अतिप्रसिद्ध स अलौकिकप्रकारेणेष धारिस्पर्शेनेव दंताः पतिता भविष्यंतीत्याशंक्य दृष्टांतमाह॥ तप्तमयः स्पर्श इति॥ तप्तमयः अग्निवर्णयेस्पर्शतिते तप्तमयः स्पर्शः तप्तमयोवा तप्तलोहस्पर्शः षष्ठ्यर्थे द्वितीयेति॥ ततो बाहुरपि तद्देहा

दंता निपेतुर्भगवद्भुजशस्ते केशिनस्तप्तमयःस्पर्शो यथा बाहुश्च तद्देहगतो म
हात्मनो यथामयः संववृधे उपेक्षितः ७

ततः प्रविष्टस्य वृद्धे तस्य वृद्धौ साधनं नापेक्षत इत्यत्र दृष्टान्तमाह ॥ यथामय इति ॥ यद्देव किंचित्करोति पुरुषस्तद्रोग
प्रतीकारमकुर्वन् । तेनैव स वर्द्धते । न हि देहदृष्ट्यापि वि रोगवृद्धौ साधनमपेक्ष्यते । ननु वृद्धौ विकारत्वं स्यात् तथा
चानुभवो न स्यात् दोषश्च स्यात् इति चेत् तत्राह ॥ महात्मन इति ॥ स हि व्यापकः ॥ सर्वतः पाणिपादान्तः याव दूर
ऽमायामुद्धाटयते येन तेन वावयवेन वृद्ध इत्युच्यते । महात्मानस्वरूपं यस्य अस्पर्शापेक्षा पाणिपातो शकरणं पला

राम ७७६

શ્લોકાર્થ :-૭

જેમ તપેલા લોઢાનો સ્પર્સ કરનારના દાંડ પડે તેમ કેશીના ભગવાનની ભુજાનો સ્પર્શ કરનાર તે દાંતો પડી ગયા.જેમ દરકાર નહિ રાખેલો રોગ વધે તેમ દેહમાં ગએલો મહાત્માનો બાહુ ઘણો જ વધ્યો. (૭)

ભાવાર્થ; સુબોધિનીજી :-૭

ભક્ષણ કરવા તત્પર થએલા તેને ભગવાનના હસ્તનો સંબંધ દાંતોને કરાવ્યો. તેને સ્પર્સ કરવાથી તેના દાંતો પડી ગયા. અગ્નિના જેવારંગવાળા તપેલા લોઢાને જેઓ અડે એવી રીતે તેના દેહમાં ગએલો બાહુ પણ વધ્યો. ત્યાં દાખલો આપે છે કે જેમ દરકાર નહિ રાખેલો રોગ વધે તેમ વધ્યો. તે રોગનો ઉપાય નહિ રાખેલો રોગ વધે તેમ વધ્યો. તે રોગનો ઉપાય નહિ કરતાં પુરૂષ જે કાંઈ પણ કરે છે તેનાથી રોગ વધે છે. તેને સાધનની જરૂર હોતી નથી.

જેની વૃદ્ધિ થાય તે વિકારવાળું થાય તેમજ તેનો અનુભવ ન થાય અને દોષ પણ થાય તેવી શંકામાં તેથી મહાત્માનો શબ્દ યોજેલ છે. કારણ કે ભગવાન જેના પાણી અને પાદના અંતે સર્વ સ્થળે છે. સર્વ સ્થળે રહેલા છે. એટલે દૂર સુધી જે અવયવથી માયાને ઉપાડી લે છે. તેજ અવયવથી વધ્યા એમ કહેવાય. દોડીને ઘસવું એ મહાત્માનો અનાદર છે.

પછી જે થયું તે હવે નીચેના શ્લોકથી કહે છે. (૭)

ततोयज्ञातंतत्राह॥समेधमानेनेति॥सम्यक्परितःएधमानेनवर्द्धमानेन॥सकेशी कृष्णपदमेतदर्थमेवावतीर्णः इतिज्ञापनार्थं॥बाहुश्चक्रियाप्रधानःअतोसमीचीनेबाहुप्रक्षेपणादिकंनविरुध्यते।वक्त्रविवरस्यबाहुना पूर्णत्वात्निरुद्धवायुर्जातःततःदुःखात्चरणांश्चविक्षिपनविशेषेणक्षिपनदुरात्मभिरेवाहमानीतोमार

समेधमानेनसकृष्णबाहुनानिरुद्धवायुश्चरणांश्चविक्षिपन॥प्रस्विन्नगात्रः
परिवृत्तलोचनःपपातलेंडंव्युत्सृजन्क्षितौव्यसुः ८

णार्थमितिक्षिपन्निवाप्रकारात्कंसंचाश्चंतःप्रपासात्प्रस्विन्नगात्रोजातः।परिवृत्तेलोचनेयस्य।अंतर्बहिः क्रियापगमःज्ञानापगमश्चसूचितः।ततःप्रपपात।लेंडंविसृजन्निति।पादुद्वारामलंविसृजन॥लेंडशब्देनस हउच्यते।क्षितावपतदितिनपातेनकश्चिदुपद्रुतरतिसूचितं ८ ॥ ॥

श्लोकार्थ :-૮

શ્રી કૃષ્ણના સારી રીતે વધતા બાહુથી જેનો વાયુ રોકાઈ ગયો છે. તેવો કેશી પગોને પછાડતો, પરસેવાવાળા અંગોવાળો ફરી ગએલી આંખાવાળો, લાદ કરતો, પ્રાણ રહીત થઈ પૃથ્વી ઉપર પડયો. (૮)

ભાવાર્થ; સુબોધિનીજી :-૮

સારી રીતે એટલે વધતા જતા બાહુથી જેનો વાયુ રોકાઈ ગયો છે તેવો કેશી થયો. બાહુ ક્રિયા કરવામાં મુખ્ય છે. તેથી નઠારા સ્થાનમાં બાહુ નાખવો એ સારૂ નથી. મુખનુ પોલાણ બાહુથી ભરાઈ ગયું તેથી તેનો વાયુ રોકાઈ ગયો તેથી દુઃખી થઈ પગો પછાડવા લાગ્યો. દુષ્ટોએજ હરણા માટે મને અહીં મોકલેલ છે એમ ગાળો દેતો હોય તેમ ઘણી નિંદા કરવા લાગ્યો. શરીરના અંગો પરસેવાવાળા થયા. તેની બંને આંખો ફાટી ગઈ. તેની અંદરની અને બહારની ક્રિયા તથા જ્ઞાન જતા રહ્યા.

VIBRANT PUSHTI * VADODARA *

ત્યારે તે લાદ કરતો પડયો ગુદાથી મલનો ત્યાંગ કરતો પડયો. પૃથ્વી ઉપર પડયો તેના પડવાથી કોઇને ઉપદ્રવ થયો નહિ.(૮)

પછી કાર્ય પતી જતાં બધાથી પૂંજાએલા ભગવાન ઘેર પધાર્યા એમ હવે કહે છે.

ह·टी·३४ ७११· ततः कार्ये संपन्ने भगवान् सर्वैः पूजितो गृहे गत इत्याह तत इति ॥ समारब्धा वृद्धिः । ततो न निवृत्ता गते च प्राणे
प्रवर्द्धमाना देहं च श्रुत्कर्कटिकाफलवत् विदीर्णं कृत्वा विदीर्णद्वारा हस्ते निर्गते निवृत्ता ॥ उत्खतो हस्तः निःसारणे
क्रिया परिच्छिन्ना भवतीति तदर्थं देहविपाटनं । व्यसोरिति निःकासने हेतुः । त्यक्तप्राणो देहः अशुचिर्भवतीति सू
तकार्यत्वं च ज्ञापितं । अपाकर्षणं ततो निःसारणं स्वर्वत्करणं वा । महान् भुजो यस्येति भुजेनापि मुक्तिं दातुं
शक्यत इति । तस्य मुक्तावपि न संदेह इत्यर्थः । महतीतस्य क्रियाशक्तिरिति च ज्ञापितं । एवमपि कृत्वा अविस्मित

तद्देहतः कर्कटिकाफलोपमाद्व्यसोरपाकृष्य भुजं महाभुजः । अविस्मितोऽयत्नहतारिरुत्स्मयैः प्रसून वर्षैर्वर्षद्भिरीडितः ॥ ९ ॥

तः नहि तृणे छिन्ने कस्यचिदभिमानो भवतीति तदेव ज्ञापयति । अयत्नहतारिरिति ॥ नेको
पि भगवता प्रयत्नः कृतः अनायासेन हत इति ॥ केचिन्मायापगमः स्वाज्ञायेति न प्रयत्नः ऊर्ध्वस्मयैः हसद्भिः सर्वैरे राम
व देवैः प्रसूनवर्षैः पुष्पवृष्टिभिः सहितैः भगवानीडितः । तत्र स्थितवाक्यानि न संतीति किं तु पुष्पवृष्टिरेवा तदा ७११
ह ॥ वर्षद्भिरिति ॥ वर्षणमिव स्तोत्रमिति । प्रसूनानां वर्षो येषां इति पुष्पवृष्ट्यधिकारिणो देवाः । तैर्वर्षद्भिः यथा तत्पुष्पै
वर्षैरीडितः स्तोत्रंभिन्नमेव ॥ ९ ॥

શ્લોકાર્થ :-૯

મરણ પામેલા કાકડીના ફલના જેવા તે દેહમાંથી ભૂજાને કાઢી લઇ મહાભૂજાવાળા, ગર્વ રહિત, પ્રયત્ન વિના શત્રુનો નાશ કરનાર ભગવાનની પુષ્પોથી વૃષ્ટિ કરનારાઓએ વૃષ્ટિથી સ્તુતિ કરી.(૯)

ભાવાર્થ; સુબોધિનીજી :-૯

હસ્તની આરંભેલી વૃદ્ધિ ત્યાંથી એટલેથી અટકી નહિ પણ પ્રાણ ગયા ત્યારે વધતાં પાકેલા કાકડીના ફલની માફક

દેહને ફાડી નાખી હસ્તને બહાર કાઢયો ત્યારે તે અટકી મુખમાંથી હસ્તને બહાર કાઢવામાં આવે તો કરેલી ક્રિયા પાછી ફરીથી થાય તેથી તેમ ન થાય તે માટે દેહને ફાડી નાખ્યો. મરણ પામેલા શબ્દથી હસ્તને બહાર કાઢવાનું કારણ કહેલું છે. કારણ કે પ્રાણ ત્યજી દીધા પછી દેહ અપવિત્ર થાય છે. મોટી ભુજા તેમની હતી એવા ભગવાન હતા તેથી તે ભુજાથી પણ મુક્તિ આપવા શક્તિમાન હતા તેથી કેશીની મુક્તિ થઇ એમાં શંકા નથી એવો અર્થ છે.

ભગવાનની ક્રિયા શક્તિ ઘણી વધારે છે એમ પણ જણાવ્યું છે. આમ કરીને પણ ભગવાન ગર્વ રહિત હતા. કારણ કે તરખલાંને તોડવાથી કોઇને અભિમાન થતું નથી. પ્રયત્ન વિના શત્રુનો નાશ કરનાર શબ્દથી તે અર્થ જણાવેલ છે. ભગવાને કાંઇ પણ પ્રયત્ન કરેલો નહતો. પ્રયાશ વગર કેશિને હણ્યો હતો. કેટલાક એમ કહે છે કે ભગવાનની આજ્ઞાથી માયા દૂર થઇ તેથી તેમનો કાંઇ પ્રયત્ન ન હતો. મોટેથી હસ્તના એટલે કેશિની મશ્કરી કરતા. પુષ્પોની વૃષ્ટિ કરનારા બધા દેવોએ ભગવાનની સ્તુતિ કરી. તેમાં સ્તુતિમાં મુકરર કરેલાં વાકયો ન હતા પરંતુ પુષ્પોની વૃષ્ટિ જ હતી. એમ વૃષ્ટિથી શબ્દથી કહે છે. વૃષ્ટિથી એટલે પુષ્પોથી સ્તુતિ કરી. એમ જુદા જ પ્રકારની સ્તુતિ કરી છે.

એ પ્રમાણે નારદના આવવાના કારણ તરીકે કેશ વધનું નિરૂપણ પોતાના અપરાધની ક્ષમા કરાવવા માટે પંદર શ્લોકથી કર્યુ.(૯)

નારદનાં વાકયોનું નિરૂપણ કરતાં તે ભગવાન પાસે આવ્યા.

एवं हेतुत्वेन केशिवधो निरूपितः। ततो नारदस्य स्वापराधक्षमापनार्थं वाक्यानि निरूपयन् पंचदशभिः प्रथमतस्तस्य समागमनमाह। देवर्षिरिति। यदैव भगवता केशी हतः तदा भगवत्समीपे कोपि न स्थित इति। तदैव समागतः निकटे भक्तवन्नमस्कारं वा तदाह। उपसंगम्येति। देवर्षित्वाद्धृतदर्थपरिज्ञानं भगवान् कथयतं त्र

देवर्षिरुपसंगम्य भागवतप्रवरो नृप कृष्णमक्लिष्टकर्माणं रहस्येतदभाषत १०

रुज्ञातवानित्याह॥भागवतप्रवरइति॥भागवतानांमध्येप्रवरःश्रेष्ठः॥भागवतमार्गोपदेष्टत्वात्॥नृपेतिसंबोधनंअनभिप्रेतोप्यागच्छतीतिराजलीलायाःपरिज्ञानार्थंउच्यमानःकथंचित्अनभिप्रेतोनारदइतिभगवान्मारयेत्॥अतःकथंनिर्भयोभूत्वातथावदतीत्याशंक्याह॥अक्लिष्टकर्माणमिति

શ્લોકાર્થ :-૧૦

હે નૃપ ! કલેશ વગર કર્મ કરનાર શ્રીકૃષ્ણની નજીક આવીને દેવર્ષિએ એકાંતમાં આ પ્રમાણે કહ્યું. (૧૦)

ભાવાર્થ; સુબોધિનીજી :-૧૦

જયારે ભગવાને કેશિને હણ્યો તે સમયે ભગવાન પાસે કોઈ રહેલ ન હતું તેથી તેજ સમયે ભકતની પેઠે નમસ્કાર કરતાં નારદ ભગવાનની સમીપ આવ્યા. દેવર્ષિ હોવાથી વૃતાંત જાણતા હતા. ભગવાને કેમ તેમના ઉપર કૃપા કરી એકાંતમાં આવવા દીધા ? એવી શંકામાં ઉત્તમ વૈષ્ણવ શબ્દ યોજેલ છે. નારદ ભાગવત માર્ગનો ઉપદેશ કરનાર હોવાથી વૈષ્ણવોની અંદર ઉત્તમ છે. ન ઈચ્છેલો પુરૂષ પણ આવે છે એવી રાજલીલા જાણાવવા માટે હે નૃપ ! એવું સંબોધન છે.

નારદ હર કોઈ પ્રકારે ઈચ્છેલો (વહોલો) નહિ હોવાથી ભગવાને નીચે જણાવેલ વાક્યો કહે ત્યારે ભગવાન તેને મારે. તેથી ભય રહિત થઈને તે કેમ કહે છે. ? એવી શંકા થાય. તેથી કલેશ વિના કર્મ કરનાર શબ્દ યોજેલ છે. ભગવાન પરમાનંદ હોવાથી નારદ પણ આવે તેવું સંભવે છે. એમ શ્રીકૃષ્ણ શબ્દથી કહેલ છે.

બંને અદશ્ય રહે તે મ એકાંતમાં જઈને નારદે કહ્યું. તેને નીચે કહેવામાં આવશે તે સ્તુતિ કરી નિવેદન કર્યુ. (૧૦)

કારીકા :-૭

પોતાનો અપરાધ મટી જાય તે માટે ત્રણ પ્રકારે નારદ સ્તુતિ કરે છે. મૂલરૂપનું સંબોધન કરી, મધ્ય ભાવ અને

VIBRANT PUSHTI * VADODARA *

કાર્યભાવનું નિરૂપણ કરે છે.(૭)

ત્યાર પછી અવતારના કાર્યનું નિરૂપણ કરે છે.અનુમોદન કરીને જે ભગવાન કરવાના છે તે પાંચ શ્લોકથી કહે છે. (૮)

સામાન્ય રીતે ભગવાન પોતાની મેળે અથવા બીજાની દ્વારા એમ બે પ્રકારે બે શ્લોકથી નિરૂપણ કરે છે. (૯)

જ્ઞાન અને ભક્તિના ભેદથી સ્વરૂપનું નિરૂપણ કરે છે. જ્ઞાનમાં આનંદ, ચિત્ત અને સતનું રૂપ કહે છે. ભક્તિ અહીં પ્રાગટ્ય થાય છે. ભગવાન કાર્ય માટે અવતરેલ હોવાથી ભક્તિમાર્ગમાં દુષણ નથી. (૧૦)

ભગવાનનું કાર્ય ચરિત્ર પણ ભગવાન જ છે. એ પ્રમાણે સાત શ્લોકથી કહેલું છે. કર્મ માર્ગ પ્રમાણે પણ નારદનો દોષ નથી. એમ જણાવવા બે સામાન્ય કર્મ જણાવનાર શ્લોકો કહેલા છે. (૧૧)

પછી સ્તુતિના અંતે જ્ઞાન અને ભક્તિનું નિરૂપણ કરેલું છે. કારણ કે પોતાનો અપરાધ નથી. આરંભ અને જવાનો એ બે શ્લોક વડે સોળ રૂપવાળાનું નિરૂપણ કરેલ છે. (૧૨)

પ્રથમ મૂળરૂપનું નિરૂપણ કરતાં નીચેના શ્લોકથી ભગવાનનું નવ પ્રકારે સંબોધન કરે છે.

१०·टी·३४ स्वतोप्यागमनं परमानंदरूपत्वात्संभवतीति तदाह॥कृष्णमिति॥रहसीति॥उभयोरहस्यत्वेप्येकांतेवागत्वाऽभ
७७८ योरपितथासामर्थ्यं संभवान्नानुपपत्तिः॥इदं स्वस्य माणं स्तोत्रं सर्वं कंनिवेदनात्मकत्वं अभाषत्तो स्वापराधनिष्ट
त्त्यर्थं त्रिभिः स्तोत्रं चकारेत्यह॥मूलरूपं तु संबोध्यमध्य कार्यं निरूपितं॥ततोवतारकार्यस्य निरूपणमतः कृ
तं॥अनुमोदकरिष्यन्नः पंचभिस्तदुहीरितं॥सामान्येन कृतं द्वे चाद्वाभ्यां स्वेनतयान्यतः॥ज्ञानभक्तिविभे
देन स्वरूपं च निरूपितं॥आनंदचित्सतां रूपं ज्ञाने भक्ताविहोद्गतिः॥कार्यार्थमवतीर्णत्वात्भक्तिमार्गेण

कृष्ण कृष्णाप्रमेयात्मन्योगेशजगदीश्वर॥वासुदेवाखिलावाससात्वतांप्रवरप्रभो ११

दूषणं॥कृतं तु भगवानेवेत्येवं सप्तभिरीर्यते॥कर्ममार्गप्रदेशाय सामान्यद्वयमीर्यते॥ततो ज्ञानभक्तीवस्था
पराधीयते न हि॥उपक्रमगतिभ्यां षोडशात्मा निरूपितः॥प्रथमं भगवंतं नवधा संबोधयति॥कृष्ण कृष्णे राम
ति॥मूलरूपं निरूपयन्॥कृष्णेति सदानंदो मूलं अन्यथा जगतः सदात्मत्वं फलरूपता वन स्यात्॥ततः प्रमाण ७७८
द्वयमाह॥तु भावाविदं चाग्रिमाभ्यां॥पुनः कृष्णेति द्विरुक्तिरादरे परमानंद एव आदरणीयो भवतीति॥यद्यपी

दमित्थं तया नानुभूयते तथापि वस्तुस्वाभाव्यात् तत्रादरस्तूत्पद्यते॥अज्ञादरः तत्पद्यते॥अज्ञातार्थं प्रमाणं वदन् वेदा
नागम्य इति तदर्थं वेदोत्पत्तिरिति॥द्वितीयं प्रमाणमाह॥अप्रमेयात्मन्निति॥न प्रमातुं योग्यः केनाप्यात्मा यस्य
।सर्वथा प्रमा प्रमाणाभावे नास्तीति न मंतव्यं आत्मत्वात्॥अतो भगवतैव स्वरूपकथनं वोपपद्यते॥एवं द्वा
भ्यां प्रमाणरूपतां निरूपयति द्वाभ्यां॥गोपीश जगदीश्वरेति॥वहिर्योगः अत्सीश्वरत्वेन नियमनं तत्सर्थं सा
धनानां यथा संभोगे व प्रेरयतीति॥ईश्वरत्वाद्भावत्स्वं से व्यइति॥फलरूपत्वमाह द्वयेन॥वासुदेवाखिलावासे
ति॥वासुदेवो मोक्षदाता॥अखिलावासेति तस्य दाने परिज्ञानं भोक्तृरूपश्च सः भोग्यरूपश्चेति॥फलत्वं च संप
द्यते॥प्रमेयत्वेन निरूपयन् भगवत्सिद्ध मेव प्रमेयमिति ज्ञापयितुं द्वयमाह॥सात्वतां प्रवर प्रकर्षेण दृश्यत इति
प्रवरः प्रकृष्टो वा वरः भक्ताः सात्वताः यो व्रियते स एव प्रमेयमिति यश्च परिपालयितुं शक्तः स एव पतिः॥एवमु
पास्योपासकयोः निरूपको धर्मो निरूपितः ११

શ્લોકાર્થ :- ૧૧

હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે જાણી ન શકાય એવા રૂપવાળા, એ યોગીના ઈશ, હે જગતના ઈશ ! હે વાસુદેવ, હે જગતમાં રહેનારા, હે વૈષ્ણવોના પ્રવર, હે પ્રભો ! (૧૧)

VIBRANT PUSHTI VADODARA

ભાવાર્થ; સુબોધિનીજી :-૧૧

સદાનંદ મૂલરૂપ છે એમ જણાવવા હે કૃષ્ણ ! એવું સંબાંધન કરેલું છે. સદાનંદ મૂળરૂપ ન હોય તો જગત ફલરૂપ અને તદ્રુપ ન હોત. સદાનંદ મૂલ રૂપ છે એ માટે વેદ અને અનુભવ એમ બે પ્રમાણો કહે છે.

આદરને લીધે ફરીથી હે કૃષ્ણ એમ બે વાર કહેલ છે. કારણ કે પરમાનંદ આદરકરવા યોગ્ય છે. જોકે આ આવુ છે એમ ભગવાનનો અનુભવ થતો નથી. તો પણ વસ્તુના સ્વભાવને લીધે ભગવાનમાં આદર ઉત્પન્ન થાય છે.

આ વિષયમાં પ્રમાણ કહેતાં ભગવાન વેદોથી જાણાય છે તેથી તે માટે ભગવાનને જાણવા માટે વેદોની ઉત્પત્તિ થએલી હોવાથી તે જાણી ન શકાય એવા સ્વરૂપવાળા એમ બીજું પ્રમાણ કહે છે. જાણવાનું યોગ્ય નથી. કોઈથી પણ જેમનું સ્વરૂપ આપ છો. કોઈપણરીતે ભગવાનના સ્વરૂપ સંબંધી પ્રમાણ ન મળવાથી ભગવાન નથી એમ ન માનવું. કારણ કે ભગવાન આત્મા છો. તેજ ભગવાન પોતાનું સ્વરૂપ કહે, જાણાવે તે યોગ્ય છે.

એવી રીતે બે સંબોધનથી પ્રમાણરૂપનું નિરૂપણ કરી તે યોગીઓના ઈશ, હે જગતના ઈશ્વર એમ બે સંબોધનથી સાધનરૂપ ભગવાનનું નિરૂપણ કરેલ છે. બહારથી યોગ થાય અને અંદરથી ઈશ્વર તરીકે વશ રાખવું એટલે જેમ કે સારી રીતે પ્રેરણા કરે તે માટે અથવા ઈશ્વર હોવાથી અવશ્ય સેવા કરવા યોગ્ય છે. તે માટે તેમની આરાધના કરવી.

હે વાસુદેવ ! હે સર્વમાં રહેનારા ! એમ બે સંબોધનથી ફલરૂપ ભગવાનનું નિરૂપણ કરે છે. વાસુદેવ મોક્ષ આપનાર છે. હે સર્વમાં રહેનાર એ સંબોધનથી તેમને દાન કરવામાં સંપૂર્ણ જ્ઞાન છે. તે ભોક્તા છે અને ભોગ્ય પણ છે તેથી ફલરૂપ થાય છે.

ભગવાનના પ્રમેયરૂપનું નિરૂપણ કરતાં ભગવાન સિદ્ધાંત મુજબ મુકરર થએલ પ્રમેય હોય એમ જાણાવવા બે સંબોધન કરે છે. હે વૈષ્ણવોના પ્રવર ! ઘણો જ પ્રેમ કરવામાં આવે. પ્રવર એટલે ઉત્તમ વેર પતિ તે પ્રવર. જેના ઉપર વૈષ્ણવો પ્રેમ રાખે છે તે જ પ્રમેય છે એમ કહેલું છે. અને જે સંપૂણરીતે પાલન કરવા સમર્થ છે તે પતિ છે એ પ્રમાણે જેની ઉપાસના કરવામાં આવે છે તેનું નિરૂપણ કરનારો ધર્મ ગુણ કહ્યો .(૧૧)

એ પ્રમાણે નવ પ્રકારે મૂલ રૂપનું નિરૂપણ કરી પોતાનો દોષ ન જાણાય તે માટે ભગવાન સર્વરૂપ છે તે જાણાવે છે .

VIBRANT PUSHTI * VADODARA *

रा.री.३४ एवंनवधाभूलरूपंनिरूप्यस्वदोषपरिहारार्थंभगवतःसर्वात्मकत्वंनिरूपयति॥त्वमेति॥जीवाअप्यात्मनो
७७९ भवंतीतितद्व्यावृत्त्यर्थंएकएवत्वंसर्वभूतानामात्मेतिजीवाप्रत्येकमात्मनःअयमात्मशब्दःब्रह्मवाची
ब्रह्मवाचीपरमात्मपरःयोगशास्त्रेविभूतिपरः।भगवच्छास्त्रेआत्मनामात्माअधिदैविकैर्वसाख्येतुनजी

त्वमात्मासर्वभूतानामेकोज्योतिरिवैधसां॥गूढोगुहाशयःसाक्षीमहापुरुषईश्वरः १२

वब्रह्मविभागः।पुरुषेश्वरयोरन्येत्यत्रनिषिद्धत्वात्।तत्तदर्थंपिपन्नेषुभगवतोनविलक्षणत्वंप्रतीतिस्तद्व्याख्यारिवि राम
धयइति॥तत्रदृष्टांतमाह॥ज्योतिरिवैधसामिति॥सर्वेषामेवकाष्ठानांमध्येज्योतिरग्निरेकएववर्त्ततरप्रती ७७९
तिस्तौपाधिकीसंबंधोनिरूपितः॥नतुतत्तेवाधिकरणत्वं।आननकाष्ठमग्निरेवकाष्ठवापरमग्नेर्लयप्रति

वंधिकातस्मिन्दग्धस्वतएववह्निस्तिष्ठतीति।अतएवगूढःविद्यमानमपिनकोपिजानाति।अग्नेस्वरूपमुभय
थाप्राप्नोतिभ्रान्त्वशाद्धात्याभावाद्वाउपाधिरूभयस्यापिप्रतिवंधकःयथानदहतितथानशाम्यति॥तथा
संघातेजगतिविद्यमानेआत्मानस्वरूपंप्राप्नोति।नसाधनैर्नोपिवाधकैःएतदर्थमेवमुक्तवान्‌अस्मात्तत्र
मथनंवत्प्रमाणमाह॥गुहाशयइति॥गुहायामाशेतेति।अन्यथासर्वप्रकाशोनस्यात्॥किंचसाक्षीस
र्वकर्माणिपश्यतिअन्यथाअयमेतत्सर्वंदृष्टेति।अन्यथाफलभागोपिनस्यात्।इत्यपिनिरूपितं।जीवव्यावृ
त्त्यर्थमाह॥महापुरुषइति॥सातुभावःपुरुषोमहापुरुषःअतुभवश्चपरमकाष्ठामापन्नःतत्तदर्थंपिपन्नेषुभ
गवद्धर्मएव १२

શ્લોકાર્થ :-૧૨

જેમ કાષ્ઠોમાં અગ્નિ છે તે આપ સર્વ પ્રાણીઓના આત્મા છો. છુપા હૃદયમાં રહેનાર સાક્ષી મહાપુરૂષ ઈશ્વર છો. (૧૨)

VIBRANT PUSHTI * VADODARA *

ભાવાર્થ; સુબોધિનીજી :-૧૨

જીવો પણ આત્માઓ હોય છે તેથી તે આપ જીવ નથી એમ જણાવવા આપ સર્વ પ્રાણીઓના એક જ આત્મા છો એમ કહેલું છે. જીવો એકેએક પ્રાણીના આત્મા હોય છે. આ આત્મા શબ્દનો અર્થ બ્રહ્મવાદમાં પરમાત્મા થાય છે. યોગ શાસ્ત્રમાં વિભૂતિ થાય છે. ભગવત શાસ્ત્રમાં ગંગા દેવી પેઠે આત્માઓમાં આત્માં આધિદૈવિક થાય છે. સાંખ્યમાં જીવ અને બ્રહ્મ એનો ભેદ જ નથી.

કારણ કે અહી પુરૂષ અને ઈશ્વરનો જરા પણ ભેદ નથી. ચાર પક્ષોમાં ભગવાનનું જુદાપણું નથી. જુદાં જુદા પ્રાણીઓમાં રહેલા ભગવાન જુદાજુદા છે એવું નથી. જુદા દેખાવું તે ઉપાધીનો લીધે છે. આ વિષયોનું દૃષ્ટાંત જેમ કાષ્ઠોમાં અગ્નિ છે શબ્દોથી કહેલું છે. બધાય કાષ્ઠોની અંદર જ્યોતિ એટલે અગ્નિ એક જ છે. પણ જુદા જુદા રંગો દેખાય છે તે તો ઉપાધિને લીધે દેખાય છે. તે સંબંધવાળો કહેલો છે પણ આધાર કહેલો નથી. એથી એમ કહ્યું છે કે કાષ્ઠ અગ્નિ ના લયને શેકનારૂં છે. કારણ કે કાષ્ઠપણુ બળે ત્યારે અગ્નિ પોતાનાં સ્વરૂપમાં રહે છે તેથી તે છૂપો છે. હયાત હોવા છતાં કોઈપણ તેને જાણતું નથી.

શત્રુને લીધે અથવા બળવાનું કાંઈ નહિ હોવાથી ઉભય પ્રકારે તે અગ્નિનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. ઉપાધીએ કાષ્ઠપણુ છે તે અટકાવી દેનાર છે. તેથી જેમ કાષ્ઠમાં રહેલ બાળતો નથી પણ શાંત પણ રહેતો નથી. એવી રીતે જુદાંજુદા સમૂહરૂપ જગત હોય ત્યાંસુધી આત્મા પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરતો નથી. પ્રાપ્ત કરવાના સાધનોથી અથવા અડચણોથી પણ આત્મા સ્વરૂપને પ્રાપ્ત થતો નથી.

તે માટે નારદે આ પ્રમાણે કહ્યું છે. હૃદયમાં રહેનાર શબ્દથી ઘર્ષણ જેવું પ્રમાણ કહે છે. હૃદયમાં રહેનાર છો એમ ન હોય તો સર્વનો પ્રકાશ ના થાય. આપ સાક્ષી છો. સર્વ કર્મને જાણો છો. તેમ ન હોય તો આ હું સર્વનો જોનાર છું એવું ભાન ન થાય. અને ફળનો ભોગ પણ ન થાય એમ જણાવેલું છે.

આપ જીવ નથી એ માટે મહાપુરૂષ શબ્દ યોજેલ છે. પ્રભાવવાળો પુરૂષ તે મહાપુરૂષ અને ચારે પક્ષો પ્રમાણે ઉત્તમ સ્થિતિને પહોંચેલો પ્રભાવ ભગવાનનો ધર્મ કહ્યો. વળી આપ ઈશ્વર છો એટલે સર્વને વશ રાખનાર છો. અને વશ રહેનાર જીવો છે. કારણ કે આપ વ્યવસ્થા આજ્ઞા કરો છો. તે પ્રમાણે તે કરે છે. તેથી આપ જીવોનું સ્વરૂપ આત્મા હોવાથી અને તેઓને પ્રેરણા કરનાર હોવાથી સામાન્ય ધોરણે મારો દોષ નથી. વળી ઉત્પતિનો વિચાર કરતાં પણ આપે જીવોને જુદીજુદી રીતે સર્જેલા છે. તેથી કંસનો કે મારો દોષ નથી. (૧૨)

तदा भगवतामारितइत्याह।।तमापतंतमिति।।उपरि स्थितं तमरिष्टं शृंगयोर्धृत्वा तस्य बलं निवृत्य यथा बलहीनो भवति तथा कृत्वा पश्चाद् भूमौ पातयित्वा पादेनाक्रम्य यथार्द्रं वस्त्रं निःपीड्यते तथा निःपीडयामास।।तथा [illegible] भवेति रोमकूपद्वारा रुधिरं निःसारितवानित्यर्थः दृष्टांतमाह।।यथार्द्रमंबरमिति।।तदपि हस्तेन निःपिडितं [illegible] सर्वं जलं स्रवति।।तथा रज्जकादिभिः काष्ठखंडैर्निःपीडितं तदाह।।विषाणेनहत्वेति।।विपरी

तमापतंतं स निगृह्य शृंगयोः पदा समाक्रम्य निपात्य भूतले निःपीड
यामास यथार्द्रमंबरं कृत्वा विषाणेन जघ्नान सोपतत्‌ १३

ततनिर्दिश[illegible] संबंधार्थः विषाणेन च तं जघ्नान येनैव मारणार्थं स सज्जः तेनैव स मारित इति पेयथा मांसं पघृत इत्यर्थः [illegible] भवति।।विषाणद्वयमेकं वा तद् उदरे निवेशितवानित्यर्थः।।ततः स अपतत् तदुनरुत्थानप्रयत्नेन कृतवानित्यर्थः १३

શ્લોકાર્થ :-૧૩

પોતાના જ આશ્રયવાળા આપે પહેલાં પોતાની માયા વડે ગુણોને ઉત્પન્ન કર્યા. સત્ય સંકલ્પવાળા આપ ઈશ્વર આ જગત રચો છો. તેનું ભક્ષણ કરો છો અને પાલન કરો છો. (૧૩)

VIBRANT PUSHTI * VADODARA *

ભાવાર્થ; સુબોધિનીજી :-૧૩

આપ કર્તા છો. પોતાના જ આશ્રયવાળા છો. એટલે આપનો આધાર આપ જ છો. જ્યારે સ્વરૂપમાં આપ રહેલા છો. ત્યારે આપ જ કરણ છો. પોતાની માયા વડે શબ્દોથી જાણાવ્યું છે કે આપણું સર્વ થવાનું સામર્થ્ય પણ આત્મા તે આપ જ છો. કેટલાક કહે છે કે પોતાની માયા વડે ગુણોને ઉત્પન્ન કર્યા છે. અથવા લોકોને જુદી રીતે જ્ઞાન થાય તે માટે માયાવડે ગુણોને ઉત્પન્ન કર્યા છે. સત્વ, રજ અને તમ અનુક્રમે સત ચિત્ત અને આનંદમાંથી જ આપે ઉત્પન્ન કર્યા છે. પણ લોકાને એવી દઢ માન્યતા છે કે એ ગુણો પ્રકૃતિ છે. જો તેમ ન હોય પરંતુ પ્રકૃતિ હોય તો ભગવાનની સ્વતંત્રતા નહિ રહેવાથી ભગવાન કર્તા જ ન હોય. ભગવાન સ્વતંત્ર હોય તો પણ ભગવાન અને પ્રકૃતિ બંનેની સ્વતંત્રા સંભવતી નહી હોવાથી પ્રકૃતિને ભગવાને આધિન માનવી જોઈએ. તેથી પોતાથી જ ગુણો ઉત્પન્ન કરતાં માયાને પણ કરણ તરીકે સ્વીકારી છે. ગુણોનું ઉપાદાન કારણ અને સ્વરૂપ આત્મા આપ જ છો. કારણ કે લોકોમાં ખોટું જ્ઞાન થાય તે માટે ભગવદરૂપ ભગવાનની શક્તિ માયાનો આપ ઉપયોગ કરો છો. પછી તે ગુણોથી આ સર્વ જગત આપ રચો છો. તેનું ભક્ષણ અને પાલન કરો છો. ભગવાન કયા પ્રયોજનથી આમ કરે છે? એવી શંકા થાય એટલે ઈશ્વર શબ્દ યોજેલ છે. કારણ કે ઈશ્વરની ઈચ્છાનું નિયમન કરી શકાતું નથી. ઈશ્વરની ઈચ્છા જાણી શકાતી નથી. તેમ ન હોય તો જીવના વિચાર પ્રમાણે ઈશ્વરનું પ્રયોજન નહી હોવાથી લીલામાં પણ પ્રયોજન સંભવતું નથી. તેથી ઐશ્વર્ય જ વ્યવસ્થા કરનારુ છે. આપે જગત રચ્યું હોવાથી અને ત્રણેય ગુણોથી રચેલ હોવાથી ભવિષ્યનો કાર્યનો વિચાર કરેલ હોવાથી કોઈનો પણ દોષ નથી.

ભગવાનમાંથી સાક્ષાત બધુ ઉત્પન્ન થાય છે એવો પક્ષ ચાલુ વિષયમાં સંભવતો નથી. કારણ કે ભેદને મુકકરર કરનારું કોઈ નહી હોવાથી નારદનો અપરાધ રહે જ. અને નારદને કંસને બોધ આપવાનો કાર્ય વ્યર્થ થાય. તેથી બીજા પક્ષનો આશ્રર્ય લીધો છે.

આ વિષયનો કંસને બોધ કર્યો તેનું પ્રયોજન કહેતાં આ માટે જ આપે અવતાર લીધો હોવાથી સેવકો પણ તેને અનુકુળ હોય તે જ કરવું જોઈએ. તેથી મારો અપરાધ નથી. (૧૩)

सेवकैरपि तद्वदुपायमेव कर्त्तव्यमिति न ममापराध इति वक्तुमाह॥ सत्वमिति॥ भूधरा राजानः। ते भूभारकाः एव भू-
पालकत्वेन जाताः। वस्तुतो दैत्याः। तेषु सात्विकाः प्रमथाः। राजसा रक्षांसि तामसानि। एते त्रयोपि सर्वनाश-
काः। नहि नाशकेभ्यः पालनं संभवति। अतः केवलं पर्वते भूताः भाराय जाताः। तेषां नाशाय अवतीर्णो भगवान्। तेन
भूमेर्भारो गच्छति। साधवश्च परिपालनीयाः। अराजके राज्ये साधूनां परिपालनं न संभवति। अरक्ष्यमाणाः सर्व एव

सत्वं भूधरभूतानां दैत्यप्रमथरक्षसां अवतीर्णो विनाशाय साधूनां रक्षणाय च १४

साधवश्च भवंति। अतः प्रकारांतरेण दैत्यवधोपि न कार्यं सिध्यति। सर्वेषां वधे प्रलय एव स्यात्। अतो राजानं विधा-
यैव दैत्या हंतव्याः। अतो भवान् स्वयमवतीर्णः साधूनां रक्षार्थं च। चकारात् भक्त्यर्थं च। अतस्तद्वदुपायं सेवकैरपि
कर्त्तव्यमिति मयापि कर्त्तव्यमिति भावः १४

શ્લોકાર્થ :-૧૪

તે આપ ભૂધર બનેલા યક્ષો, પ્રમથો અને રાક્ષસોના વિનાશ માટે અને સાધુઓના રક્ષણ માટે અવતરેલા છો.(૧૪)

ભાવાર્થ; સુબોધિનીજી :-૧૪

ભૂધર એટલે રાજાઓ. તેઓ ભૂમીના ભારરૂપ છે. ભૂમીનું પાલન કરનારા તરીકે જન્મેલા છે. પણ ખરીરીતે દૈત્યો છે. તેઓમાં પ્રમર્થો સાત્વીક છે. યક્ષો રાજસ છે અને રાક્ષસો તામસ છે. એ ત્રણેવ સર્વનો નાશ કરનારા છે. તેઓથી પાલન થવું અસંભવ છે. માટે તેઓ ભાર કરવા જન્મેલા છે. ભગવાન તેઓનો નાશ કરવા અવતર્યા છે. તેથી ભૂમીનો ભાર દૂર થાય છે.

વળી સાધુઓનું રક્ષણ કરવું જોઈએ. રાજા વગરના રાજ્યમાં સાધુઓનું રક્ષણ થાય નહી અને બીજા પણ દુષ્ટ હોવાથી બીજી રીતે વધ કરવાથી પણ કાર્ય પાર પડતું નથી. બધાનો વધ કરવામાં આવે તો પ્રલય થાય. તેથી રાજા બનાવીને જ દૈત્યોને

હણવા જોઈએ. ભગવાન તેથી રાજા બનાવીને દૈત્યોને હણવા માટે અને સાધુઓનું રક્ષણ કરવા માટે અવતરેલા છે. ચ અને શબ્દથી એમ જણાવ્યું છે. ભક્તિ આપવા માટે પણ ભગવાન અવતરેલ છે. તેથી ભગવાનના અવતારનું પ્રયોજન પ્રયોજનનું અનુકુળ હોય તેમ સેવકોએ પણ કરવું જોઈએ. તેથી મારે પણ તેવું કાર્ય કરવું જોઈએ એવો ભાવ છે.

ह॰री॰३४ ७८१
एतन्निदर्शनं वदन् भगवता सोपपत्तं कृतमत्तमो दत्ति॥ दिष्ट्येति॥ त्वयाऽयं महान् नितरां हतः॥ हयइत्याकृतिमात्रं वस्तुतो दैत्यः॥ लीलयेति॥ स्वयं पीडां विनाऽप्रवृत्ता अन्यथापीडायामपि सेवकस्यापराध एव स्यात् अतएव दिष्ट्या मम महद्भाग्यं नन्वत्तछो अनायासेनैव मार्यते किमाश्चर्यमित्याशंक्याह॥ यस्येति॥ हेषितेन संत्रस्ताः अनिमिषा अपि दिवं त्यजन्ति। ज्ञानशक्तिः स्थिरा अनिमिषामपि भयेन तन्नाशो निरूप्यते॥ किंच॥ निमिषोपि येषां

दिष्ट्या ते निहतो दैत्यो लीलयायं हयाकृतिः॥ यस्य हेषितसंत्रस्तास्त्यजन्त्यनिमिषा दिवं १५

नास्ति तेषां स्वर्गीदिकमसंभावितमिति भयं सर्वथा अयुक्तं तेषामपि हेषितमात्रेण भयं जनयति तदपि भयं महत्कार्यं करोतीत्याह॥ दिवमपि त्यजन्तीति॥ अतआयासः कृत्स्नो भवेत् स न कृत इति महद्भाग्यं अन्यदग्रे भविष्यतीति तदहं सर्वज्ञत्वात् मीति भयामस्त्व रखार्थमेवैतत्कृतमिति ❀ राम ७८१

શ્લોકાર્થ :- ૧૫

જેના હણાહણાટથી ભય પામેલા દેવો સ્વર્ગને ત્યજીને જતા હતા. તેવા અશ્વની આકૃતિવાળા દૈત્યને આપે સહેલાઈથી હણ્યો એ મારૂ મોટું ભાગ્ય છે. (૧૫)

ભાવાર્થ; સુબોધિનીજી :- ૧૫

આપે આ મોટા દૈત્યનો સંપૂર્ણરીતે નાશ કર્યો. અશ્વ એતો માત્ર આકૃતિ છે. વાસ્તવિક રીતે તે દૈત્ય છે. સહેલાઈથી

પોતે દુઃખ પામ્યા વગર આપે સહેલાઈથી હણ્યો એ મારું મોટું ભાગ્ય છે. તુચ્છને પ્રયાસ વગર હણાય. એમાં આશ્ચર્ય શું? એવી શંકા થાય. તેના ઉત્તરમાં હણહણાટથી ભય પામેલા દેવો સ્વર્ગને ત્યજીને જતાં હતાં. તેઓ તે અશ્વ દૈત્ય હતો. દેવોની જ્ઞાન શક્તિ સ્થીર હોય છે. આંખો ખુલ્લી રહે છે. પાંપણો મિચાતી નથી. તેવાને પણ ભય થતાં તેમની જ્ઞાન શક્તિનો નાશ થયો જણાય છે. સ્વર્ગને પણ ત્યજી જતાં હતાં. એ શબ્દોથી એમ કહેલું છે કે તે ભય પણ ભારે કરતો હતો. એથી પ્રયાસ કરવો પડે. તે ન કર્યો એ મોટું ભાગ્ય છે. (૧૫)

બીજું પણ કાર્ય ભવિષ્યમાં થશે અને હું સર્વ જોઈશ. મે મારાં સુખને ખાતર જ આ કંસને બોધ આપવાનું કાર્ય કર્યું છે. અને ભવિષ્યના કાર્યો જોવાની તીવ્ર ઈચ્છા પ્રગટ કરતાં પોતાનાં જ દોષને જણાવતાં હવે કહે છે.

स्वोत्सवकार्यं प्रकटयन् स्वस्यापि दोषं स्वयमेव निवेदयन्नाह ॥ चाणूरमिति ॥ योगजधर्मज्ञानं न सर्वात्मना सर्वं विषयीकरोतीति ज्ञापनार्थं सुतक्रमेण वर्ण्यते । अन्यदप्याह ॥ हस्तिपः प्रथमं हतः । खगः पश्चात् प्रथमं च स्वसमंतक ःततोपि सर्वं हतं उग्रोपादानं । मुष्टिकचाणूरयोः प्रधानत्वात् कीर्तनं । बलभद्रेणापि मारितो योगजधर्मात् भगवदावेशाच्च भगवत्कृतमेवेति ज्ञायते । निहतं द्रक्ष्ये इति चकारार्थः ॥ अद्य संध्यायामक्रूरः समायास्यति श्वो गत

चाणूरं मुष्टिकं चैव मल्लानन्यांश्च हस्तिनं । कंसं च निहतं द्रक्ष्ये परश्वोऽहनि ते विभो ॥ १६

वा मथुरायां परश्वोऽहनि गा इति । तदप्यहन्येव न तु रात्रिपर्यंतमपि विलंबः । अल्पज्ञानमेतत् [illegible] मल्लाः शालाः इयः अन्येच मथुरक्षकाः चकारात् कंसभ्रातरश्च । नारदत्वात् समनोरथः ॥ विभो इति संबोधनं सर्वं यातयामं भविष्यतीति निश्चयार्थः १६

શ્લોકાર્થ :-૧૬

હે ઈશ્વર ! પરમ દિવસે ચાણુર અને મુષ્ટિકને અને બીજા મલ્લોને અને હાથીને અને કંસને હણેલા હું જોઈશ. (૧૬)

ભાવાર્થ; સુબોધિનીજી :-૧૬

યોગથી ઉત્પન્ન થયેલા ધર્મથી સર્વ પદાર્થોનું સંપૂર્ણરીતે જ્ઞાન થતું નથી. ખોટાં કર્મથી નારદ અહીં વર્ણન કરે છે. નહીં તો હાથી હાંકનાર અંબષ્ટ અને ચાણુર પહેલા હણેલ છે. નૃગનો પછી ઉદ્ધાર કરેલ છે તે પહેલા સ્યમન્તક મણી લાવ્યા છે અને ગુરૂના મૃત પુત્રને લાવ્યા આપેલ છે. છતાં એ આ કાર્યો ઊંધા ક્રમે જણાવે છે. મુષ્ટિક અને ચાણુર મુખ્ય હોવાથી તેના નામો આપેલા છે. મુષ્ટિકને બલભદ્રે હણ્યો હતો. છતાંય યોગથી ધર્મને લીધે નારદને જ્ઞાન થતું હોવાથી બલભદ્રમાં ભગવાનનો આવેશ હોવાથી ભગવાન જ તેનો વધ કરશે એમ નારદ જાણે છે. આજે જે દિવસે નારદ સ્તૃતી કરે છે. તે સાંજે અકુર આવશે. કાલે મથુરાં જવાનું થશે. અને પરમ દિવસે મલ્લો સાથે હાથી અને કંસને હણવાના છે. તે પણ દિવસે જ હણવાના છે. અને રાત્રી સુધી વિલંબ કરવાનો નથી. આ સમયનું ચિહ્ન છે. બીજું ધનુષ્યનું રક્ષણ કરનારાઓને પણ પહેલા હણવાના છે. નારદ નરનો ધર્મ નાર તેને દદાતી આપે છે. તે નારદ તે મનોરથવાળો છે એ જણાવવા હે ઈશ્વર ! એવું સંબોધન કરેલું છે. (૧૬)

ह·री·३४
७८२

नकेवलंकंसंहत्वानिवृत्तोभविष्यसिकिंत्वन्यानपिमारयिष्यसीतितानगणयति॥तस्यकंसस्यवधमनुशंख
:पंचजनःयवनःकालयवनःमुरोनरकमित्रंएतेषांवधंद्रक्ष्यामीतिसंबंधः॥एतेत्रयःसात्विकराजसतामसभेदाः॥
नरकस्यचतथावधंद्रक्ष्यामीतिसंबंधः॥अयंभगवतस्तुचौविशिष्टइतिविषयमंनिरूपितः॥चकारादन्येपितसेवका

तस्यानुशंखयवनमुराणांनरकस्यच॥पारिजातापहरणमिंद्रस्यचपराजयं १७

:पीठादयः॥ततोवधंपश्चिपज्यकेवलंजयंवक्तुंनिमित्तफलान्याह॥पारिजातस्यहरणंनिमित्तंइंद्रस्यपरायः १७

राम
७८२

શ્લોકાર્થ :-૧૭

તે પછી શંખ,યવન, મૂર, નરક ને આપથી હણાયેલાં જોઈશ. પારિજાતનું હરણ અને ઈન્દ્રનો પરાજય હું જોઈશ.. (૧૭)

ભાવાર્થ; સુબોધિનીજી :-૧૭

માત્ર કંસને હણીને આપ અટકવાના નથી. પરંતુ બીજાઓને પણ હણવાના છે. કંસના વધની પછી શંખ એટલે પંચજન્ય યવન એટલે કાલ યવનઅને નરકનો મિત્ર મૂર એમણો વધ હું જોઈશ. આ ત્રણ સાત્વીક અને રાજસ અને તામસ વિભાગો છે. નરક ભગવાનનો પુત્ર છે. તેથી મુખ્ય રીતે "ચ" વડે જણાવે છે. પછી વધની વાત મૂકી દઈ જયની વાત કરે છે. પારિજાતનું હરણ એ નિમિત્ત છે. ઈંદ્રનો પરાજય એ ફલ છે. (૧૭)

वीरकन्यानामुद्वाहःविवाहःफलं।ननुगृहीतानांकथंविवाहउचितइतिचेत्तत्राह।।वीर्यशुल्कएवअत्र।आदिर्यस्यमन स्नोषादिःगांधर्वोहिर्वातरेवलक्षणमसाधारणोधर्मोयस्योद्वाहस्यविवाहवीर्यमेवप्रयोजकंमूल्यक्रीतेयथा नकाचिच्चिंतास्वर्वपणपगतंसुवीतिवाक्यात्।तथापिवीर्यशुल्कमपिक्षत्रियकन्यानामेवोचितं।ननुयस्यक

उद्वाहंवीरकन्यानांवीर्यशुल्कादिलक्षणं।।नृगस्यमोक्षणंशापात्द्वारकायांजगत्पते १८

स्यचित्तत्राह।।वीराणामेवयाःकन्यास्तासामेवप्रयोजकंचेत्ततदानृगस्यदानात्नकिंचित्सिद्धमितिपापात्ब्राह्मणगोहरणात्कृकलासरूपद्वारकायामितितस्योद्धारेभक्तत्वेवहेतुः।ननुब्राह्मणमहत्वंभवतितत्कथमुद्धारइतिचेत्तत्राह।।जगत्पतइति।सएवपतिर्नियामकः १८

શ્લોકાર્થ :-૧૮

હે જગતના પતિ ! વિર્યરૂપી મૂલ્ય જેનું લક્ષણ છે. તેવા વીરની કન્યાઓ સાથે આપણો વિવાહ અને દ્વારકામાં

નૃગને પાપમાંથી આપે કરેલી મૂક્તિ હું જોઈશ. (૧૮)

ભાવાર્થ; સુબોધિનીજી :-૧૮

પછી સારા કપોલવાળુ એટલે રસનો અનુભવ કરવા યોગ્ય છે. ઊંચી નાસીકા છે. જેમાં તેવું હોવાથી રસથી ભરેલું હોવાથી સંપૂર્ણ રીતે પીલેલારૂપવાળું જ છે. મંદ હાસ્ય શોકને દૂર કરનારૂં છે. થોડા હાસ્યથી અહીં ભગવાનના મુખમાં સુંદરતામાંજ સમાપ્તિ છે.

આવું સદા દર્શન કરવા યોગ્ય મુખ છે. ક્ષણ માત્ર દર્શન કરાવવાનું જ છે. તેવું ભગવાનનું મુખારવિંદ પોતાની મેળે અદશ્ય ન થાય. પરંતુ તુ અસ્પષ્ટને પણ સ્પષ્ટ કરે છે. તારૂં કૃત્ય સારૂં છે.

પરંતુ ભગવાનના મુખારવિંદને અદશ્ય કરવાનું તો દુષ્ટ છે. તેથી તને ઈચ્છેલું ફલ પ્રાપ્ત થશે નહિ. તેથી જ ભગવાન બ્રહ્મલોકના માર્ગે પધારી ગયા ન હતા. (૨૦)

અકુર જ ભગવાનને લઈ જાય છે. તો પછી મને તમે આમ ઠપકો કેમ આપો છો ? એવી શંકામાં હવે કહે છે.

अतएवभगवान्नब्रह्मलोकमार्गेणगतः।नत्वक्रूरएवनयतिभगवंतमितिपूर्वउपालभ्यतइतिचेत्तत्राह॥क्रूरस्त्व मिति॥नहित्वयासमानीतःत्वदाकयेनसमागसमगतः॥अक्रूरेणानेतुंशक्यः॥अतस्त्वमेवभगवन्नयनात्क्रू रात्मापिसन्अक्रूरोहमितिविपरीतंनामदत्त्वाभद्रामंगलवारदत्तः।अन्यथाप्रवेशोनविघ्नतीति।लोकापवाद

क्रूरस्त्वमक्रूरसमाख्ययास्मनश्चक्षुर्हिदत्तंहरसेवताज्ञवत्॥येनैकदेशेऽखि
लसर्गसौष्ठवंतरीयमद्राक्ष्मवपंमधुद्विषः २२ ॥ ॥

याद्वत्पर्यंतेनरूपेणहरसे।नन्नुचक्षुरितिअज्ञात्वाभगवांश्चक्षुःप्रचक्षुः।उक्तास्थायमर्थः।प्रामाणिकत्वात्।दत्तं नश्चक्षुर्नेसर्वजनीनंकिंतुत्वयैवास्मभ्यंविशेषाकारेणदत्तं।नहिदत्तंवचक्षुःदेवादिभिरपिहियते।अन्येनापहृतंपरंच पश्यंति।वतेतिखेदे।एतत्रभावेस्वतरामधत्वमेव।प्राकृतंतवचक्षुस्तएतत्स्यात्या।निवर्तितं।अतोत्पंतमपकारूपत्वा

१०३६
२४

नहर्तव्यमितिभावः॥ ननुयेषामेतत्कार्यंसमर्थास्तेनतत्करिष्यन्तितेचेत्फलंभोनिरर्थकएवेति॥ चेत्तत्राह॥ अक्रूरइति।
अत्रार्थेविमर्शकारित्वाभावात् द्विविकोबाधनीयइत्युपालभउचितइत्यर्थः॥ किंचातत्वाप्यनेनचक्षुषामहानुपकारः
सिद्ध्यतीत्याह॥ येनैकदेशइति॥ त्वयाहिसौन्दर्यंस्वष्टंकवित्वकाशनीयं॥ तत्सततदायेनसर्वस्यापिभगवदवये
वेएवभवति॥ तन्मूलकत्वादेवतस्यसौन्दर्यस्यविष्टभ्याहमिदंकृत्स्नमितिवाक्यात्॥ एकादेशएवजगत्ततत्राण्ये
कदेशेसौन्दर्यमिति॥ रूपग्रहणार्थमेवहिचक्षुषोनिर्माणंरूपंतत्वेचव्यवहारस्तेषांनामपिसिद्ध्यति॥ अतएवये
नचक्षुषश्चक्षुषातन्नैवाखिलसर्गसौष्ठवंवयमद्राक्ष्म॥ वयंचक्षुतिरूपाः अन्यथात्वत्कृतमप्रमाणिकमेव
स्यात्॥ मध्वद्विषइतितत्वाप्युपकारकर्ताभगवान्सौरमतेतत्त्वतिंवंशोपितवाउचितइत्यर्थः ॥ २१

राम
८२४

શ્લોકાર્થ :- ૨૧

અરે ! તુ ક્રુર જ અક્રુર નામથી અમને આપેલું ચક્ષુ જેનાથી અમે મધુના વૈરીના એક ભાગમાં તારી બધી સૃષ્ટિનું સૌદંય જોતાં હતાં. તે અજ્ઞાનીની પેઠે લઈ જાય છે.(૨૧)

ભાવાર્થ; સુબોધિનીજી :- ૨૧

જે ભગવાનને તું લાવેલ જે તારા વાકયથી ભૂતલ ઉપર પધાર્યા તેને અક્રુર લઈ જઈ શકે નહિ. તેથી ભગવાનને લઈ જતો હોવાથી ક્રુર અન્તઃકરણવાળો હોવા છતાં ગોકુલમાં પ્રવેશ થશે નહિ એમ માની ભદ્રનક્ષત્ર અને મંગલવારની પેઠે હું અક્રુર છું એવું ઉલ્ટુ નામ ધારણ કરી લોકમાં નિંદા ન થાય તે માટે તે અક્રુરના રૂપથી જ તું જ લઈ જાય છે. ચક્ષુના ચક્ષુ (કેનોપનિષદ ૧-૨) શ્રુતિ પ્રમાણે ભગવાન ચક્ષુના ચક્ષુ છે. તે શાસ્ત્રથી સાબિત છે.તે ચક્ષુ તેંજ અમને આપેલ છે. દેવો આપેલ ચક્ષુ પાછું લઈ લેતા નથી અને બીજાએ લીધેલું પાછું આપે છે. અરે ! શબ્દ એ જણાવવા યોજેલ છે. આ ભગવદરૂપ ચક્ષુ વગર અમે આંધળાં જ થઈશું. તારે તે લઈ જોઈએ નહિ. જેઓ જે કાર્ય કરવા તૈયાર થએલ છે. તેઓ તે કરશે જ તેથી

ઠપકો આપવો નકામો છે. એવી શંકા થાય તેથી અજ્ઞાનની પેઠે શબ્દ યોજેલ છે. આ વિષયમાં ચક્ષુ લઈ લેવામાં તે યોગ્ય વિચાર કરેલો નથી. તેથી તને વિવેક શીખવવું જોઈએ. એટલે ઠપકો આપવો યોગ્ય જ છે. આ ચક્ષુથી તારું મોટુ કામ સફલ થશે કારણે કે તેં જે સૌદર્ય રચ્યું છે તે તારે દેખાડવાનું છે.

આ સર્વ જગતને એક ભાગમાંધારણ કરીને હું રહ્યો છું (ભગવદગીતા ૧૦-૪૨) તે સૌદર્યનું મૂળ ભગવાન જ હોવાથી બધા લોકો તેને એક જ અવયવમાં જ જોઈ શકે. કારણ કે ભગવાનના એક ભાગમાં જગત રહેલું છે. રૂપ ગ્રહણ કરી શકાય તે માટે ચક્ષુ બનાવેલ છે. રૂપ તો અહીં ભગવાનમાં જ છે. વ્યવહાર તો આંધળાનો પણ થાય છે. તેથી જે ચક્ષુથી હમો નિરિક્ષણ કરતા હતા તે પણ તુ લઈ જાય છે. હમે ગોપીઓ શ્રુતિરૂપાઓ છીએ. મધુના વૈરી શબ્દથી જણાયું છે કે ભગવાન તારા ઉપર ઉપકાર કરનારા છે. તે વ્રજમાં રમણ કરે છે. તે રમણમાં વિધ્ન કરવું તે તારા માટે અયોગ્ય જ છે. એવો અર્થ છે. (૨૧)

એ પ્રમાણે બ્રહ્માને ઠપકો આપી, ભગવાન બ્રહ્માને ગણકારતા નથી એવી શંકામાં ભગવાનને ઠપકો આપે છે.

एवं ब्रह्मण उपालंभमुक्त्वा स्वतंत्रो भगवान् ब्रह्माणं न मन्यत इत्याशंक्य भगवत उपालंभमाहुः ॥ ननं नंदसूनुरिति चतुर्भिः ॥ यद्यपि भगवान् स्वमार्गानविक्षायस्व युक्तदासीन एव तिष्ठति । हरेः स्थितत्वात् किंचित्करोति न तु सर्वं यथा तथापि स्वपत्नि मार्गेण किंचित्कृतवान् नापि शास्त्रेन वा स्ताधनानि प्रमाणवाक्येपि । अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि इति प्रमेयबलमेवोक्तवान् । अन उपालम्भो न भवत्येव । किंचानंदसूनुः भक्तकृपया भक्तिमार्गेपि नंदस्य पुत्रो जातः ॥

॥ ननं नंदसूनुः क्षणभंगसौहृदः समीक्षते नः स्वकृतातुरा वत ॥ विहाय गेहान्
स्वजनान्सुतान्पतीन्तद्दास्यमद्धोपगता नवस्त्रियः २२ ॥

यन्नेतावद्भवति अप्रयोजके तन्नास्मास्तु मनोरथार्थमेव कथं न विलंबं करोतीति । अत एव स्वार्थेणान्याभिनिवेशो जात इत्याहुः ॥ क्षणभंगसौहृद इति । क्षणेनैव भंगो यस्य तादृशं सौहृदं यस्येति । अन्यथा विचारयेत् । अत एव न समीक्षते सम्यक्रूपं पश्यत्यपि न । न हि गतसौहृदा दृश्यन्ते । दृष्ट्वा इत्यत्र हेतुमाहुः ॥ स्वकृतातुरा इति ॥ स्वकृते भ-

॥०३६ गवर्थमेवातुराद्दीनाः वर्ततेतिखेदेः। कर्ममार्गेपिलौकिकेपिस्वष्टात्ताततुरेषुसमीक्षाक्रियते।ज्ञानमार्गेत्वस्त्री
८२५ त्मत्वेनैवनित्यप्रकाशइतिवहिराविर्भावात्तस्यपत्नीभगवतैवत्यक्तः स्वस्यस्वपत्यधिकारत्वमाङुः॥विहायेति॥सर्वधर्मान्परित्यज्येत्यर्थः॥श्रुहत्यागेनतद्धर्मत्यागउक्तःएववात्याश्चतावाः।आंतराश्चतथावात्यानोप
रित्यागएवआंतराणांतुदासार्थस्थापनमितिवाद्यानिगणयति॥स्वजनावाधवाःसुताःस्वस्माडुत्प
न्नाःएतयोनियामकाःवशिष्टवाद्याष्टकत्वात्स्वतंत्रत्वात्स्वस्वैवभोक्तृत्वाभिमानात्वआंतरत्वत्तेषां
दास्योपयोगःअतस्त्यक्तव्याएव।स्वदासस्यमित्येकशब्दार्थउक्तः॥नतुदेशादिसहितस्यतदप्युद्दासाज्ञा
तनतुनामादिद्वारा॥एवंतुपगतानपिनसमीक्षतेविचारयत्यपिनअतःकेवलंखेदएववक्तव्योचितः॥अत्र राम
समीक्षापांहेतुकल्पयंति।तत्वषिपदइति।असमीचीनमपिनवमेवप्रियंमन्यते।अयमेकःस्वभावः ३१ ८२५

શ્લોકાર્થ :-૨૨

અરે ! ક્ષણમાં નાશ પામે એવી મૈત્રીવાળા, નંદના પુત્ર, પોતાને લીધે લાચાર બનેલી ઘરના સગાઓ, પુત્રો અને પતિને ત્યજીને પોતાનો જ દાસભાવ પ્રાપ્ત કરેલી આપણો વિચાર પણ કરતા નથી. (૨૨)

ભાવાર્થ; સુબોધિનીજી :-૨૨

ભગવાન જુદા માર્ગો બનાવીને પોતે તટસ્થ રહે છે. દૂર રહીને કંઈક કરે છે પરંતુ પુરેપુરા કરતા નથી છતાં શરણમાર્ગમાં તેમને કંઈ જ કરેલ નથી. શાસ્ત્રો પણ કર્યા નથી. સાધનો પણ કર્યા નથી. પ્રમાણ માર્ગમાં હું તને બધા પાપોથી છોડાવીશ એમ પ્રમેયબલ જ જણાવેલ છે. તેથી ઠપકાપાત્ર જ છે. વળી તે નંદના પુત્ર છે. નંદર ઉપર કૃપા કરી ભક્તિમાર્ગમાં પણ નંદના પુત્ર થયા. તેને માટે આટલું કરે છે તો આપણા મનોરથો સિદ્ધ થાય તે માટે

VIBRANT PUSHTI VADODARA

મથુરાં જવામાં વિલંબ કેમ કરતા નથી એવો અર્થ છે. ક્ષણમાં નાશ પામે તેવી મૈત્રીવાળા વિશેષણથી જ કહેલું છે. તેથી તે આપણને જોતા નથી. નિત્યતાનો નાશ થતો હોત તો જરૂર વિચાર કરત. *પોતાની લીધે લાચાર બનેલી* વિશેષણથી કહેલું છે. અરે ! શબ્દ ખેદ જણાવે છે. કર્મ માર્ગમાં પણ લૌકિકમાં પણ પોતાની લીધે લાચાર થએલ હોય તેમને સારી રીતે જોવામાં આવે છે.

જ્ઞાનમાર્ગમાં ભગવાન આત્મા હોવાથી સદા પ્રકાશ થાય છે. ભગવાન બહાર આર્વીભાવ થએલો હોય તે પક્ષનો ભગવાને ત્યાગ કરેલો છે. ગોપીઓ *શરણ માર્ગને અધિકારીની થાય છે. એમ ઘર, સગાંઓ, પતિને, પુત્રો ત્યજીને* શબ્દથી કહેલું છે. *સર્વ ધર્મનો ત્યાગ કરીને ભગવદગીતા અધ્યાય ૧૮ અને ૧૬મો આનો અર્થ છે.* ઘરનો ત્યાગ એટલે તેના વિષયોનો ત્યાગ કહેવાઈ ગયો છે. બહાર અને શરીરના ચાર ત્યાગ કરવાના છે. તે પરાધિત રહીને જ પ્રવૃતિ કરે છે. પોતાની મેળે પ્રવૃતિ કરતા નથી. બહારનાનો પુરેપુરો ત્યાગ કરવો જોઈએ પરંતુ અંદરનાને દાસધર્મ થઈ શકે તે માટે રાખવા એવો ભાવ છે.

બહારના જે ચાર ત્યાગ કરવાના છે તે ગણાવે છે. (૧) ઘર (૨) સંગાઓ (૩) પુત્રો (૪) પતિ (૫) તે અનુક્રમે જુદા હોવાને લીધે, શરણમાર્ગમાં વિઘ્ન કરનાર હોવાથી, સ્વતંત્ર હોવાને લીધે અને પોતે જ ભોગ કરનાર છે એવા અભિમાનવાળા હોવાને લીધે તે -અંદરના ચારની પેઠે દાસભાવવાળા નથી તેમનો ત્યાગ કરવો જોઈએ. પોતાનો જ દાસભાવ શબ્દથી એકલા શબ્દનો અર્થ જણાવ્યો છે.

હું એકલો જ સાક્ષાદ શરણે આવેલ છું. નામ મારફત નહિ. એવી રીતે દાસભાવ પ્રાપ્ત કરેલાને ભગવાન વિચાર પણ કરતા નથી. અયોગ્ય હોવા છતાં નવું જ હોય તેને પ્રિય કરતા નથી. અયોગ્ય હોવા છતાં નવું જ હોય તેને માને છે. આ પણ એક સ્વભાવ જ છે. (૨૨)

नवविधत्वेनरूपं त्रिविधं भावं स्वकरोति त्रिभिः। नूतनं त्रिविधं भवतीति। सुस्वं सुप्रभातेति। राजससामसस्त्वैव सात्विकस्त्वेतत्त्रिक्रमः॥ इयं रजनी अस्मत्प्रतिपक्षाणामेव सुप्रभाता रजनी न त्वस्माकं। आशिषस्त्र मनोरथाः ब्राह्मणैर्निरूपिता वा तासामेव सत्या वस्तुः। यतस्ताः पुरयोषितः। इतराः अन्यथा एव गच्छेयुः। अत एवास्माकं गमनमपि तत्र वाधितं सपत्नीनां भयमवसरइति। अस्मद्भोगकालापेक्षया नासां उत्तमो भविष्यतीति शेषः। अतः सुरवा

सुस्वप्रभाता रजनीयमाशिषः सत्या वभूवुः पुरयोषितां कवः। याः संप्रविष्टस्य
सुखं व्रजस्पतेः पास्यंत्यपांगोत्कलितस्मितासवं २३ ॥ ॥

स्त्रियः भाव्यर्थं परिज्ञायस्थिता जाताश्चेतराः एवम् अतः कवमेव महोत्सवो भविष्यति। [illegible] याः संप्रविष्टस्येति प्रवेशे [illegible] व्रजस्पतेः गोकुलस्वामिनो गोविंदस्य [illegible] विष्टस्य सुखं पास्यंतीति [illegible] महानानंदो भवतीति। तस्मिंस्तु स्वेतासां मधुपानमपि भविष्यति। न केवलं [illegible] मितिविशेषमाहुः अपांगेन उत्कलितं यत् स्मितं तत्सहितं मधरामृतं तदेव [illegible] तासांसर्वेद्भः रवस्मरणभावान्सांप्रतम्।

नराणां भवान्त्वं तासामेव महर्षिणा नन्त्वस्माकं २२

શ્લોકાર્થ :-૨૩

નવીન ત્રણ પ્રકારનું હોય છે. તે ત્રણ શ્લોકથી હવે કહે છે. શહેરની સ્ત્રીઓને આ રાતનું પ્રભાત સારૂં ઉગ્યું. જેઓ શહેરમાં પ્રવેશ કરેલા વ્રજના પતિના અપાંગથી ખીલેલા સ્મિત સહીત અધરામૃતવાળા મુખનું કરશે. તેમના મનોરથો નકિક સફળ થયા. (૨૩)

ભાવાર્થ; સુબોધિનીજી :-૨૩

કારીકા-૬ : રાજસ્, તામસ્ , સાત્વિક એવો ત્રણ નવીન ભાવતો અનુક્રમ છે. (૬)

આપણી સામાવાળીઓને જ આ રાત ઉગેલા પ્રભાતવાળી રાત છે. પણ આપણને નથી. બ્રાહ્મણોએ આપેલા

આર્શિવાદ મનોરથો સિદ્ધ થયા છે. શહેરની સ્ત્રીઓ ચતુર છે. નહિ તો તે ભગવાનના દર્શન કરવા અહીંજ આવત. તેથી તે ચતુર હોવાથી આપણે ત્યાં જવું પણ નિષ્ફલ છે. આ આપણી શહેરની સ્ત્રીઓનોઅવસર છે. તેમના ભોગનો કાલ ઉત્તમ છે. તેથી તેઓ ચતુર છે. તેથી તેઓનો મોટો ઉત્સવ થશે. સારી રીતે પ્રવેશ કરેલા વ્રજના પ્રતિનાં, ગોકુલના સ્વામી ગોવિંદના મુખનું તેઓ પાન કરશે. કારણ કે પ્રભુના મુખનું અને પતિ સિવાય બીજાના મુખનું પાન કરવામાં ઘણો આનંદ થાય છે. તેમને અમૃતનું પાન પણ કરશે. તેમને કેવળ લાવણ્યરૂપ અમૃતનું પાન થસે એમ નહિ હોવાથી, પણ અપાંગથી ખીલેલું જે સ્મિત અધરામૃત જે દેહને ભૂલાવાનારૂં છે તેનું પાન થશે. તેથી તેઓ મોટા ભાગ્યશાળી છે. અમારૂં એવું ભાગ્ય નથી. (૨૩)

આજે ભલે તેઓને સુખ થાય, કાલે કે પરમ દિવસે ભગવાન અહીં આવશે એટલે આપણને સુખ થશે એવી શંકામાં નીચેનો શ્લોક કહે છે.

શ્રીમ
૮૨૬

नन्वस्तु तासामेवमस्माकं परश्वो वा भगवानत्रायास्यतीति अस्माकमेव सुखं भविष्यतीत्याशंक्याह ॥ तासामिति ॥ सहि मे नहिताः अस्माकं तु क्लिमेव दास्यतिशास्त्र सिद्धं तासां वा मधुरसारिष्टं मंजुभनोहरं श्रवणेपर्यवसानेनोत्तमं यद्भाषितं एकेनापि कार्यसिद्धा वज्जनिता नित्यमतो गृहीत चित्तः चित्ताधीनश्च सुरुषानत्सुनंदोस्मि संगेभगवांस्तु जितेंद्रियः परा धीनतयेव प्रवृत्तेतेनात्र स्वतः इतिचेत् सत्यं यद्यपि भगवानपद्यपि मनस्वी तथापि नः अस्मान् प्रति कथं प्रतियास्यति

तासां मुकुंदो मधुमंजुभाषितैर्गृहीतचित्तः परवान् मनस्व्यपि ॥ कथं पुनर्नः प्र
तियास्यतेबलाग्राम्याः सलज्जस्मितविभ्रमैर्भ्रमन् २४ ॥ ॥

एकत्र अपरसो प्रत्युक्त इति कृतार्थतिवयथानंदाधीनः तथान्याधीनोपि भविष्यति यथा वयं तथा अन्या अपीति । अबला इति सर्वोधने समत्पर्यस्तु पाया भावार्थं ग्राम्या इति स्वस्मिन् वा षको धर्मः ॥ यद्यपि ग्राम्यः ग्राथमिको भवतिरत अतः संभा वनात् तथापि नागरिकाही नासर्वेषामेवोपभोगे महानेव कालो भवतीति पुनरावृत्तिर्भवति नवेति कथमिति नवेतिप्र कारप्रश्नः प्रथमं प्रहृष्टो लज्जा ततः स्मितं ततो विभ्रमाः तैस्तैर्नवभ्रमन् पुनस्तास्वेव मंडलपरिभ्रमं कुर्वन् कथं प्रतियास्य ति नहि भ्रमे उत्पन्ने गमनमार्गस्यापि विस्मृतत्वात् भ्रमणं युक्तमेव २४

શ્રીમ
૮૨૬

શ્લોકાર્થ :-૨૪

હે અબલાઓ ! તેઓની મનોહર વાણીથી હરાએલાં ચિત્તવાળા મુકુંદ પર તેમ અને મનસ્વી હોવા છતાં તેઓના લજ્જા અને સ્મિતવાળા દિલાસોથી ભ્રમણ કરતા હોવાથી આપણી પાસે કેમ પાછા પધારશે ? (૨૪)

ભાવાર્થ; સુબોધિનીજી :-૨૪

તે મોક્ષ આપનાર હોવાથી આપણને મુક્તિ જ આપશે અથવા શહેરની સ્રીઓની મીઠી, સ્વાદિષ્ટ, સાંભળવામાં મનોહર અને ઉત્તમ વાણી, તેમની થશે. તેનાથી હરાએલા ચિત્તવાળા ભગવાન થશે અને પુરૂષ ચિત્તને આધિન છે એટલે તે શહેરમાં જ રહેશે.

નંદજી ભગવાન સાથે છે અને ભગવાન પણ પરાધિન રહીને જ પ્રવૃતિ કરે છે પણ પોતાની રીતે પ્રવૃતિ કરતા નથીએવી શંકા થાય ત્યાં ભગવાન પરાધીન છે તે સાચું પણ તે મનસ્વી ચતુર ઈંદ્રીય છે. છતાં આપણે આ રસ એકવાર ભોગવેલો હોવાથી, મોક્ષ પામેલી જેવીઓ હોવાથી ભગવાન આપણી પાસે પાછા કેમ પધારશે? જેમ ભગવાન નંદજીને આધિન છે તેમ શહેરની સ્રીઓને પણ આધીન થશે. હે અબલાઓ ! એવું સંબોધન ગોપીઓની આ વિષયમાં સંમતિ જણાવે છે. આ માટે આપણો કોઈ ઉપાય નથી. એમ જણાવેલ છે. ગામડીઆણો એ વિશેષણ પોતાની અંદરનો ભગવાન પાછા પધારે તેમાં અડચણરૂપ ગુણ જણાવેલ છે. જો કે ગામડીઓ રસ મુખ્ય છે. તેથી ભગવાન પાછા પધારે તેવો સંભવ છે. છતાં શહેરની સ્ત્રીઓનો ભોગ કરવામાં ઘણો સમય થઈ જાય તેથી ભગવાન પાછા પધારશે કે નહિ. એવી શંકામાં રહેવાથી પાછા કેમ પધારશે? એ પ્રશ્ન છે. પ્રેમમાં પ્રથમ પ્રવૃતિ થતાં લજ્જા થાય છે. પછી આવે છે. પછી વિલાસો થાય છે. તે કાર્યોને લીધે તેમાંજ ભ્રમણ કરાતા ભગવાન પાછા કેમ પધારશે ? ભ્રમ ઉત્પન્ન થાય ત્યારે બહાર નીકળવાનો માર્ગ પણ ભૂલી જવાય છે. તેથી ભ્રમણ ઉચિત નથી. (૨૪)

ભગવાન ભકતો ઉપર પ્રેમ રાખનાર હોવાથી પાછા પધારશે એવી શંકામાં નીચેનો શ્લોક કહે છે.

ननु भगवान् भक्तवत्सलः स्वसमीपमागमिष्यतीति चेत्तत्राह ॥ अद्येति ॥ भक्ता अपि तत्र बहवः । अतस्तेषां दाशार्हभोजान्धकवृष्णिसात्वतां पञ्चविधानामक्रूरादीनामपि संग्राहकाः । तथापि सत्वप्रधाना एव भणिताः । तेषां दृशां महोत्सवो भविता । शोभा हि दृश्या । लक्ष्म्यधीना च शोभा । तस्या अपि रमण इति । किंच ये च अध्वनि देवकीसुतं नन्दात्तत्संहितार्थं गच्छन्तं ये

अद्य क्व वै तत्र दृशो भविष्यते दाशार्हभोजान्धकवृष्णिसात्वतां ॥ महोत्सवः श्रीरमणं गुणास्पदं द्रक्ष्यन्ति ये चाध्वनि देवकीसुतं २५

मार्गे द्रक्ष्यन्ति तेषामपि दृशो भविष्यति महोत्सवः । ननु दर्शनमात्रेण कथमिष्टसिद्धिरिति चेत्तत्राह ॥ गुणास्पदमिति ॥ अनन्तगुणानामास्पदत्वात् दर्शनानन्तरं गुणास्तत्रैव समायास्यन्ति । अतो महानेवोत्सवः फलपर्यवसायी ॥ त्रिविधा अपि गणिताः २५

શ્લોકાર્થ :-૨૫

દાર્શાહ, ભોજ, અંધક, વૃષ્ણિ, સાત્વતો અને જેઓ માર્ગમાં લક્ષ્મી પતિ, ગુણોના ધામ, દેવકી પુત્રનાં દર્શન કરશે તેઓની દષ્ટિનો આજે જરૂર મોટો ઉત્સવ થશે. (૨૫)

ભાવાર્થ; સુબોધિનીજી :-૨૫

ભકતો પણ મથુરાંમાં ઘણા છે. તેથી દાશાર્હ, ભોજ, અંધક વૃષ્ણિ અને સાત્વતો એમ પાંચ પ્રકારના ભકતોની દષ્ટિનો મોટો ઉત્સવ થશે. જેઓ અત્વગુણવાળા છે તેનોજ આમાં સમાવેશ છે. બાકીનાનો નથી. શોભા લક્ષ્મીને આધિન છે અને તે લક્ષ્મીના પતિ ભગવાન છે. જેઓ માર્ગમાં દર્શન કરશે. તે દેવકીના પુત્ર હોવાથી તેઓની દષ્ટિનો મોટો ઉત્સવ થશે. માત્ર દર્શનથી ઈચ્છેલું ફલ કેવી રીતે પ્રાપ્ત થાય? એવી શંકા થાય તેથી ગુણોના ધામ શબ્દ યોજેલ છે. ભગવાન અંનત ગુણોના ધામ હોવાથી તેમના દર્શન થયા પછી તે ગુણો દર્શન કરનારામાં જ આવશે. તેથી ફલ પ્રાપ્તિમાં જેનું પરિણામ આવે

એવો મોટો ઉત્સવ થશે. ત્રણ ભાવો જણાવ્યાં. (૨૫)

એવી રીતે ચાર પ્રકારે ભગવાનને ઠપકો આપી હવે નીચેના શ્લોકથી અક્રુરને નિંદે છે. તે કહે છે.

१०पू-३९ एवं चतुर्धा भगवंतमुपालभ्य अक्रूरमुपालंभनमाह।। मैतद्विधस्येति।। संज्ञा ह्यर्थानुविता कार्या इंद्रियस्यांतःकरण
८२७ धर्माः अतः अविचार्यैव नामकरणं कृतमिति। अक्रूर इत्येतन्नामास्य माभूत्। यस्तु सर्वमारकः स कथमक्रूरः
स्यात् यतोयमतीवदारुणः। अतश्च क्रूर उचितः। ननु कार्यार्थं सोपि समागतः किं कुर्यादिति चेत्तत्राहुः। अनाश्वास्ये

मैतद्विधस्याकरुणस्य नाम भूदक्रूर इत्येतदतीव दारुणः।। योऽसावना
श्वास्य सुदुःखितं जनं प्रियात्प्रियं नेष्यति पारमध्वनः   २६

ति। सुदुःखितं गोपीजनं तेषां सर्वस्वभूतं तानननाश्वास्य नयतीति आश्वासानं हि भगवंतमानीय केन चिद्रूपेण वा अत्र
स्थापयित्वा समागमिष्यामि इति वा विश्वासं कारयित्वा पश्चान्नयनमुचितं न तु यथा नारीहरणं यतो भगवान् प्रियान्प्रा राम
णादपि प्रियः। आत्मनोपि न परं वनगोचारणवत्। किं त्वध्वनः पारं यत्र गतः तस्मिन्नदिवसे नायाति   २६ ८२७

શ્લોકાર્થ :- ૨૬

આજે ઘણો કુર થઈ ઘણા દુઃખી જનને આશ્વાસન આપ્યા સિવાય પ્રિયથી પણ પ્રિયને માર્ગના બીજે છેડે લઈ જાય છે. તેવા પ્રકારના ઘાતકી અકુર એવું આ નામ ન હો. (૨૬)

ભાવાર્થ; સુબોધિનીજી :- ૨૬

નામ તો અર્થ પ્રમાણે જ પાડવું યોગ્ય છે. કુરપણું અન્તઃકરણના ગુણો છે. આનું નામ વિચાર કર્યા વગર પાડયું છે. અકુર એવું આ નામ આ માણસનું ન હો કારણ કે સર્વનો સંહાર કરનાર છે. તે અકુર કે હોઈ શકે ? આ ઘણો કુર છે. તે આ કામ માટે અવેલો હોઈ શું કરે? એવી શંકા થાય તેથી ઘણા દુઃખીજનોને આશ્વાસન આપ્યા વગર પ્રિયથી પ્રિયને માર્ગના છેડે લઈ જાય છે.

VIBRANT PUSHTI VADODARA

એમ કહેલું છે. ગોપીજન ઘણો જ દુઃખી છે. તેમને આશ્વાસન આપ્યા વગર ભગવાનને લઈ જાય છે. એવો અર્થ છે.

ભગવાનને પાછા લાવીને ગોપીઓ પાસે લાવીને અથવા હું તમારી પાછો લાવીશ તેવો વાણીનો કરાર કરાવીને આશ્વાસન થાય પછી લઈ જવા યોગ્ય છે. ધન વિગેરે આપવાથી ગોપીઓને આશ્વાસન ન થાય. કારણ કે ગોપીઓને ભગવાન પ્રિયથી એટલે પ્રાણથી પણ વધારે પ્રિય છે. અને આત્માથી પણ વધારે પ્રિય છે. વળી અકુર ભગવાનને લઈ જાય છે. તે પણ ગાયો ચરાવવા લઈ જાય તેમ લઈ જતો નથી. પણ માર્ગના છેડે લઈ જાય છે. તેથી તે પાછા પધારે નહી.(૨૬) નીચેના શ્લોકથી બધાને દોષ દે છે.

શ્લોકાર્થ :-૨૭

આ કઠન મનવાળા રથમાં ચડી બેઠા. અને તેમની પછી આ ભાન વિનાના ગોપો ગાડાંઓથી જવાની ઉતાવડ કરી રહ્યાં છે. ઘરડાંઓ દરકાર કરતાં નથી. આપણું નસીબ આપનાંથી આજે વિરૂદ્ધ કાર્ય કરે છે. (૨૭)

ભાવાર્થ; સુબોધિનીજી :-૨૭

ગોપીઓ સીવાય બધાજને જવા માટે ઉત્સાહ હતો. તે બધાએ સવારમાં ભોજન કરી લીધું. અકુર સિવાયના રથમાં અથવા ગાંડામાં ચડી બેઠા. યશોદાએ પરવાનગી આપેલા ભગવાન પણ રથમાં બિરાજ્યાં. આ સમયે પણ તેમને ગોપીઓનો વિચાર ન કર્યો તેથી શ્રીકૃષ્ણ કઠણ મનવાળાં જણાય છે. આપણને તો જોતાં પણ નથી. વળી આ ગોપો છે. તે ભાન અને વિચાર વિનાના થઈ બીજાની હત્યા થતી હોય તો પણ તેમને દુઃખ થાય નહી તેવા થઈ તેમની પાછળ જવાનીન ઉતાવળ કરે છે. *ચ અને શબ્દથી* અકુર પણ જવાની ઉતાવળ કરે છે. ગોપો ગાડાંમાં ચડી બેઠા. એટલે ચાલવાંની મહેનત કરવી ન પડે.એમ કહેલુ છે. ત્યારે *ઉપનંદ ઘરડાંઓને કહો* એવી શંકા થાય તે સંબંધમાં *ઘરડાંઓ દરકાર કરતાં નથી.* એમ કહે છે. તેઓના વિચાર મુજબ ગોપીઓ અને નગરની સ્ત્રીઓ તેવીજ છે. નંદજી અને વસુદેવ પણ તેવાં જ છે. *જવાંમાં વિઘ્ન થાય તે માટે અદૃષ્ટની વિનંતી* કરો. તેવી શંકા થાય ત્યાં જણાવે છે કે આપણું દૈવ્ય આજે વિરૂધ્ધ કાર્ય કરે છે. કાલ વિગેરે બધા આપણાંથી વિરૂદ્ધ કાર્ય કરે છે. (૨૭)

નીચેના શ્લોકમાં સગાઓનો દોષ કાઢતાં તેઓની અવગણના થાય છે.

શ્લોકાર્થ :-૨૮

માધવ પાસે જઈને તેમને જતાં અટકાવી દે અડધાં પલકારા સુધી પણ કહી ન શકાય તેવા મુંકુંદના સંગને લીધે દૈવે હલકી પાડેલી અને દુઃખી ચિત્તવાળી આપણને કુલના ઘરડાંઓ, સગાઓ શું કરશે? (૨૮)

ભાવાર્થ; સુબોધિનીજી :-૨૮

બધાએ ભેગા મળી ભગવાનને જતાં અટકાવવા જોઈએ. એમ થશે તો સગાંઓ કોપ કરશે? એવી શંકા થાય તેથી તે ઘરડા સંગાઓ આપણને શું કરશે? શબ્દો યોજેલ છે. આપણને શું કરશે? એટલે ભૂતકાળમાં તેમને શું કરશે અને હવે શું કરવાના છે? તેઓ કુલના ઘરડાંઓ છે. કુલને જરૂર હોય ત્યારે આપણને કુળમાં રાખી મૂકે છે બીજું કાંઈ કરતાં નથી. કુળ બંધન કરનારુ છે. ભગવાન મુકુંદનો મોક્ષ આપનાર છે. તેનો સાક્ષાદ સંગ થાય છે તો તે આંખના અડધા પલકારા સુધી ત્યજી શકાય તેવા નથી. કારણ કે મુકુંદના સંગને લીધે દૈવજ આપણને હલકી પાડી છે. તેથી આપણે દુઃખી ચિત્તવાળા થયાં છે. તે લોકો આપણને કઈ કરી શકવાના નથી. કારણ કે જો તેઓ આપણે ભગવાનને આપી દે તો તો કંઈ કર્યું ગણાય પરંતુ તેઓ તે કરતાં નથી. તેથી તેમનું પ્રયોજન નથી. દળેલાંનું દળવાનું નકામું કાર્ય તેઓ શા માટે કરે. જો ભગવાન તમારી પાસે નહીં આવે તો તેમને અહીં રોકાવાથી શું ફાયદો થશે? એવી શંકા થાય તેથી માધવ શબ્દ યોજેલ છે. માધવ એટલે લક્ષ્મીપતિ છે. બલથી લક્ષ્મીને પકડી રાખ્યાં. એટલે તેના થયાં. તેવી જ રીતે આપણાં પણ થશે. રોકાવાનો પ્રયત્ન કરવામાં આવે તો આપણી બુદ્ધિનો દોષ નહીં ગણાય. પણ જો પ્રયત્ન કરવામાં ન આવે તો પ્રશ્ચયાતાપ થશે તેવો ભાવ થશે. પ્રશ્ચયાતાપ ન થાય તે માટે પ્રયત્ન કરવામાં છે. પરંતુ કાર્ય સિદ્ધ થાય તે માટે પ્રયત્ન કરવાનો નથી. એવો અર્થ છે. તેથી લૌકિકમાં દષ્ટિવાળી, અલૌકિકમાં દષ્ટિવાળી અને પરંમ તત્વમાં દષ્ટિવાળીએ ભગવાનને રોકવા પ્રવૃતિ કરી નહીં. (૨૮)

પછી ભગવાનના સુખ અને દુઃખનો અભાવ આપે છે. તેથી તેમના વગર દુઃખનો અભાવ આપે છે. તેથી તેમના વગર દુઃખ કેવી રીતે દૂર થશે. અને સુખ નહિ થાય તો કેમ જીવીશું અથવા મરણ થતાં ભગવાન પ્રાપ્ત થશે નહિ એટલે આપણી કેવી દશા થશે એમ આશારહિત બે શ્લોકથી પોતાને દોષ દે છે.

यस्यानुरागेति॥ अनुरागा हृदयो भगवदीयाः। अनुरागपूर्वकं यत्स्मितं तत्स्वकायेव वल्गु मन्त्रा गुह्यभाषणानि तत्सहिता लीला ततः पूर्वकोयमवलोकः ततोधिकरसोद्गमार्थं परिरंभो रासश्च एतेषां या गोष्ठी समूहः अवसरो देशकालसहितः तस्यां क्षणदा रात्रयः क्षणमिव नीताः। नात्र विविच्य प्रमाणं वक्तव्यं। स्मेति प्रसिद्धिः। सर्वगोपिकानुभ-

यस्यानुरागललितस्मितवल्गुमन्त्रलीलावलोकपरिरंभणरासगोष्ठ्यां।
नीताः स्म नः क्षणमिव क्षणदा विना तं गोप्यः कथंन्वतितरेम तमो दुरंतं २९

वसिद्धं। या रात्रयः अन्येभ्यः क्षणं प्रयच्छंति अतस्ता बहुक्षणा भवंति ता अपि क्षणमिव नीताः। अतः परं तं विना तदीयसर्वसामग्र्यपगमे दुर्गरीतम(?)प्राप्यमाने तत्तमएव निश्चलं स्थास्यति। तत्कथं तरेमेति एकोपि रात्रिर्गमिष्यतीति भावः। दुस्तरत्वं कालरूपो दृशीया। अतो अधिकारसिद्धः अन्तरोपि २९

શ્લોકાર્થ :-૨૯

હે ગોપીઓ ! જેમના પ્રેમપૂર્વક સુંદર હાસ્ય, ગુહ્ય ભાષણોવાળી લીલા, દૃષ્ટિ, આશ્લેષ અને રાસના સમુહમાં આપણી રાત્રીઓ એક ક્ષણની પેઠે વીતાડી તેમના વિના અંત વગરના અંધકારને આપણે કેવી રીતે તરીશું ? (૨૯)

ભાવાર્થ; સુબોધિનીજી :-૨૯

પ્રેમપૂર્વક જે હાસ્ય જે વલ્ગુમન્ત્રઃ ગુહ્ય ભાષણો સાથેની લીલા અને જે દૃષ્ટિ પછી અધિક રસ ઉત્પન્ન થાય તે માટે આશ્લેષ અને રાસ આ બધાની ગોષ્ટી, તેની અંદર રાત્રીઓ ક્ષણની માફક વીતાડી કારણે કે સ્મ શબ્દથી તેની પ્રસિદ્ધિ જણાવી છે. તે બધી ગોપીઓના અનુભવથી સાબિત થએલું છે. જે રાત્રીઓ બીજાને પણ ક્ષણ (અવકાશ) આપે છે. તેથી તે બહુ ક્ષણવાળી હોય છે. તેને પણ આપણે એક ક્ષણની માફક વીતાડી. હવે ભગવાન વિના તેમની સામગ્રી જતી રહેતાં

ચંદ્ર પણ જતા રહેતાં અંધકારજ રહેશે. તે અંધકારને આપણે કેવી રીતે તરીશું એટલે એક પણ રાત જશે નહિ. ખરેખર ! આ દિવસ અંધારી તેરસ હતી. તેથી અંધકાર જ થયો હતો તેમ ગોપીઓના મનમાં પણ અંધકાર થયો હતો. (૨૯)

વળી કેટલાક અંધકારમાં પણ જીવે છે પણ આપણે તો જીવી શકીશું નહિ તે હવે કહે છે.

ह०टी०३६ ८३९ किंतु अन्धकारेऽपि केचित् जीवन्ति अस्माकं तु जीवनमपि न भविष्यतीत्याहुः यो ऽह्नः क्षय इति । अह्नः क्षये संध्यायां क्षणश द्रूपो गोरजो हि एतत्तापकः ॥ अनन्तो बलभद्रः ॥ अनेन कालस्यापि तद्रूपत्वं उक्तं । गोपैः परीत इति सर्वैः सहितोऽस्मत्कार्यमेव करोतीत्याहुः । किं वा परैरपि कृतं तदस्मदर्थमेवेति वर्णयन्ति । विशन् खुररजश्छुरितालकस्रक् इति व्रजे विशति यो गावः तासां खुररजसा छुरिता अलकाः स्रजश्च । एके तावन्न रूपाः अन्ये भक्तिरूपाः उभयत्रापि धर्मं

यो ऽह्नः क्षये व्रजमनन्तसखः परीतो गोपैर्विशन् खुररजश्छुरितालकस्रक् । वेणुं क्वणन् स्मितकटाक्षनिरीक्षणेन चित्तं क्षिणोत्यमुमृते नु कथं भवेम ॥ ३०

सर्वं भक्तः स्मृतः तो ऽभयविधा एवं क्लेशेनाप्युच्छ्रियन्त इति ज्ञापयितुं ततोऽस्मात् द्वेषोऽपि तं वेणुं क्वणन् वशीकरिष्यन् स्मित सम स्ववं कं यत्कटाक्षनिरीक्षणं तेनास्माकं चित्तं क्षिणोति पीडयति । कामस्त्वद्वेषोऽपि तापश्चाङ्गमतः । एवं सर्वत्र सोऽस्य ८३९ दातारं विना कथं भवेम कामवस्थाः स्याम ॥ ३० ॥ ॥

શ્લોકાર્થ :-૩૦

જે દિવસનોક્ષય થતાં વ્રજમાં પ્રવેશ કરનારાઓની ખરીની રજોથી છવાયેલા કેશ અને માળાઓવાળા, ગોપોથી વીંટાએલા અનંતના, મિત્ર વેણુ વગાડતાં, હાસ્યવાળી કટાક્ષ દૃષ્ટિથી આપણા ચિત્તને પીડે છે. તેમના વગર આપણે કેમ જીવીશું? (૩૦)

ભાવાર્થ; સુબોધિનીજી :-

દિવસનો ક્ષય થતાં એટલે સંધ્યા સમયે, અનંત એટલે બલભદ્ર. તેના મિત્રે કહ્યું તેથી કાલ પણ ભગવાનને અનુકુલ છે. એમ કહેલું છે. ગોપોથી વીંટાએલા વિશષણથી ગોપીઓ એમ કહે છે કે બધાને સાથે રાખી ભગવાન આપણું જ કામ કરે છે.તેનું વર્ણન વ્રજમાં પ્રવેશ કરનારીઓની ખરીની રજોથી છવાએલ કેશથી અને માળાવાળા વિશેષણથી કહે છે. વ્રજમાં પ્રવેશ કરતી જે ગાયો અને તેઓની ખરીઓથી રજોથી છવાયેલા છે કેશે અને માળાઓ જેમનાં તેવા ભગવાન છે. કેશ જ્ઞાનરૂપ છે અને માળાઓ ભક્તિરૂપ છે. એટલે જ્ઞાની અને ભકતોનો એવી રીતે કલેશથી ભગવાન ઉદ્ધાર કરે છે. એમ જણાવવા બંનેને ધર્મનો સંબંધ હોવાનું સૂચવેલ છે. પછી રસોને જાગૃત કરવા માટે વેણુને વગાડતા. તે રસો પુષ્ટ કરવા હાસ્યપૂર્વક જે કટાક્ષ દષ્ટિ તેનાથી આપણા ચિત્તને પીડે છે. કામને જાગૃત કરી પછી રમણ કરે છે. એવા ભગવાન વગર આપણે કેમ રહીશું? આપણી કેવી દશા થશે? (૩૦)

એ પ્રમાણે દોષ દઈ, રૂદન કરવાથી ભગવાનનો પાદુર્ભાવ થયો હતો તેથી રડવા લાગી તે હવે છે.

एवमुपालम्भपूर्वं रोदने प्रादुर्भूत इति रोदनं कृतवत्य इत्याह ॥ एवमिति ॥ अयमेकः प्रकारो निरूपितः । एवमनन्तप्रकारेण ब्रुवाणा जाताः विरहेण भावेन पीडया आतुराश्च जाताः । यतो व्रजस्त्रियः स्वरानन्दासक्तचित्ताः न विषयैः परितुष्यन्ति । ततो लज्जां विसृज्य सुस्वरमुच्चैः रुरुदुः । शास्त्रतो देवादिभिः कृतं भक्तिवशात् अस्माभिः कृतं लोकतः स्वकृतं सर्वमेव भ

एवं ब्रुवाणा विरहातुरा भृशं व्रजस्त्रियः कृष्णनिषक्तमानसाः ॥ विसृज्य
लज्जां रुरुदुः स्म सुस्वरं गोविन्द दामोदर माधवेति ३२

गवान् स्वीकरोतीति संबोधनत्रयं । गोविन्दोऽभिषिक्तः । दामोदरो वशीकृतः । लक्ष्मीपतिश्च माधवः । एतैर्धर्मैः प्रायेण भगवतो विस्मरणाद् इति तस्यासिद्ध्यर्थं रोदनं सर्वकमुच्चारितवत्यः ३१

શ્લોકાર્થ :-૩૧

એ પ્રમાણે બોલતી, વિરહના વિચારથી, બહુ દુઃખી થએલી શ્રીકૃષ્ણમાં ચોંટી ગએલ ચિત્તવાળી વ્રજની સ્ત્રીઓએ લજ્જાનો ત્યાગ કરી. હે ગોવિંદ ! હે દામોદર ! હે માધવ ! એમ મોટા અવાજે રડવા માંડયું. (૩૧)

ભાવાર્થ; સુબોધિનીજી :-૩૧

આ એક પ્રકાર કહ્યો એવા અનંત પ્રકારે ગોપીઓ બોલવા લાગી અને વિરહથી દુઃખી થઈ કારણ કે વ્રજની સ્ત્રીઓ સદાનંદ શ્રીકૃષ્ણમાં ચૌટી ગએલ ચિત્તવાળી હતી. તેથી વિષયોથી તેમને સંતોષ થાય તેમ ન હતું. પછી લજ્જાનો ત્યાગ કરી સુસ્વરમ્ મોટા અવાજથી રડવા લાગી. ભક્તિને લીધે જે ગોપીઓએ કરેલું અને લોક પ્રમાણે ભગવાને કરેલું તે બધું ભગવાન ફગાવી દેતા હતા. તેથી ત્રણ સંબોધન કરેલ છે. ગોવિંદનો અભિષેક કરેલો, દામોદરને વશ થએલા અને માધવ લક્ષ્મીના પતિ થએલા. આ ધર્મો ભગવાન વીસરી ગયા તેથી ભગવાનની દયા પ્રાપ્ત થાય તે માટષ ગોપીઓએ રૂદન કરી સંબોધનો ઉચ્ચાર્યાં. (૩૧)

द०टी०३६ ८३०

स्त्रीणामिति। स्त्रीणां रोदनेन नगमिष्यतीति अभिषेकः सूर्योदये जाते कालातिक्रमं च ज्ञात्वा स्वयमक्रूर एव स्वदेवादि कार्यसाधकः। किं तस्यापि मित्रकार्यं करिष्यन् कृतमैत्रः कृतसंध्यावंदनः स्नातो वरुणलोको दाहिष्टश्च सूर्यदर्शनादि भि। सूर्योदयपर्यंतं कर्म च कृतवानिति लक्ष्यते। अग्निहोत्रादि समये भगवान् गंतव्यमिति ज्ञापनार्थं ३२ अथ भिन्नप्रक्रमेण गोकुलवासिनो परित्यज्य भिन्नवानायामभिनिविष्टचित्ताः रथं प्रेरयामास॥ ततो गमनोत्सवो जातः ततो इति द्वा

स्त्रीणामेवं रुदन्तीनामुदिते सवितर्यथ। अक्रूरश्चोदयामास कृतमैत्रादिको रथं ३२
गोपास्तमन्वसज्जन्त नन्दाद्याः शकटैस्ततः। आदायोपायनं भूरि कुंभान्गोरससंभृतान् ३३

माहृ।।गोपाइति।।तिभृगवइयमङअसन्नंतातनएवहेतो।।ततोगोझ्कालाद्दाऽपायनेगोरससंश्चतानङ्कंभोश्चआदाया राम
अवस्पगमनेअन्यासतो वतेषांहेतुरुक्तः।।भगवत्परिपालितानांरसोभगवतेवभोक्तव्यइति।।ततोगोपिकाः रोदनेऽ ८३
वेइगवान्ननतःप्रकरयतिविशेषमउक्ताश्र्वदहेवसिद्धत्वात ३३ ॥ ॥

શ્લોકાર્થ :-૩૨

સ્ત્રીઓ એ પ્રમાણે રડતી હતી અને હવે સૂર્ય ઉગ્યો ત્યારે જેણે મૈત્ર વિગેરે કરેલાં હતાં તેવા અકુરે રથ હાંકવા માંડયો. (૩૨)

ભાવાર્થ; સુબોધિનીજી :-૩૨

સ્ત્રીઓના રડવાને લીધે ભગવાન મથુરાં જશે નહિ એમ માનીને અને સૂર્યોદય થતાં સમય થઇ ગયો જાણી વસુદેવ વિગેરેનું કાર્ય સાધનાર, કેસનું કાર્ય કરવાની ઈચ્છાવાળો અથવા સંધ્યાવંદન જેને કરેલું છે તેવો અવશ્ય કરવાનું કાર્ય જેને કરેલું છે. તેવો અવશ્ય કરવાનું કાર્ય જેને કરેલું છે. તેવો અકુર પોતે રથ હાંકવા માંડયો. સૂર્યોદય સુધી અકુરે કર્મ જ કર્યા એમ જણાય છે. અથવા અગ્નિ હોમ કરવાના સમયે મુસાફરી કરવી નહિ એમ જણાવવા એમ કહેલું છે. હવે એટલે જુદા પ્રકારથી ગોકુલમાં રહેવાની વાસનાનો ત્યાગ કરી બીજી વાસનામાં ચિત્તવાળો થઇ અકુર રથ હાંકવા માંડયો. (૩૨)

મથુરા જવાનો ઉત્સવ થયો. તે હવે નીચેના શ્લોકથી કહે છે.

શ્લોકાર્થ :-૩૩

ત્યાંથી નંદ વિગેરે ગોપો ઘણી ભેટો અને ગોરસથી ભરેલા ઘડાઓ લઇ ગાડાઓમાં તેમની પાછળ ગયા. (૩૩)

ભાવાર્થ; સુબોધિનીજી :-૩૩

ભગવાનના રથની પાછળ જવા ઉપડયા. ભેટો અને ગોરસથી ભરેલા ઘડાઓ લઈને શબ્દોથી અવશ્ય જવાનું અને ભગવાનમાં તેમની આસકિત હોવાનું જણાવે છે. ભગવાને જેનું સારી રીતે પાલન કરેલું છે. તેમના રસનો ભોગ ભગવાને જ કરવો જોઈએ એવા વિચારથી ગોરસથી ભરેલા ઘડા તેઓ લઈ ગયા.(૩૩)

પછી ગોપીઓએ રૂદન કરતાં અનંત ભગવાન પહેલાંની માફક પ્રગટ થયા એવા ભેદ પહેલાંની પેઠે પ્રાપ્ત થતો હોવાથી, નહિ જણાવતાં તે પછીનો વૃતાંત હવે કહે છે.

श्रीमद्वृत्तान्तमेवाह । गोप्यश्चेति ॥ चतुर्भिः ॥ गोप्यश्च भगवत्संगे गताः स्वल्परूपाः स्थूला स्वदयितं भर्तारं कृष्णं स्व
दानन्दमनुव्रज्य किंचिद्दूरे संगे गताः । ततो भगवता अनुरंजिताः स्वरागेण रक्ताः मध्यप्रदेशे प्रस्तुतं रमभगवतः कान्तस्य
किमस्माभिः रागतव्यमस्माभिर्नागन्तव्यमिति तिनान्यप्रकारो विनिसारः तिष्ठन्तस्थिरेतथैवस्थिताः ३५ ततो
भगवतापकृतं तदाह । तास्तथेति ॥ याः स्थिताः याश्च नाविष्टस्वरूपाः तासामर्थेन यासंतापयुक्ता वीक्ष्य स्वस्थान

गोप्यश्च दयितं कृष्णमनुव्रज्यानुरंजिताः । प्रत्यादेशं भगवतः कांक्षन्त्यश्चावतस्थिरे ३४ तास्त
थानतप्रतीर्वीक्ष्य स्वप्रस्थाने यदूत्तमः । सान्त्वयामास सप्रेमैरयास्यइतिदौत्यकैः ३५

चन्निमित्तमितिपद्धुराजसिंहः यादवकार्यमपिकर्तव्यमिति संक्षेपेण रुक्मदूतैः अहमेवायास्य इति दौत्यकैः तद्वाक्यैः सां
त्वयामास । अथवा सांवाक्यैः प्रेमोजातः भगवांस्तु इतवाक्यद्वाराशब्दार्थरूपः ज्ञानरूपो वा आगमिष्यामीत्युक्तवान्
दौत्यवाक्यैः रायास्य इति । ताःपुनः इदानीमेव देवचनेन तत्कार्यमिति ज्ञातव्यः इदं भगवद्वाक्यं मेव अन्यथा न वक्त
व्यं स्यात ३५

VIBRANT PUSHTI VADODARA

શ્લોકાર્થ :-૩૪

ગોપીઓ પતિ શ્રીકૃષ્ણની પાછળ જઇ તેમનાથી રંગાઈ, ભગવાનની આજ્ઞાની ઈચ્છા રાખતી ઉભી રહી. (૩૩)

ભાવાર્થ; સુબોધિનીજી :-૩૪

સૂક્ષ્મ ગોપીઓ ભગવાનની સાથે ગઈ. સ્થૂલ ગોપીઓ તો દયિત પતિ કૃષ્ણ સદાનંદની પાછળ ચાલી કેટલાક અંતર સુધી સાથે ગઈ. પછી ભગવાને રંગેલી એટલે ભગવાનના પ્રેમમાં રંગાએલી થઈ. શું હમારે સાથે આવવું અથવા આપ સ્વામી પધારશો ? કારણ કે બીજો કોઈ ઉપાય અમારૂં જીવન નભાવવા નથી. તે ભગવાનના પ્રત્યુત્તરની ઈચ્છા ભગવાને જે કહ્યું તે હવે કહે છે. (૩૪)

શ્લોકાર્થ :-૩૫

તેઓને પોતે પ્રધારવાને લીધે તેમને દુઃખી થએલી જોઈ હું દૌત્યકથી આવીશ એમ દૂતો દ્વારા તેમનું સાન્તવન કર્યું (૩૫)

ભાવાર્થ; સુબોધિનીજી :-૩૪

જેઓ એવી રીતે ઉભી રહી અને જેઓનું સ્વરૂપ પ્રગટ હતું તેઓને આ પ્રમાણે દુઃખી થએલી જોઈને, પોતાનું મથુરાં પધારવું જ તેમના દુઃખનું કારણ છે એમ જાણીને પોતે યદુરાજસિંહ હોવાથી યાદવોનું પણ કામ કરવું જોઈએ તેથી સમ્પ્રેષ્યૈ : ઉત્તમ દુતોથી હું જ દૌત્યકઃ દૂતના વાકયથી આવીશ. એમ તેઓનું સાન્તવન કર્યું. અહીં ભગવાને કહેલા વાકયમાં તેઓને ભ્રમ થયો. ભગવાને તો દૂતના વાક્યથી એમ કહેવડાવ્યું કે હું દૌત્યકથી આવીશ. પરંતુ તેઓ એમ સમજી કે ભગવાન પોતે જ પધારશે. આ ગોપીઓને આવી ગેરસમજ થઇ તે ભગવાનનું ચરિત્ર છે નહિ તો શુક કહેત નહિ. ભગવાન તરફથી કહવેમાં આવેલ સમાચાર મોકલાવેલી હોવા છતાં ભગવાનનો સંબંધ દેખાડવા તેઓ ઉભી રહી. (૩૪)

१०।३९।३६ ८३१ तास्तथोक्ता अपि भगवत्संबंधदर्शनार्थं तथैव स्थिता इत्याह ॥ यावदिति ॥ शब्दाद्धर्थो महानिति अर्थसंबंधार्थं तथा कथ्यते ॥ यावता कालेन केतुर्ध्वजो लक्ष्यते पि संभावनया ॥ दिदृक्ष्यते यावद्रथस्य रेणुरपि तावत्पर्यन्तं भगवत्संगे अनुप्रस्थापितान्तःकरणाः आधिदैविकरूपाः जीवस्वरूपाः शरीरमात्रेण लेख्यानीवोपलक्षिताः प्रतिमाया चलनं न भवतीति तथा इत्यर्थमुक्तम् ॥ आकृतिमात्रं तत्र स्थितं स्वरूपं तु भगवता सह गतमिति वा ३६ ततोपि दूरं गते निवृत्ता जाता इ

यावदालक्ष्यते केतुर्यावद्रेणू रथस्य च । अनुप्रस्थापितात्मानो लेख्यानीवोपलक्षिताः ३६
ता निराशा निववृतुर्गोविन्दविनिवर्तने । विशोका अहनी निन्युर्गायन्त्यः प्रियचेष्टितं ३७

त्याह ॥ ता निराशा इति ॥ प्रियचेष्टितं गायन्त्यो भगवद्गुणान् अपि भगवानेवेति तेनैव विशोकाः अहनी निन्युः रात्रिचरित्रगानेन रात्रिं दिवसं चरित्रगानेन दिनमिति ॥ स्वविशेषवक्तुं अत्र सहनीयत्वज्ञानिविवर्तनेन निर्दिश उक्तः ॥ अनेन भगवतः भक्तोपेक्षादोषोपि निवारितः ॥ भगवदनागमनेपि दोषाभावश्च अहनी इति ज्ञापयितुमभिप्रायः ३७ ॥ राम ८३१

શ્લોકાર્થ :-૩૬

જ્યાં સુધી ધની અને રથની ધૂળ જોવામાં આવ ત્યાં સુધી ભગવાનની પાછળ જેમને અન્તઃકરણ મોકલેલ છે તેઓ ચિત્રોના જેવી દેખાઈ. (૩૬)

ભાવાર્થ; સુબોધિનીજી :-૩૬

શબ્દથી અર્થ મોટો હોવાથી અર્થ સાથે સંબંધ છે તે જણાવવા તે પ્રમાણે આ શ્લોકમાં કહેવામાં આવે છે. જેટલા સમય સુધી ધજા જોવામાં આવે અથવા જયાં સુધી રથની ઉડતી ધૂળ પણ જોવામાં આવે ત્યાં સુધી ભગવાનની સાથે જમેણે પોતાનાં અન્તઃકરણોને અથવા આધિદૈવિક પ્રકારના જીવના સ્વરૂપને મોકલેલાં છે તેવી થઈ. માત્ર શરીરથી ચિત્રોના જેવી દેખાઈ. પ્રતિમા (મૂર્તિ) ચાલે તેવી નહતી એમ જણાવતા ચિત્રોના જેવી એમ કહેલું છે. તેઓની આકૃતિ માત્ર ત્યાં રહી પરંતુ સ્વરૂપ તો ભગવાનની સાથે ગયું. એમ જણાવવા તે પ્રમાણે કહેલું છે. (૩૬)

ધજા અને રથની ધૂળ દેખાય તેટલેથી પણ દૂર ભગવાન પધાર્યા ત્યારે તેઓ ગોકુલ પાછી ફરી તે કહે છે.

શ્લોકાર્થ :-૩૭

ગોવિંદ પાછળ પધારવાના વિષયમાં નિરાશ થઈ તેઓ પાછી આવી અને પ્રિયના ચરિત્ર ગાતી શોકમુકત થઈ રાતદિવસ વિતાવવા લાગી. (૩૭)

ભાવાર્થ; સુબોધિનીજી :-૩૭

કાઈ પણ નિમીત્તથી આજેજ ભગવાન પાછા પધારશે એવી આશ વિનાની તેઓ થઈ. પછી તેઓ કેમ જીવી શકી? એવી શંકા થાય તેથી પ્રિયના ચરિત્ર ગાતી શબ્દો યોજેલ છે. ભગવાનના ગુણો પણ ભગવાન જ છે. તેથી તે ગુણાના ગાનથી શોક રહિત થઈ. રાતદિવસ વિતાવવા લાગી. ભગવાન રાત્રીના ચરિત્રમાં ગાનથી અને રાત્રીન અને દિવસના ચરિત્રમાં ગાનથી દિવસો વિતાડવા લાગી. આથી ભગવાને ભકતોની દરકાર ન રાખી એવો દોષ નથી. ભગવાન પાછા ન પધારવાથી તેમેન દાષ થતો નતી. એમ રાત્રીની પેઠે બધી રાત્રીઓ ભગવાના ચરિત્રોના ગાનથી વીતી એમ જણાવે છે. (૩૭)

જ્યારે તે શોક રહીત થઈ ત્યારે ભગવાન ગોકુલના વૃતાંતનો વિચાર નહિ કરતાં આગળ પધાર્યા તે હવે કહે છે.

ज्ञानेनैकरात्रिदिवसवा रात्रयो गता इत्याप्रज्ञापयितुं प्रहाता॥ वथाधाज्ञाता॥ तत्र भगवान् गोकुलवृत्तान्तमविचा-
र्येवागत इत्याह॥ भगवानपीति॥ पद्यपद्येनैव स्थित्वा कंसमारयितुं शक्तः गोपिकाश्च संगेनेत्तु एकेन रूपेण स्थित्वा
रूपान्तरेण वा गंतुं तथापि मथुरामेव गत इत्यश इ॥ रामाक्रूराभ्यां सहित एकस्मिन् रथे स्थितः॥ तयोरप्रधानत्वा
यत्तथोक्तिः॥ नृपत इति संबोधनं राजलीलेयमिति ज्ञापयितुं। वायुवेगेन रथेनेति योजनत्रयं चतुष्टयं वा चरि
कामात्रेण समागत इति सर्वे गोपाला नंदादयः पश्चादेव स्थिताः॥ किंचित्तिरश्चयितुं परं भगवानेव समागतः॥

भगवानपि संप्राप्तो रामाक्रूरयुतो नृप रथेन वायुवेगेन कालिंदीमघनाशिनी ३८

अंतर्वेद्यां गोकुलं वृन्दावनं गोवर्द्धन इति विमर्शः॥ कल्पान्तरे तद्दीपाभागाः संप्राप्तमन्यत्र ज्ञाता इति॥ न च पत्रविरोध
॥ अन्याव कल्पनानसुतासारस्वतकल्पात् सारिणी चेयं कथा॥ एतावद् दूरमंतर्वेद्यामेवागत्य मथुरानिकटे मथु
रातः क्रोशद्वयं सर्वज्ञानि म्नायस्तु नाऽदूरे देवगंभीरे ति अघनाशिनी तीर्थे समागत इति साधारणेन सर्वत्र वाका
लिं पाविशेषणं। अक्रूरस्य सर्वपापघ्नये भगवत्स्वरूपदर्शनयोगिता सिद्धार्थं ततः प्रातःकाले अक्रमिति ३८

શ્લોકાર્થ :-૩૮

હે નૃપ ! બલભદ્ર અને અક્રુર સહીત ભગવાન પણ વાયુના જેવા વેગવાળા રથથી પાપહારિણી કાલિન્દી પહોંચ્યા (૩૮)

ભાવાર્થ; સુબોધિનીજી :-૩૮

જો કે ભગવાન અહીં ગોકુલમાં રહીને કંસને હણવાં અને ગોપીઓને પોતાની સાથે મથુરાં લઈ જવા શક્તિવાળા હતા. તો પણ તે મથુરા જ પધાર્યા. એમ અપિ પણ શબ્દ યોજેલ છે. બલભદ્ર અને અક્રુર સાથો ભગવાન એક રથમાં બેઠેલા છે. તે પ્રમાણે તે બે મુખ્ય ન હતા એમ જણાવવા કહેલું છે. આ રાજલીલા છે એમ જણાવવા હે નૃપ ! એમ સંબોધન કરેલું છે.

એક ઘડીમાં ભગવાન ત્રણ અથવા ચાર જોજન પહોંચ્યા એમ જણાવવા વાયુના જેવા વેગવાળા રથથી શબ્દો યોજેલ છે. નંદજી વિગેરે ગોપાલો પાછળ જ રહ્યા. અક્રુરને કંઈક ચમત્કાર દેખાડવા ભગવાન કાલિન્દી પહોંચ્યાં.

ગોકુલ, વૃંદાવન અને ગોર્વધન, ગંગા અને યમુનાજીની વચ્ચે હતા. એવા નિર્ણય થાય છે. હમણાં કલિના આરંભમાં તેમના ભાગે બીજે સ્થળે ફેરવાઈ ગયા છે. તેથી પ્રત્યક્ષનો વિરોધ નથી. બીજો નિર્ણય યોગ્ય નથી જ. આ કથા સારસ્વત કલ્પને અનુસરીને કહેલી છે.

ગંગા અને યમુના વચ્ચે આટલે દૂર પધારીને મથુરા નજીક, મથુરાથી બે કોશ કાલિન્દીએ પહોંચ્યા. યમુના બધે સ્થળે ઉંડી નથી.માત્ર ધરાઓમાં જ ઉંડી છે. તેથી અક્રુરના બધા પાપો નાશ થતા પાપહારિણી કાલિન્દી છે. યમુનાનું કાલિન્દી વિશષણ છે.

ભગવાને સવારે ભોજન કરેલું હોવાથી ત્યાં સુધી જે કર્યું તે હવે નીચેના શ્લોકથી કહે છે. (૩૮)

પછી બલભદ્રે લૌકિક અને વૈદિક પ્રકારે અક્રુરની પૂજા કરી એમ નીચેના શ્લોકથી કહે છે.

VIBRANT PUSHTI * VADODARA *

स्टी॰३६ तत्रागत्य पल्वात्तदांस्मराह ॥ तत्रोपस्पृश्येति ॥ तत्र कालिंद्यां स्वयमुत्तीर्य नीलपयाउपस्पृश्य स्नात्वापानं
८३२ पेपीत्वा मृष्टकुंडलेविरजत्वात् स्वांतःस्थितमप्यक्रूरं पावयित्वा अन्यानप्यपेक्षितवान् । मणिश्यममिति
इंद्रनीलश्यामं सर्वप्रकाशकमंतःप्रविष्टमिति । तत्रस्थानां शुद्धिवत्ज्ञानमपि जनयतीति तत्रापि पित्वा ।
ततो रुक्मखंडं वृक्षसमूहे वैष्णवछायां समाश्रित्य बलभद्रसहितः पुनः रथारूढो जातः । अत्र किंचित्कर्तव्य
मितिछायायां रथे उपविष्टः रथस्थः ॥ ३९ ततो अक्रूरः भगवद्दत्तया माया गतश्मसमयः । दुर्लभत्वाद्युना

तत्रोपस्पृश्य पानीयं पीत्वा मृष्टं मणिप्रभं । वृक्षखंडमुपव्रज्य सरामो रथमाविशत् ३९
अक्रूरस्तावुपामंत्र्य निवेश्य च रथोपरि । कालिंद्या ह्रदमागत्य स्नानं विधिवदाचरत् ४

याः तत्र स्नात्वा गमिष्यामीति स्नानार्थं वृक्षखंडे स्थापितः ॥ अक्रूर इति ॥ ततो रामकृष्णौ आमंत्र्य स्नानार्थं गमि
ष्यामीति प्रार्थयित्वा बालकाविति रतस्तत्र कीडंतौ पारे निवेश्य उपवेश्य वा रथस्यातस्य मिस्तत्र कालिंद्या राम
ह्रदे पुनः समागत्य विधिवन्नित्यस्नानं पुनः कर्तव्यं च न । प्रातःकाले नित्यस्नानस्य निषिद्धत्वात् ४० ८३२

શ્લોકાર્થ :-૩૯

ત્યાં સ્નાન કરી, સ્વચ્છ મણિના જેવું કાંતિવાળું જળ પીને વૃક્ષોના સમુહ પાસે જઈ બલભદ્ર સાથે ભગવાન રથમાં બેઠા. (૩૯)

ભાવાર્થ; સુબોધિનીજી :-૩૯

કાલિન્દીમાં ભગવાને પોતે ઉતરીને સ્નાન કરીને સ્વચ્છ જલ પીને, તે જળ રજવગરનું હોવાથી તેનાથી પોતાની અંદર રહેલા પણ પોતાને અકુરને પવિત્ર કરવાની ઈચ્છા હતી તેમને પવિત્ર કર્યા. ઈન્દ્રનિલના જેવું શ્યામ અને સર્વનો નાશ કરનારૂં તે જલ ભગવાનના ઉદરમાં પ્રવેશ કરે એટલેહ ત્યાં રહેલા સર્વ જીવોની શુદ્ધિની પેઠે જ્ઞાન પણ ઉત્પન્ન કરે છે. મણીના જેવી કાન્તિવાળું વિશેષણ યોજેલ છે. વૃક્ષોના સમુહ પાસે જઈ એટલે વૈષ્ણવોનો છાયાનો આશ્રય કરી બલભદ્ર સહીત

ભગવાન રથમાં બેઠા. (૩૯)

પછી અક્રુરે દરરોજ નદીએ અવવાને સમર્થ નહિ હોવાથી, યમુના દુર્લભ હોવાથી તેમાં સ્નાન કરીને હું આગળ જઈશ. એમ વિચારીને સ્નાન કરવાની પ્રવૃતિ કરી એમ નીચેના શ્લોકથી જાણાવે છે.

શ્લોકાર્થ :-૪૦

અક્રુરે તે બેની આજ્ઞા લઈ. તેમને રથ ઉપર બેસાડી કાલિન્દીના ધરા પાસે જઈ વિધિ પ્રમાણે સ્નાન કર્યું. (૪૦)

ભાવાર્થ; સુબોધિનીજી :-૪૦

અક્રુરે તે બેને બલભદ્ર અને શ્રીકૃષ્ણને હું સ્નાન કરવા જાઉં છું એવી પ્રાર્થના કરી. તેઓ બાલક હોવાથી અહીં તહીં સમત કરે તેથી રથ ઉપર બેસાડી દઈને તમારે અહીંજ રહેવું એમ કહીને ફરીથી કાલિન્દીના કાંઠે જઈ પ્રાતઃકાલે મૃત્તિકા સ્નાન કરવાની શાસ્ત્રમાં મના હોવાથી ફરીથી વિધિ પ્રમાણે મૃતિકાસ્નાન કરી.

तत्र स्वधर्मेण जपः जले निमज्ज्य कर्तव्य इति प्रयाणस्थं शमिति पारिजले निमज्जत स्मिन्सलिले सनातनं वेदात्मकं ब्रह्म जपन्नेव शुद्धान्तःकरणः तावेव रामकृष्णावाददृशे। मनस्थितौ मिलितौ। यथा जलमध्यस्थाः पदार्था दृश्यन्ते तथा तावपि दृष्टवान्। तस्मिन्स्थाने मयादृष्टाविति तत्स्नानमात्रं भवति स्थानं भगवांश्च पुनः सर्वत्रैव तत्तद्देशादि दर्शनं च न ष्टम्। प्रतीपतो दर्शितं वा श्रुतस्य संदेह्यात्र तत्र यं ४१ ततो तौ दृष्ट्वा संदेहाद्विचारयति। तौ रथस्थाविति। यदि केनापि

निमज्ज्य तस्मिन्सलिले जपन्ब्रह्म सनातनम्। तावेव ददृशेऽक्रूरो रामकृष्णौ समन्वितौ ४१ तौ रथस्थौ कथमिह सुतावानकदुन्दुभेः। तर्हि स्वित्स्यन्दने न स्त इत्युन्मज्ज्य व्यचष्ट सः ४२ तत्रापि च यथापूर्वमासीनौ पुनरेव सः। न्यमज्जद्दर्शनं यन्मे मृषा किं सलिले तयोः ४३ ॥ ॥

प्रकारेण मध्य न्यवर्तिते समागतौ तर्हि स्यन्दनेन भविष्यतः। इति विचार्य उन्मज्ज्य व्यचष्ट दृष्टवान् दृष्टा स एवेति अभिन्नस्थानौ यमाह ४२ ततोऽपि दृष्टवानित्याह। तत्रापि चेति। यथापूर्वं यथास्थितौ तथैव दृष्टवान्। तस्य पुनरेव जिज्ञासा उत्पन्नेत्याह। पुनरेव सः इति। न्यमज्जत् सन्तः पतत् भगवतोः दर्शनं तत् किं मृषेति विमर्शोऽयं ४३

શ્લોકાર્થ :-૪૧

ડુબકી મારી તે જલમાં સનાતન બ્રહ્મનો જપ કરતાં અકુરે તે બે બલભદ્ર અને શ્રીકૃષ્ણને બેઠેલા જોયા.(૪૧)

ભાવાર્થ; સુબોધિનીજી :-૪૧

સુર્વણના ગૃહવાળા વરૂણને હું શરણે જાઉં છું. પાપો દૂર કરનારો જપ ત્યાં જલમાં કરવો જોઈએ તેથી જલમાં ડુબકી મારી. તે જલમાં સનાતન વેદરૂપ બ્રહ્મનો જપ કરતાં તે શુદ્ધ અન્તઃકરણવાળો થઈ અકુરે બલભદ્ર અને શ્રીકૃષ્ણને ભેગા બેઠેલા જોયા. જેમ જલમાં રહેલા પદાર્થો જોવામાં આવે તેમ તેમને પણ જોયા.

ભગવાને તે સ્થાનમાંથી માયા ઉપાડી લીધી એટલે તે સ્થાન પ્રભાવવાળું થયું. ભગવાન તો સર્વ સ્થળે રહેલા છે. પણ દોષને લીધે તેમનાં દર્શન સર્વ સ્થળે થતાં નથી તે અકુરનો સંદેહ દૂર કરવા ભગવાને પોતાનાં દર્શન કરાવ્યાં. (૪૧)

તે જલમાં બલભદ્ર અને શ્રીકૃષ્ણને જોઈને સંદેહ થવાથી વિચાર કરે છે. તે નીચેના શ્લોકથી કહે છે.

શ્લોકાર્થ :-૪૨

આનંદ દુદુંભીના રથમાં બેઠેલા તે બે પુત્રો અહીં કયાંથી? ત્યારે રથમાં નહિ હોય એમ વિચારી ઉભા થઈ તેણે જોયાં.(૪૨)

ભાવાર્થ; સુબોધિનીજી :-૪૨

ભગવાનનું સર્વના આત્મા હોવાપણું અને ભગવદપણું વિસરીને અકુર વિચારે છે કે આનંદદુંદુંભીના તો તે બે પુત્રો મેં રથમાં બેસાડેલા તેઓ અહીં જલમાં કેમ દેખાય છે.? કેવી રીતે આવ્યા? જ્યારે મારૂં ચિત્ત બીજા વિષયમાં હતું ત્યારે હરકોઈ ઉપાયે જલમાં આવ્યા હોય તો રથમાં નહિ હોય એ પ્રમાણે વિચાર કરી જલમાં ઉભા થઈ તેણે જોયા. સ શબ્દ યોજેલ છે. (૪૨)

પછી રથમાં પણ તેને બેને જોયા એમ હવે કહે છે.

શ્લોકાર્થ :-૪૩

ત્યાં પણ તેણે પોતાની મેળે બેઠેલા જોયા. તે બેનું જલમાં મને જે દર્શન થએલું તે શું ખોટું હસે? એમ વિચારી ફરીથી ડુબકી મારી (૪૩)

ભાવાર્થ; સુબોધિનીજી :-૪૩

પહેલાં બેસાડેલા તેવા જ બેને રથમાં જોયા. તેને ફરીથી જાણવાની ઈચ્છા થઈ એટલે ફરીથી ડુબકી મારી. હું જલમાં રહેલો હતો ત્યારે મને ભગવાનનું દર્શન થએલું તે શું ખોટું હતું? એ જાણવાની ઈચ્છા થઈ. તેને આવી શંકા થઈ. ફરીથી ડુબકી મારી. તે બેને જોયા એમ હવે નીચેના શ્લોકથી કહે છે.(૪૩)

द-टी०३६ ततोभूयःनिमज्यदृष्टवानित्याह॥भूयइति॥प्रथममप्यर्यापेभगवतोमाहात्म्यज्ञानातकल्पितत्वाशंकायाम
८३३ णपुनरुन्मज्यदृष्टवान।ततोतुभगवानप्याप्राणपर्यापिकृत्वापुनर्दृष्टःपदृष्टइतिनास्यलौकिकालौकिकप्रमाणेषु
प्रतिष्ठेतिभगवान्विचार्यतेवाप्यपितुस्वमाहात्म्यप्रकारिकृतवानित्याह॥भूयस्तत्रापीति॥सएवाक्रूरःभूयोदृष्ट
वान।तत्रापितस्मिन्नेवहृदेजलमध्येपि।अथवा।तत्रापिदर्शनेविशेषंदृष्टवान।यस्संकर्षणःतेशेषत्वेनदृष्टवान

भूयस्तत्रापिसोद्राक्षीतस्तूयमानमहीश्वरं॥सिद्धचारणगंधर्वैरसुरैर्नतकंधरैः ४४

भगवंतंतुशेषशायिनं।तस्यनारायणत्वेनज्ञानंयुक्तंभवतीतिनतुतद्रूपेणमत्वेनसंदेहनिवारणार्थमेवंप्रदर्शि
तइति।सिद्धादिभिःस्तूयमानंचदृष्टवान्।सिद्धाःसर्वशेषाविष्टसंकर्षणसेवकाः।तथापृष्टेनिरूपिताः।भुजंगा
नांसर्पाणांयेपतयःवासुकिप्रमुखाःतेरपि॥असुराणामपियेपतयःकालनेमिप्रभृतयःतेरपि।सर्वएवसंक राम
र्षणस्यभक्ताइतिसर्वेदैत्याःस्ससेवकाः।किंभयमितिप्रथमकक्षायामेवभयाभावोनिरूपितः ४४ ८३३

संकर्षणं वर्णयति ॥ सहस्त्रसिरसमिति ॥ रूपांतरे षतीजि दृष्टानभवतीति स्वरूपमेव प्रकटितवान् ॥ सहस्त्रसिरं सियस्प हेत्या नौ कामरूपे तथा भवतीति तद्वान्तस्पर्श देवमिति ॥ सर्वेष्वसिरसि फणाः सुकटानि रएता दशस्सस्यैवरूपं भवति । अन्यदपि ध्यानार्थमाह ॥ नीलांबरमिति ॥ तस्य त्वावरणं कालरूपमिति ॥

सहस्त्रसिरसं देवं सहस्त्रफणामौलिनं । नीलांबरं विश
श्वेतश्रृंगैः श्वेतमिवस्थितं ४५

पुनस्तमङ्गतिविसश्वेतनाशीतलं विक्रमांश्वेतं वसनमिति ॥ अन्यधर्मार्थमेव श्वेततानिरूपिता । वर्णनार्थं तिफणाः कृत्वा श्वेतास्य कैलासमिव श्रृंगैः सहितं दृष्टवान् ॥ स्थितमिति फणे भागे उच्चत्वात् उत्थित इव दृष्टः ४५

श्लोકાર્થ :-૪૪-૪૫

ત્યાં પણ તેને માથુ નમાવેલા સિદ્ધો, ચારણો, ગંધર્વો અને અસુરોથી સ્તુતિ કરાતા એક હજાર ફેણ અને માથાવાળા શ્યામ વસ્ત્રવાળા કમલના દાંડા જેવા શ્વેત શિખરો સહીત કૈલાશ જેવા એક હજાર માથાવાળા દેવ સંકર્ષણને જોયા. (૪૪-૪૫)

ભાવાર્થ; સુબોધિનીજી :-૪૪

પહેલી વખત જલમાં દર્શન થયાં ત્યારે અકુરને ભગવાનના મહાત્મ્યનું જ્ઞાન નહિ હોવાથી શાસ્ત્ર સાચાં નથી એવી કલ્પના કરી તેને ફરીથી ઉભા થઇ રથમાં ભગવાનના દર્શન કર્યા. ત્યારબાદ ફરીથી જલમાં ડુબકી મારી ભગવાનનાં દર્શન કર્યા. તેથી આ અકુરની લૌકિક અથવા અલૌકિક પ્રમાણમાં દઢ શ્રદ્ધા નથી એમ વિચારી ભગવાને તેને બોધ આપવા પોતાનું મહાત્મ્ય પ્રગટ કર્યું.

તેજ અકુરે ફરીથી દર્શન કર્યા. ત્યાં પણ એમ પણ શબ્દથી જલની અંદર અને બહાર પણ દર્શન કર્યા. દર્શનની અંદર ભગવાનનું ખાસ ચિન્હ જોયું. જે સંકર્ષણ હતા. તેમનાં શેષ તરીકે દર્શન કર્યા. અને ભગવાનના શેષશાયી તરીકે દર્શન કર્યા. તેને ભગવાનના નારાયણ તરીકે દર્શન થાય તેજ યોગ્ય હતું. પરંતુ પુરૂષોત્તમ તરીકે દર્શન થાય તે યોગ્ય ન હતું. વળી તેમાં સિદ્ધો વડે

સ્તુતિ કરાતા સંકર્ષણના દર્શન કર્યા. સિદ્ધો સંકર્ષણના સેવકો છે. છઠ્ઠા સ્કંધમાં તેને જણાવેલ છે. ભૂજંગો એટલે સર્પોના વાસુકી જે પતિઓ છે તેમનાથી સ્તુતિ કરાતા સંકર્ષણનાં દર્શન કર્યા. અસુરોના પણ કાલનેમી જે પતિઓ છે તેમનાથી સ્તુતિ કરાતા સંકર્ષનના દર્શન કર્યા. બધાએ સંકર્ષણના ભક્તો હોવાથી બધાએ દૈત્યો પોતાના સેવકો સહીત સંકર્ષણની સ્તુતિ કરતા હતા. એટલે તેમને ભય ક્યાંથી હોય તેથી તેમને ભય નથી. પીસ્તાલીસમા શ્લોકમાં સંકર્ષણનું વર્ણન કરે છે. બીજા રૂપનું જ્ઞાન દૃઢ ન થાય તેથી સંકર્ષણરૂપ પ્રગટ કર્યું. એક હજાર માથાઓ છે. જેમનાં તેવું રૂપ હતું. આ તેનું દૈત્યરૂપ નહતું. તે જણાવવા દેવ શબ્દો યોજેલ છે. બધાએ માથા ઉપર ફેણો અને મુકુટો હતા એ શેષનું રૂપ છે. શ્યામ વસ્ત્રવાળા એવું બીજું વિશેષણ ધ્યાન કરી શકે તે માટે કહે છે. તેનું આવરણ કાલરૂપ છે. વળી તમોરૂપ હોવાથી કમલના દાંડા જેવી શ્વેતતા કહેલી છે. કમલનો દાંડો શીતલ, ચીકણો અને શ્વેત હોય છે. વર્ણન કરવા માટે ફેણોને લીધે શિખરો સહીત શ્વેત પર્વત કૈલાશ જેવા તેણે જોયા એમ કહેલું છે. ઉંચા રહેલા હોય તેવાં દેખાતા હતા.

નીચેના શ્લોકથી તેને દર્શન કરેલાં ભગવાનનું વર્ણન કરે છે.(૪૪-૪૫)

र.टी०२६ ८३४

ततो दृष्टं भगवंतं वर्णयति॥ तस्योत्संग इति॥ उत्संगे कायिकोमलत्वात् समत्वात् कमनीयत्वात् ... लत्वेन सूक्ष्मत्वात् तस्य तस्यैव शरीरस्योत्संगतल्पता स्वस्य शयनार्थं तथोक्तवान्॥ अन्यथा सर्पशयनं भयानकं भवतीति उत्संग एव शयनस्थानमिति॥ तस्य नीलतापनाशकं यथा आकाशे मेघः स्वस्य स्यैव भवतीति तथा भगवानपि पीतिश्यामिको शेषपर्यंकवर्ततरे वस्त्रस्य च स्या एते षां स्वरूपं प्रयोजनं च स्वर्वस्तुकः॥ पुरुषाकाराः चत्वारो भुजा यस्याः सः

तस्योत्संगे घनश्यामं पीतकौशेयवाससम्॥ पुरुषं चतुर्भुजं शांतं पद्मपत्रारुणेक्षणम्॥ ४६

तं पुणातीतं॥ उत्पत्तिस्थितिलयानां तत्संशेरे वसिद्धत्वात् पद्मगर्भवत् अरुणोईक्षणे यस्य मेघवत् उत्पतपापयोजने निरूपितं॥ वासः प्रमाणं पुरुष इति स्थूलरूपता॥ स्वमेवाहमिति ज्ञा समिति निरूपिता॥ पुरुषार्थं चतुः शं पराद्वत्वं तत् जातिव्यक्तिः॥ अंतःकरणं विशेषाभावाय शांतिः॥ दृष्टेवतापहारित्वाय अरुणवर्णं ईक्षणं॥ किं सर्वथार्थं च गर्भपरे नयाजेने व मारपिष्यति न पाकस्य नेति निरूपितं॥ एवं षड्गुणा निरूपिताः ४६ 	एम ८३४

શ્લોકાર્થ :-૪૬

તેમની કાયા ઉપર વાદળાના જેવા શ્યામ, પીળા, રેશમી વસ્ત્રવાળા પુરૂષ ચારભૂજા, શાન્ત કમલના ગર્ભ જેવા લાલ નયનવાળાના દર્શન કર્યા. (૪૬)

ભાવાર્થ; સુબોધિનીજી :-૪૬

ઉત્સંગે એટલે કાયા ઉપર શેષનું બંધુએ શરીર કોમલ હોવાથી, ધીરે ધીરે ગોળ થતું હોઇ, સૂક્ષ્મ હોવાથી ઉત્સંગના (ખોળામાં) સરખું છે. સુખથી તેના પર શયન થઈ શકે તે માટે ઉત્સંગ કહેલ છે. તેમબ ન હોય તો સર્પ ઉપર શયન ભય કરાવનારૂં થાય. તેથી ઉત્સંગ શબ્દ યોજેલ છે. વાદળોના જેમ શ્યામ એટલે દુઃખી થએલાના દુઃખો ને નાશ કરનારા. જેમ આકાશમાં વાદળું પોતાના જ આધારવાળો હોય છે. તેમ ભગવાન પણ પોતાની ઉપર આધાર રાખનારા છે.

પીળું રેશમી વસ્ત્ર છે. જેમનું તેવા ભગવાનના દર્શન કર્યા. પુરૂષ એટલે પુરૂષના આકારવાળા, ચાર ભુજાઓ છે જેમની તેવા ભગવાન શાંત ગુણોથી પર છે કારણ કે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય તેમના અંશોથી જ થાય છે. કમલના જેવા લાલ નયનો છે જેમનાં તેવા ભગવાનના દર્શન કર્યા. વાદળાંના જેવા કહ્યા તેથી પ્રયોજન જણાવ્યું પહેલાં હું અહીં હતો. એવી વ્યત્પતિ પુરૂષ શબ્દની હોવાથી પુરૂષ શબ્દથી મૂલરૂપ કહ્યા.

ભગવાન ચાર પુરૂષાર્થોનું દાન કરે છે તે દર્શાવવા ચાર ભુજાવાળા દર્શાવેલ છે. તેમના દર્શનથી અન્તઃકરણના દોષો રહેતા નથી એમ જણાવવા શાંતિ જણાવી છે. તે દષ્ટિથી જ દુઃખ હરનારા છે અને કંસનો વધ કરશે એ જણાવવા લાલ રંગના નયનવાળા જણાવેલ છે.

ગર્ભ શબ્દથી એમ જણાવ્યું છે કે કંસને ભગવાન કોઈ ઉપાયથી હણશે પણ પ્રગટ થઈ હણશે નહિ. એ પ્રમાણે ભગવાનના ગુણો જણાવ્યાં. (૪૬)

चारु मनोहरं प्रसन्नं वदनं यस्य। स्वरूपतः फलतश्च सर्वसुखदायि। चारुर्यो यं हास्यः तत्पूर्वं निरीक्षणं यस्य। भ
क्तिज्ञानयोरुत्कर्षः सफलो निरूपितः। शोभने भ्रुवौ यस्य। ऊर्ध्वा नासिका च कालास्यपयोः बहिरन्तः कार्ये नि
रूपिते। सर्वे भगवत्यसीति ज्ञापयितुं निरूपयति। चारु कर्णो यस्य। सर्वत्र भगवानुत्तमश्लोकः। सुष्टु कपोलौ अ
रुणवर्णौ अधरो यस्येति। कामलोभादुत्तमौ निरूपितौ ४७ प्रकर्षेण प्रलम्बाः पीवराः स्थूला भुजा यस्य।

चारुप्रसन्नवदनं चारुहासनिरीक्षणं। सुभ्रून्नसं चारुकर्णं सुकपोलारुणाधरं ४७
प्रलम्बपीवरभुजं तुङ्गांसोरस्थलश्रियं। कम्बुकंठं निम्ननाभिं वलिवल्गूदरं ४८

दूरस्थाः स्थूलहस्थोपि उरुपार्थो नष्वाश्यन्तीति ज्ञापयितुं तुङ्गावंसावुरःस्थलं च तत्र श्रीर्यस्य। सर्वेषामेव सर्वं
सारं सुखदा सर्वेषयच्छतीति सर्वविद्यात्मके त्रिवलियुक्तं कण्ठं अस्यास्तीति कम्बुवत्कण्ठो यस्य। निम्ना नाभिर्यस्ये
ति जगत्कारणत्वमस्य सूक्ष्ममिति सुलक्षणत्वं च निरूपितं। त्रिवलीयुक्तं उदरं अश्वत्थपत्रवत् उदरं यस्य कोमलता किं
चिदुन्नतत्वं च निरूपितं। येन तद्दर्शिनः सर्वे सुखस्याद् इति ४८

શ્લોકાર્થ :-૪૭

મનોહર પ્રસન્ન મુખવાળા મનોહર હાસ્યવાળા સુંદર ભ્રમરોવાળા, ઉંચી, નાસિકાવાળા, મનોહર કર્ણવાળા સુંદર કપોલ અને લાલ અધરવાળા ભગવાનના દર્શન કર્યા. (૪૭)

ભાવાર્થ; સુબોધિનીજી :-૪૭

મનોહર અને પ્રસન્ન એટલે સ્વરૂપથી અને ફલથી સર્વને સુખ આપનારૂં વદન છે જેમનું તેવા મનોહર જે આ હાસ્ય તો હાસ્યપૂર્વક દષ્ટિ છે જેમની આ વિશેષણથી ભક્તિ હાસ્ય અને જ્ઞાન દષ્ટિનું ઉત્તમપણું ફલસહીત જણાવ્યું. સુંદર બે ભ્રમરો છે જેમની અને ઉંચી નાસિકા છે જેમની તેવા છે. તેથી બહાર અને અંદરના કાર્યોનું નિરૂપણ કર્યું.

મનોહર બે કર્ણો છે જેમના એ વિશેષણથી ભગવાન સર્વ સ્થળે ઉત્તમ છે. એમ કહેલું છે. સુંદર બે કપોલ અને લાલ રંગના બે અધરો જેમના છે તેવા ભગવાન આ વિશેષણથી કામ અને લોભનું નિરૂપણ કર્યું. (૪૭)

શ્લોકાર્થ :-૪૮

ઘણી લાંબી અને જાડી ભૂજાઓવાળા, ઉંચા ખભાઓ અને વક્ષઃસ્થલ ઉપર લક્ષ્મીવાળા, શંખના જેવી કંઠવાળા, નીચી નાભીવાળા, કરચલીયોવાળા પાંદળાં જેવા ઉદરવાળા ભગવાનનાં દર્શન કર્યા.(૪૮)

ભાવાર્થ; સુબોધિનીજી :-૪૮

ઘણી લાંબી અને જાડી ભૂજાઓવાળા દૂર રહેલા દષ્ટિવાળા, અલ્પ બુદ્ધિવાળા ભગવાન પાસેથી ચારેવ પુરૂષાર્થ પ્રાપ્ત કરશે. ઉંચા બે ખભાઓ અને વક્ષઃસ્થળ ઉપર જે લક્ષ્મી છે જેમના તેવા આ વિશેષણથી ભગવાન બધાનો આભાર વહન કરી, સર્વ દાન કરે છે. શંખના જેવી કંઠ છે જેમની તેવા નીચી નાભિ છે જેમની આ વિશેષણથી ભગવાનનું જગતનું કર્તાપણું ગૂઢ છે. તે સુંદર લક્ષણ જણાવે છે.

પીપળાના પાન જેવું ઉદર છે જેમનું તેવા ભગવાન અને તેથી અંદર રહેલા બધા સુખી છે એમ જણાવેલ છે. (૪૮)

ક-ટી-૩૬ बृहत्स्थलाकरितटोपस्या श्रोणिरपि तथा। ततो यो भागः स्त्रीणां नितंबस्थानीयः ततोप्यक्षस्मात्करभवत्
૮૩૫ उरूद्वयेनान्वितमिति। अनेकपातकविध्यावर्त्तयति। भूमिः करितरूपेति आधारबाहुल्यं निरूपितं। ततो
धस्मात्सर्वांगेषु सौहृर्यं निरूपयन् तथा वर्णयति। सर्वांगेष्वात्स्य दृष्टिः पतितेति। चारुजानुयुगं यस्य। तथा
जंघायुगेन संयुतमेकस्यां जंघायामपरस्याः प्रतिष्ठतीति। अन्यथा विश्लेषे भक्तानां गतिर्भिन्ना भवतीति

बृहत्करितटश्रोणिकरभोरुद्वयान्वितः। चारुजानुयुगं चारुजंघायुगलसंयुतं ४९
तुंगगुल्फारुणनखव्रातदीधितिभिर्वृतं। नवोद्यत्पल्लवश्रेणीलैर्विलसत्पादपंकजं ५०

४९ तुंगैर्गुल्फैररुणनखस्रासेपांव्रातःस्फुरत्तस्पर्शांगतिभिःकांतिभिर्वृतांनखकांतयःसर्वांगव्या प्तिरिष्टतीति।नवा अङ्गुलयः अंगुष्ठेवकमलशायाःतौर्विलसत्तशोभाश्चक्रपारपंकजयस्यास्तुसेव्यत्वापत्तर णौतथानिरूपितौ ५०

VIBRANT PUSHTI * VADODARA *

શ્લોકાર્થ :-૪૯

વિશાળ કેડનો પ્રદેશ અને શ્રૌણી અને હાથીની સૂંઢ જેવા બે સાથળોવાળા મનોહર બે ઢીંચણોવાળા, મનોહર બે જંઘાવાળા ભગવાનના દર્શન કર્યા. (૪૯)

ભાવાર્થ; સુબોધિનીજી :-૪૯

વિશાળ કેડનો પ્રદેશ છે જેમનો અને શ્રૌણી પણ તેવી જ છે શ્રૌણી એટલે કેડેથી નીચેનો ભાગ જે સ્ત્રીઓના નિતંબના સ્થાને રહેલો છે તે શ્રૌણીના નીચે હાથીના સૂંઢ જેવા બે સાથળોવાળા ભગવાન હતા. ભૂમી ભગવાનની કટિના પ્રદેશરૂપ હોવાથી, ભગવાન સર્વના આધાર છે તેબતાવ્યું. તે અકુરની દષ્ટિ ભગવાનના સર્વ અંગો ઉપર પડેલી હોવાથી તે અંગોની સુદરતા જણાવવા વર્ણન કરે છે.

મનોહર બે ઢીંચણો છે. બે જંઘાઓવાળા ભગવાનના દર્શન કર્યા. કારણ કે એક જંઘા ઉપર બીજી જંઘા રાખીને ભગવાન ઉભા રહે છે. તેમ ન કરે તો ભગવાન ભકતોની ગતિ જુદી કરે. (૪૯)

શ્લોકાર્થ :-૫૦

ઉંચી ઘૂંટીઓ અને લાલ નખોના સમુહની કાંતિથી વીંટાએલા નવી આંગળીઓ એ બે અંગૂઠારૂપી કમળ જેમનું તેવા ભગવાનનાં દર્શન કર્યા. (૫૦)

ભાવાર્થ; સુબોધિનીજી :-૫૦

ઉંચી ધૂંટીઓ અને લાલ નખોના સમુહની કાંતિથી વીંટાએલા નવી આંગળીઓ અને અંગૂઠાઓ કમળના પાંદળાં જેવાં હતાં. તેમનાથી શોભાવાળું ચરણરૂપી કમળ જેમનું તેવા. સારી રીતે ભગવાનની સેવા થઇ શકે તે માટે બે ચારણોને વર્ણવ્યા છે. (૫૦)

એ પ્રમાણે ભગવાનના અંગોનું વર્ણન કરી આભરણો કહે છે.

एवं सर्वांगवर्णनमुक्त्वाऽऽभरणानां वर्णनमाह। कटिसूत्रेति। कटिसूत्रं कांचीदामरूपं मर्यादानिमित्तं। ब्रह्म
सूत्रं यज्ञोपवीतं नाम मर्यादारूपं निमित्तं हारो मुक्तानां हृदये शोभाकरः। मुक्तानां जीवानां हृदये स्थापयतीति
स्थापयितुं। नूपुरं पादे कुण्डले कर्णयोः ५१ भक्तिशास्त्रयोगज्ञानेषु समलंकृतेः एते भ्राजमानं। आवेशयति व
र्णयति। पद्मकरमिति। एकस्मिन् करे पद्ममेतत् सर्वांगेषु समं। अतः सर्वेषु द्विभावमकं इति। ततः शंखः अर्पितत्वे,

रत्नमहार्हमणिव्रातकिरीटकटकांगदैः। कटिसूत्रब्रह्मसूत्रहारनूपुरकुंडलैः ५१ भ्राजमा
नं पद्मकरं शंखचक्रगदाधरं। श्रीवत्सवक्षसं भ्राजत्कौस्तुभं वनमालिनं ५२

ईद्दशीं पद्ममिति निजस्वरूपं गदा आसन्नरूपेति। एतानि चिह्नानीति तथा लक्षणांतराण्याह। श्रीवत्सशोभा दक्षिण
वक्षे रोमरेखा वक्षसि यस्य इदमसाधारणं लक्षणं। भ्राजत्कौस्तुभं यस्य। शुद्धा जीवाः कंठे स्थिता इति। वन
मालामुक्तां इति कीर्तिमुक्तं ५२

શ્લોકાર્થ :-૫૧-૫૨

ઘણાં કિંમતી માણીઓના સમુહવાળા મુકુટ,પોંચી અને કડાઓથી, કંદોરો, જનોઇ હાર, નૂપુર અને કુંડલો શોભતા હાથમાં કમળવાળા, શંખ, ચક્ર, ગદા ધારણ કરનારા વક્ષઃસ્થળ ઉપર શ્રીવત્સવાળા, તેજસ્વી કૌસ્તુભવાળા વનમાલાવાળા ભગવાનના દર્શન કર્યાં. (૫૧-૫૨)

ભાવાર્થ; સુબોધિનીજી :-૫૧-૫૨


સુબોધીનીજી; ભાવાર્થ :-

નાથવાળા જ થવું હોય તો વચનથી પણ માથાવાળો થઈ શકે છે તેથી મારે ઘેર આવવાનું શું પ્રયોજન? એવી શંકા થાય ત્યાં તે દૂર થાય તે માટે નાખવાળા કરી ઘરનું પવિત્રપણું કરવાનું છે. ચરણના રજથી શબ્દથી પવિત્ર કરવાનો ઉપાય કહે

र.टी.३८ टपणी
अथेति निरूपयन् चरणोदकस्य माहात्म्यमाह अवनिज्यांघ्रियुगलमिति। चरणोदकनिर्माणेन प्रक्षालनक्रियया बलेस्तु यं जाता कीर्तिः ऐश्वर्यं भक्तिर्मोक्षो वा। श्लोकोऽपि जातः। महत्त्वमपि जातः। महत्त्वं सर्वलोकप्रसिद्धिः। सत्यं शौचं सित्वाद्यिगुणरत्नं वा अथवा महत्त्वमिच्छद्भिरिति वाक्यात्। ऐश्वर्यं इन्द्रत्वं अतुलं ततोऽप्यधिकं भगवान् स्वरूपः इति। एकान्तिनां भक्तानां या गतिः स्वतन्त्रा भक्तिः सायुज्यं वाप्येति सर्वलोकप्रसिद्धा। अनिच्छतो गतिमण्वीं प्रयुंक्त इत्यादि वाक्यासिद्धा २४ धर्मं निरूपयन् वीर्यं वा चरणोदकमेव स्तौति। आप इति। ते दिव्याः अंघ्रिअवने निज्य आपः चरण

अवनिज्यांघ्रियुगलमासीत् श्लोको बलिर्महान्। ऐश्वर्यमतुलं लेभे गतिं चैकान्तिनां तु या।
२४ आपस्तेऽङ्घ्र्यवनेजन्यस्त्रीँल्लोकान् शुचयोऽपुनन्। शिरसाधत्त याः सर्वः स्वर्याताः सगरात्मजाः॥ २५

ज्ञानेनोदकानि त्रीन् लोकान् समेरान् किम्पारिमिरेन अपुनन् ता यतः स्वयं शुचयः शुद्धाः। न केवलं उदकस्य शुद्धत्वमाशंक्यते यानि कानि न केवलं पवित्रत्वजनकानि किन्तु आपि दैविकानि संपादकत्वमपीत्याह शिरसाधत्त याः सर्व इति। शर्वो म
हादेवः शिवोऽभ्रर्दित्यनफलं विस्तरेण निरूपितं। ततोऽस्मिन् गताऽपि ब्रह्मवदंशता न पिपासा वर्णा सेत्याह स्वर्याता इति। सगरस्य पुत्राः सगरात्मजा इति प्रसिद्धाः स्वर्गं गताः इन्द्रेण नाशार्थं कृतप्रयत्नाः अपि चरणोदकेनैव समानाः ज्ञातारस्तथा॥ २५
राम टपणी

છે. કારણ કે ચરણના રજથી પવિત્રપણું પ્રાપ્ત કરાવે છે. તેની શુદ્ધિથી ભગવદીય થવાય છે ચરણની રજ થાય તેથી બધાં ઘરો પવિત્ર થાય તો અને તમારા ઘરો ભગવદીય છે પછી પવિત્ર કરવાની શી જરૂર છે? એવી શંકા થાય છે. તેથી જ્ઞાનમાં શ્રદ્ધાવાળો અથવા ભકત જે કોઈ ગૃહસ્થ હોય છે તે કાલના ગુણોથી જેમ તેમ લોપાય છે. તેથી જો તે ઘરો પાપરહીત હોય તો

જ મોક્ષ થાય છે. વળી જો ભગવાન ઘેર પધારે તો માત્ર જીવતાં ઉપર જ ઉપકાર થાય છે. એમ નથી પરંતુ બધાએ પિતૃઓને પર ઘણો આનંદ થાય છે. જે ભગવાનના ચરણ પ્રક્ષાલનથી જલથી પિતૃઓ, અગ્નિઓ અને દેવો પ્રસન્ન થાય છે. કારણ કે બ્રહ્માંડથી હણાયેલાઓ પણ જલથી મુકત થાય છે.

તેથી આપના ચરણ પ્રક્ષાલનનું જલ પિતૃઓને ઘણો જ આનંદ આપનારૂં થાય છે. તેઓ પિતૃઓનું કાય લઈ અગ્નિ તેમને આપે છે.એવી પ્રસન્નતાની જરૂર છે. તેથી બધાઓ દેવો પિતૃઓ, યજ્ઞો પ્રસન્ન થાય છે. એવો ભાવાર્થ છે. (૧૩)

નીચેના શ્લોકમાં ભગવાનની શ્રી ધર્મનું નિરૂપણ કરતાં ચરણરજનું મહાત્મ્ય કહે છે.

શ્લોકાર્થ :- ૧૪

આપના બે ચરણોને પ્રક્ષાલન કરીને પ્રશંસાપાત્ર અને મોટો થયો અને ન સરખાવી શાકય તેવું ઐશ્વર્ય અને જે ભકતોની ગતિ છે. તે તેણે પ્રાપ્ત કર્યા. (૧૪)

સુબોધીનીજી; ભાવાર્થ :-

ચરણોને પ્રક્ષાલન કરવાની ક્રિયાથી ચરણનું જલ બનાવી બલિએ (૧) કિર્તિ (૨) ઐશ્વર્ય (૩) ભક્તિ -મોક્ષ એ ત્રણ પ્રાપ્ત કર્યા. તે પ્રશંસાપાત્ર પણ થશે. અને મોટો પર થયો. મોટાઈ એટલે સર્વ લોકમાં પ્રસિદ્ધિ હોવાપણું મોટાઈ ઈચ્છનારે ગુણોની પ્રશંસા કરવી (શ્રીમદભગવત ૧-૧૬-૨૬ થી ૨૯) વાકય પ્રમાણે સત્ય, શૌર્ય ગુણોવાળા હોવાપણું (૨)ઐશ્વર્ય એટલે ઈંદ્રપણુ ન સરખાવી શકાય તેવું એટલે તે ઈંદ્રથી પાણ વધારે, ભગવાન વશ હોવાપણું ઐશ્વર્ય (૩) ભકતોની સ્વતંત્ર ભકિત અથવા સાયુજયરૂપ ગતિ જે એટલે સર્વ લોકમાં પ્રસિદ્ધ, ન ઈચ્છનારને પણ સાયુજય પ્રાપ્ત કરાવે

છે. (શ્રીમદભગવત ૩-૨૫-૨૬) વાકયોમાં પ્રસિદ્ધ છે. (૧૪)

ભગવાનના ગુણ ધર્મ અથવા વીર્યનું નિરૂપણ કરતાં નીચેના શ્લોકમાં ચરણોદકની પ્રશંસા કરે છે.

શ્લોકાર્થ :- ૧૫

આપના ચરણને પ્રક્ષાલન કરવાથી થએલાં પવિત્ર જલે ત્રણ લોકોને પવિત્ર કરેલા છે. તે જલને શંકરે મસ્તક ઉપર ધારણ કર્યાં અને તેથી સાગરના પુત્રો સ્વર્ગ પામ્યા.(૧૫)

भगवतोऽप्यैश्वर्यं कीर्त्तयन्नमस्यति। ऐश्वर्यं शुद्धिं चोपास्यत्वेन पुरुत्वेन दोषनिवारकत्वेनुत्तमश्लोकत्वेन जगद्गुरुत्वेन च। देवदेवेति नन्नु भगवान् देवानामपि देवः उपास्यानामप्युपास्यः। जगन्नाथः नत्वेकदेशस्य। गुणेऽपि पापनिवारकेश्रवणे कीर्त्तने पुरुषप्रयासश्रवणं तथैव कीर्त्तने पापनाशकं। पद्मत्तमेति। यद्वेदोऽपि गुणान् स्वपकः। अकर्त्ता अरितं पिद्भिरितिन्या येन पितृः प्रतिकूलत्वात् तत्कृत्यमपि साध्यं तस्यापि गुणानन्यन्तमिति उत्तमैरपि व्यासादिभिः श्लोक्यत इति। नारायणो जगत्कर्त्ता इति। एवं षड्गुणान् संस्तुवन् नमस्यति। नमोऽस्तु ते इति। नमस्कारस्यार्थेन यानित्यं नमस्कारस्तत्त्वः। अत एव भगवान्नित्य

देवदेव जगन्नाथ पुण्यश्रवणकीर्त्तन यदूत्तमोत्तमश्लोक नारायण नमोऽस्तु ते ॥ २६ ॥ श्रीभगवानुवाच ॥ आयास्ये भवतो गेहमहमार्यसमन्वितः। यदुचक्रद्रुहं हत्वा वितरिष्ये स्वकृतं प्रियं ॥ २७ ॥

कार्यकर्त्रेति भगवत्कृतस्य विधातामावाच्चतावत् पुरीकृत्यामन्त्रयति वाक्यात् आगमनस्य प्रार्थितत्वात् ॥ २६ ॥ कालान्तरे समागन्तव्यमित्याह आयास्य इति। उत्तमानवचनेनाभावाय स्वाभिप्रेते चाह। आयास्यामि गृहमार्यसमन्वितः। इदानीं विद्यमानानां मध्ये बलभद्रसहितः। प्रार्थितानेन इत्थं षट्दुपसमागमिष्यतीति भावः। तर्हि इदानीमेव गन्तव्यमिदानीमेवेति चेत्तत्राह। यदुचक्रद्रुहं हत्वेति। सर्वेषामेव प्राप्तानां वक्रस्य पोडोद्धर्त्तारं कंसं हत्वा सिद्धं वक्रारेण कथनात्कंसं दृष्ट्वा। पित्रा प्रार्थितो प्यायास्ये। समागमने प्रयोजनं सूचयति वितरिष्य इति। स्वहृदा मनोरथानां पारं वा नानाविधिं वितरिष्य इति। च्चेनेतेषां स्वकृतां प्रियं प्रपि प्राप्नोमि तत्र श्यामागमिष्यामीति स्वकृतं ॥ २७ ॥

સુબોધીનીજી; ભાવાર્થ :-

ત્રાણ પગલાં ભરનાર આપના ચરણને પ્રક્ષાલન કરવાથી થએલાં જલે મંદાકિની વિગેરેના ભેદથી ત્રાણ લોકને પવિત્ર કરેલા છે. કારણ કે જલ પોતે શુદ્ધ છે, નખોદક અશુદ્ધ હસે એવી શંકામાં પોતે શુદ્ધ છે એમ કહેલું છે. તે જલ માત્ર પવિત્ર કરનારૂં છે એટલુ જ નથી પણ આધિદૈવિકપણું પ્રાપ્ત કરાવનારૂં છે. એમ તેને શંકરે મસ્તક ઉપર ધારણ કર્યાં. શબ્દોથી કહેલું છે શંકર એટલે મહાદેવ જે મસ્તક ઉપર ધારણ કરવાથી શિવ શિવ થયા. (શ્રીમદભાગવત ૩-૨૮-૨૨)વાકયોના સુબોધિનીજીમાં ફલનું વિસ્તારથી નિરૂપણ કરેલું છે. પછી ભૂમી ઉપર ગએલી ગંગાએ પણ બ્રહ્મદંડથી હણાએલાઓને પણ પવિત્ર કર્યા એમ સગરના પુત્રો સ્વર્ગ પામ્યા ! શબ્દોથી કહેલ છે સગરના પુત્રો સવર્ગ પામ્યા ! શબ્દોથી કહેલ છે સગરના પુત્રો દુષ્ટ બુદ્ધિવાળા તરીકે પ્રસિદ્ધ હતા. તેઓ સ્વર્ગ પામ્યા. ઈંદ્રે તેમનો નાશ કરવા માટે પ્રયત્ન કરેલો હોવા છતાં ભગવાનના ચરણના જલે ઈંદ્રના સરખા કર્યા એવો અર્થ છે. (૧૫)

ભગવાનના ઐશ્ચર્યનું કિર્તન કરતાં ભગવાનને નમસ્કાર કરે છે.

શ્લોકાર્થ :- ૧૬

હે દેવોના દેવ ! હે જગતના નાથ ! હે પૂણ્ય શ્રવણ અને કીર્તનવાળા ! હે યદુમાં ઉત્તમ ! હે ઉત્તમ શ્લોક ! હે નારાયણ , આપને નમસ્કાર હો (૧૬)

સુબોધીનીજી; ભાવાર્થ :-

ઉપાસના કરવા યોગ્ય તરીકે, પ્રભુ તરીકે, દોષ મટાડનાર તરીકે, ગુણ પ્રાપ્ત કરાવનાર તરીકે, ઉત્તમોથી સ્તુતિ કરાતા તરીકે અને જગતના કારણ તરીકે એવું છ પ્રકારનું ઐશ્વર્ય છે.

હે દેવાનના દેવ ! તે છ પ્રકાર પૈકી ભગવાન દેવાના પણ દેવ એટલે ઉપાસના કરવા યોગ્ય છે. (૨) બધાએ જગતનાનાથ છે પણ અમુક પ્રદેશના જ નાથ નથી. (૩) પુણ્ય એટલે પાપને દૂર કરનારાં, શ્રવણ અને કિર્તન જેના તેવા ભગવાન છે. (૪) ભગવાન યદુમાં ઉત્તમ એટલે યદુને પણ ગુણ પ્રાપ્ત કરાવનાર.

પિતાએ કહેલું નહિ કરનાર સર્વથી અધમ છે શ્રીમદભાગવત (૯-૧૮-૪૪) એ ન્યાય પ્રમાણે યદુ તેના પિતાનો વિરોધી હોવાથી, કોઈથી પણ મટાડી ન શકાય એવો દોષવાળો હતો. તેવાને ભગવાનના ગુણ પ્રાપ્ત કરાવે છે. (૪) વ્યાસ વિગેરે ઉત્તમ પુરૂષો પણ ભગવાનના ગુણોનું ગાન કરે છે. તેથી ભગવાન ઉત્તમ શ્લોક છે. (૬) નારાયણ જગત રચનાર હોવાથી ભગવાન જગતના કર્તા છે, કારણ છે. એવા છ ગુણોના ભગવાનને નમસ્કાર હો. (૧૬)

નમસ્કારની પ્રાર્થનાથી સદાનો નમસ્કાર જણાવેલો છે. (૧૬)

ભગવાન નિત્ય કાર્ય કરનારા છે તેથી તેમાં કોઈ વિઘ્ન થતું નથી. તેથી તેટલા સમયમાં અમે શહેર જઈશું એવું

१०टी०३८ एवमागमनं विश्वार्थं भगवद्वाक्यात् गृहे गत इत्याह। एवमुक्त इति। भगवता अप्रतिहतसामर्थ्येन एवमाज्ञप्तः इदानी
८६० मेव नेष्टं सिद्धमिति विमनाः। अथैकार्यमपि करिष्यतीतीव। स्वयं प्रथमतः इति पुरीं प्रविष्टः। कंसाय भगवानानीत
इति स्वकृतं कर्म आवेद्य गृहं ययौ शीघ्रमेव स्वगृहं यातः १८ एवं स्वं संबंधिनो निरोधमुक्त्वा वान्यं येषां सर्वमपि नि
रोधसंपाद्यं स्वरूपेणापि संपादयितुं तस्य यमस्य पुरगं द्रष्टव्यमित्याह। अथेति। अथ भिन्नक्रमेण मित्रभूतैरेव गोपालैः

एवमुक्तो भगवता सोऽक्रूरो विमना इव। पुरीं प्रविष्टः कंसाय कर्मावेद्य गृहं ययौ १८ अथाप
राह्णे भगवान्कृष्णः संकर्षणान्वितः। मथुरां प्राविशद्गोपैर्दिदृक्षुः परिवारितः १९


[illegible] भगवान् आविष्कृतः सर्वसमाक्रान्तरस्तत्र ऐश्वर्यमेवावृत्तोऽसौ । कंसमारणार्थं यत्नकर्तव्य इ
ति संकर्षणः समन्वितः । अन्यथा उभयोरवतारो न स्यात् । गोपैः परिवृत इति । एतैः सह एता वत्कालिकी उक्ता
तिज्ञापनार्थं शोभार्थं मनसि शंकाभावार्थं तेभ्यः माहात्म्यप्रदर्शनार्थं च मथुरां स्वनगरीं च कर्षणविशतः सा
मीप्यसप्तमी । पुरद्वारनिकटे गत इत्यर्थः १७ ॥

राम
८६०

ભગવાનનું વચન હોવાથી હું બીજે સમયે આવીશ એમ તે સમયે ભગવાને કહ્યું તે નીચેના શ્લોકથી કહે છે.

શ્લોકાર્થ :- ૧૭

યદુઓના સમુહનો દ્રોહ કરનારને હણીને હું તમો ઘેર આર્ય સાથે આવીશ અને મિત્રોનું પ્રિય કરીશું. (૧૭)

સુબોધીનીજી; ભાવાર્થ :-

સંબંધ વિનાનાનું વચન નથી એમ જણાવવા પોતાનું ઈચ્છેલું કહે છે કે હું આવીશ. પરંતુ આર્ય સાથે આવીશ. બલભદ્ર સાથે આવીશ. બધાને આવવાની પ્રાર્થના હોઈ ઉદ્ધવ સાથે આવીશ એવા ભાવ છે.

ત્યારે હમણાં બે જ પધારો એમ કહો તેથી યાદવોના સમુહનો દ્રોહ કરનારને હણીને એ શબ્દો યોજેલા છે. એટલે કંસને હણીને આવીશ. તેને હણવાના વિષયમાં સંદેહ નથી. મિત્રોનું પ્રિય કરીશ. શબ્દોથી આવવાનું પ્રયોજન સૂચવે છે. પાંડવો અને અહીં રહેલાઓનું પ્રિય કરીશ. હું તારા ઘેર આવીશ. (૧૭)

એ પ્રમાણે ભગવાને પધારવાનું નક્કિ કરી ભગવાનની આજ્ઞાથી ઘેર ગાયો તે નીચેના શ્લોકથી કહે છે.

શ્લોકાર્થ :- ૧૮

ભગવાને એમ કહેલો તે અક્રુર નિરાશ થએલો શહેરમાં ગયો અને કંસને પોતાનું કર્મ જણાવી ઘેર ગયો. (૧૮)

સુબોધીનીજી; ભાવાર્થ :-

અટકાવી ન શકાય એવા સામર્થ્યવાળા ભગવાને એ પ્રમાણે આજ્ઞા કરેલી. પોતાનું ઈચ્છેલુ. હમરશં થયું નહિ તેથી નિરાશ થએલો હોવા છતાં શહેરમાં ગયો ભગવાનને હું લાવ્યો છું. એવું પોતે કરેલું કર્મ કંસનને જણાવીને તરત જ પોતાના ઘેર ગયો. (૧૮)

ततो भगवान् दृष्टवानित्याह ददर्शेति । भगवद्दृष्टां पुरीं वर्णयति त्रिभिः पुरुषार्थचतुष्टयस्य सम्यक् स्वरूपतो द्रव्यतश्चैव विनियोगाय पुनरुत्तमा । अलङ्कृतासीत् पतितं भगवद्दर्शनार्थमिति । तत्र प्रथमं पुरद्वारे दृष्टवान् इति । तत्र स्थापितवान् स्फाटिकानि तुङ्गानि गोपुराणि पुरद्वाराणि यस्याः । द्वारान्तरं बृहद्धेमकपाटानि तोरणानि च यस्याः । ताम्रमयाः आराः कोष्ठानि च प्राकाराः यस्याः । केचित्तु आरशब्देन आरकूटं मन्यन्ते । ताम्रमयाः । परिखया दुरासदा । एवं नावरुद्धेति परिखायां न बाधः । उद्यानानि पुष्पप्रधानवाटिकाः तैः रम्या । उपवनैश्च फलप्रधानैः उपसमीपशोभिता । द्वारप्राकारपरिखाफलवृक्षैः सुशोभिता । एवं प्रधाननगरी रम्या सालङ्कारा निरूपिता २० वात्य

ददर्श तां स्फाटिकतुङ्गगोपुरद्वारां बृहद्धेमकपाटतोरणाम् । ताम्रारकोष्ठां परिखादुरासदामुद्यानरम्योपवनोपशोभिताम् ॥ २०

सौवर्णशृङ्गाटकहर्म्यनिष्कुटैः श्रेणीसभाभिर्भवनैरुपस्कृताम् । वैदूर्यवज्रामलनीलविद्रुमैर्मुक्ताहरिद्भिर्वलभीषु वेदिषु ॥ २१

ततः शोभातिशयमाह सौवर्णेति । सुवर्णमयाः शृङ्गाटकाः तैः उपस्कृतामिति । शृङ्गाटकं चतुष्पथं चत्वरमार्गविश्रामस्थानमिति । हर्म्याणि धनिनां गृहाः । निष्कुटाः गृहारामाः । एकशिल्पोपजीविनां क्रयविक्रयस्थानं श्रेणिः । सभा नराणामुपवेशस्थानानि भवनानि । सर्वेषामेव गृहाः सर्वत्र सुवर्णमया इति न कापि शोभा । वैदूर्यादयो मणयः तैः उपस्कृतां वज्रा हीरकाः अमलाः स्फाटिकाः नीलाः नीलमणयः विद्रुमाः प्रवालाः मुक्ताः हरिन्मणयश्च निर्मिताः । वलभ्यः ग्रहपृष्ठा वलभ्यो द्वारानेव ... निर्मिताः उपवेशनार्थवेदयः उपवेशनानि स्थानानि तेषु वैदूर्यादिभिरुपस्कृतामिति सम्बन्धः २१

એ પ્રમાણે સમુદ્રનો વિરોધ જણાવી પહેલા પણ વાર્તાથી મથુરાવાસીઓનો વિરોધ કરાવી શરૂથી નિરોધ કરાવવા ભગવાને પોતે મથુરાં જોઈ તે નીચેના શ્લોકથી કહે છે.

શ્લોકાર્થ :- ૧૯

પછી દિવસના પાછલા ભાગમાં મથુરાં જોવાની ઈચ્છાવાળા ભગવાન કૃષ્ણ સંકર્ષણને સાથે લઈને ગોપોથી વિટલાયેલા મથુરામાં પધાર્યા. (૧૯)

સુબોધીનીજી; ભાવાર્થ :-

ગોપાલોની સાથે દિવસના પાછલા ભાગમાં તેના પોતાના સર્વધર્મો પ્રગટ કરેલા છે. તેવા ભગવાન કંસને હણવા માટે અવતરેલા કંસને હણવાનો પ્રયત્ન કરવો જોઈએ. સંકષણને સાથે લઈ મથુરામાં પધાર્યા. તેમ ન હોય તો બંનેનો અવતાર જ ના થાય. આ ગોપો સાથે મે આટલા સમય ક્રિડા કરી એમ જણાવવા અને મનમાં કોઈ પ્રકારનો ભય નથી એમ જણાવવા અને ગોપોને પોતાનું મહાત્મ્ય દર્શાવવા *ગોપોથી વિટાયેલા* થઈ ભગવાનને પોતાની નગરી મથુરાંમાં પ્રવેશ કર્યો. નગરના દ્વરા સુધી પહોંચ્યા એવો અર્થ છે.

શ્લોકાર્થ :- ૨૦

સ્ફટીકના ઉંચા મંદિરોમાં અને શહેરના બારણાંઓવાડી અને સુર્વણના કમાડો અને તૌરણોવાળી તાબાંની વંડીઓ અનેકોઠારોવાળા, ખાઈને લીધે પાસે ન જઈ શકાય તેવા બગીચાઓથી રમણીય વાડીઓથી શોભતી ને નગરી જોઈ. (૨૦)

સુબોધીનીજી; ભાવાર્થ :-

ભગવાને જોઈલી ચાર પુરૂષાર્થથી ભરપુર નગરીનું વર્ણન છે.

કારીકા -૭ : સ્વરૂપથી (૨૦) દ્રવ્યથી (૨૧) વિચિત્રપણાને લીધે પણ સર્વથી ઉત્તમ(૨૨) હમણાં ભગવાનનું દર્શન કરવા ઈચ્છનારાઓએ શણગારેલી તેવી નગરી ભગવાને જોઈ. (૭)

કારીકા-૮: બારણાંઓ, વખારો, ખાઈ ફલ અને ફૂલોથી પાંચ પ્રકારે શારીરિતે શોભાવાડી રમણીય અને અલકારી નગરી વર્ણવી છે. (૮)

ભગવાને મથુરાંને પોતાની દષ્ટિથી સંતોષ પ્રાપ્ત કરાયો. સ્ફટીકના ઉંચા મંદિરોના અના બારણાંઓ જેમાં હતાં તેથી સુર્વણના કમાંડો અને તોરણો જેમાં હતાં. તાંબાની બનાવેલી વડીઓ અને વખારો જેમાં હતી. તે નગરી ભગવાને જોઈ. તાંબાની બનાવેલી અને પિત્તળની બનાવેલી વખારો જેમાં હતી.તેવી ચાર બાજુ ખાઈ જેની પાસે જઈ શકાય નહીં એવી નગરી ભગવાને જોઈ. જેમાં પુષ્પ મુખ્ય હોય તેવા બગીચાઓ અને ફલવાળી વાડીઓથી શોભતી નગરી ભગવાને જોઈ. (૨૦)

ભગવાનની શોભા, બહારની શોભા વર્ણવી હવે અંદરની શોભા વર્ણવે છે.

શ્લોકાર્થ :- ૨૧

સુર્વણના વિસામાઓ, હવેલીઓ, અને જડેલી ભૂમીથી શોભાવેલી ચૌટા સભાઓ અને મકાનોથી શોભાવેલી, બાંકડાઓમાં અને ઓટલાઓમાં વદૂર્ય, હીરા, સ્ફટીક, નીલમણી અને પરવાડાથી મોતીઓ અને નીલા મણુઓ શોભાવેલી નગરીને ભગવાને જોઈ. (૨૧)

સુબોધીનીજી; ભાવાર્થ :-

સુવર્ણના બનાવેલા વિસામાઓ હતા. વિસામા એટલે શેની અંદર ચાર રસ્તા મળે તે સ્થળે વિશ્રામ લેવાનો સ્થાન તે વિશ્રામો. હેવલીઓ એટલે ધનવાળઓનું કરણ, નિષ્કુટમ્ એટલે જડેલી ભૂમી. ચૌટું એટલે એક જ કલા ઉપર આજીવીકા

VIBRANT PUSHTI * VADODARA *



કરવાવાળાઓએ ખરીદવા તથા વેચવાનું એક સ્થાન, સભાઓ એટલે માણસોને બેસવાનું સ્થાન, મકાનો એટલે પુરૂષોના ઘરો.આ બધા સુવર્ણના બનાવેલા હોવાથી કોઈ પણ સ્થળ શોભાવગરે રહેલ નતી. વૈદુય એટલે મણિઓ છે. તેનાથી શોભાવેલી નગરી જોઈ હિરો એટલે સ્ફટીક માણીઓ, નિલ માણીઓ(૨૧) વિદ્રમ અપલે પરવાળું મોટ અને લીલામાણીઓ. આ માણીઓથી બાકડાં અને ચોટા બનાવેલા હતાં. ઓટલાઓ એટલે બેસવાની ઉંચી જગ્યાઓ વૈદુર્યથી શોભાવેલી નગરી જોઈ.

શ્લોકાર્થ :- ૨૨

તેઓથી જડાયેલી ઝાડીઓનાં ચિત્રો,અને મધ્યમ ભૂમીમાં બેઠેલાઅ કબુતરા અને મયુરોએ પોતાના અવાજથી

ગંજાવેલી, સારી રીતે છાણકાવ કરેલા રાજમાર્ગો, બજારો, રસ્તાઓ અને વેરાયેલા પુષ્પો અને અકુંરો અને પ્રાણી અને ચોખાવાળી નગરી જોઈ. (૨૨)

સુબોધીનીજી; ભાવાર્થ :-

આગળ ઉપર મણીઓથી જડેલી ઝાડીઓના છિદ્રો વચ્ચે રહેલી ભૂમીમાં બેઠેલા હતા જે કબૂતરો અને મયુંરો તેઓના અવાજથી ગાતી નગરી ભગવાને જોઈ. તે પ્રમાણે ઉપલા ભાગનું વર્ણન કરી માર્ગોનું સૌદંય જણાવે છે. સારી રીતે છટકાવ કરેલા રાજમાર્ગો અને આગણાંઓ સર્વશ્વરી પુષ્પો, અંકુર, શેકેલા ધાણાંઓ જેમાં છે તે નગરી ભગવાને જોઈ. ભગવાન પધારવાના છે. તેથી મગલ થાય તે માટે (૨૨)

શ્લોકાર્થ :- ૨૩

દહીં અને ચંદન છાટેલાં પૂરા ભરેલા કૂંભોથી પ્લવોવાળાં પુષ્પો,અને આરતી હતી રેશમી આરતીઓથી રેશમી વસ્રોવાળી, દજાઓઆ વાડી, ફળ વાળી કેળો નઅને સુપારીના છોડોથી જેની અંદરના બારણના ઘરોસારીરીતે શણગારેલા હતા. એવી નગરી ભગવાને જોઈ.(૨૩)

સુબોધીનીજી; ભાવાર્થ :-

દહીં અને ચંદન છાંટેલા પુરા ભરેલા કુંભોથી શણગારાએલી કુભોવાળી નગરી જોઈ. પુષ્પો, દીવાની હારો, પલ્લવોવાળાં કુભોવાળી નગરી જોઈ. પુષ્પો, દીવની હારો, પલ્લવોવાળાં હતાં. ફલવાળી કેળો અને સોપારીના છોડો ધજાવાળાં હતાં. તેમનાથી અંદરના બારણાં અને ઘરો સારી રીતે શણગારેલાં હતાં તેવી નગરી જોઈ. દ્વારની બંને બાજુએ બે કુંભો તેમની ઉપર દહીંથી ભરેલું કામ, તેની પાસે દીવા, કેળ, સોપારીનો છોડ, ધજાઓ અને પતાકાઓ અને ચંદ્રના જેવો રંગવાળા ચંદ્રના જેવા આકારવાળા અરીસાઓ મહોત્સવમાં સર્વ સ્થળે કરવામાં રાખવામાં આવે છે. (૨૩)

એ પ્રમાણે નગરીનું વર્ણન કરી તેમાં બંનેએ પ્રવેશ કર્યો.

VIBRANT PUSHTI * VADODARA *

एवं पुरीं वर्णयित्वा तत्सम्प्रविष्टावित्याह। तां सम्प्रविष्टाविति। सर्वेषां भगवद्दर्शनार्थमेव तथा निर्माणमिति ये पुनर्बहिरागत्य दर्शनं सम्भवन्ति तान् उक्त्वा यासां न सम्भवति। तासामुद्योगाधिक्यमाह। द्रष्टुं समीयुरिति। नगरीप्रविष्टौ वसुदेवस्य पुत्रौ गोपालैर्वृतौ। नरदेववर्त्मना राजमार्गेण संवृतौ गच्छन्तौ द्रष्टुं पुरस्त्रियः समीयुः

तां सम्प्रविष्टौ वसुदेवनन्दनौ वृतौ वयस्यैर्नरदेववर्त्मना। द्रष्टुं समीयु
स्त्वरिताः पुरस्त्रियो हर्म्याणि चैवारुरुहुर्नृपोत्सुकाः॥ २४

सम्मुखाभिमुख्येन समागताः। याः साधारण्यः पुरस्त्रियः दूरस्थाः बहिर्निर्गमनासमर्थाश्च हर्म्याणि उच्चगृहान् आरुरुहुः। चकारात् यानेव स्थिताः द्रष्टुं शक्नुवन्ति तानेवारुरुहुरिति। नृपेति सम्बोधनं राज्ञो गमनेप्येवं कुर्वन्तीति ज्ञापनार्थं भगवति तद्विशेष॥
उत्सुका इति २४

શ્લોકાર્થ :- ૨૪

તેમાં પ્રવેશ કરેલા મિત્રોથી વીંટાએલા, રાજમાર્ગ ઉપર વસુદેવના બે પુત્રોનો દર્શન કરવા શહેરની સ્ત્રીઓ ઉતાવળી સામી આવી અને હે નૃપ! આતુર થઈ હવેલીઓ ઉપર ચઢી ! (૨૪)

સુબોધીનીજી; ભાવાર્થ :-

સર્વેને ભગવાનના દર્શન થાય તે માટે તે પ્રમાણે કહેલું હોવાથી તેઓએ બહાર આવીને દર્શન કરવાનો સંભવે નહી તેઓનો દર્શન માટેનો ઉદ્યોગ ઉતરાધથી કહે છે. નગરમાં પ્રવેશ કરેલા ગોપાલોથી વીટાંએલા રાજમાર્ગો ઉપર ભેગા થતાં વસુદેવના બે પુત્રોના દર્શન કરવા શહેરની સ્ત્રીઓ સામે મુખને રાખીને આવી. જે શહેરની સ્ત્રીઓ સાધારણ હતી તેઓ દૂર રહેલી હતી અને તેઓ બહાર નીકળવા અસમર્થ હતી તે મકાનો ઉપર હતી. ચ અને શબ્દથી જેના ઉપર રહીને દર્શન કરી શકે

તેવા મકાનો ઉપર ચઢી રાજા શહેરમાં જાય ત્યારે સ્ત્રીઓ એમ કહે છે તે જણાવવા હે નૃપ ! એવું સંબોધન કરેલું છે. રાજા કરતાં ભગવાનમાં રહેલ ઉત્તમપણું આતુર થઈ શબ્દોથી જણોવેલું છે. (૨૪)

નીચેના શ્લોકથી તેમની આતુરતાનું વર્ણન કરતાં તેમને કરેલ વસ્ત્રો અને આભુષણોનો ગુંચવાળો જાણાવે છે.

टी.३८ ९६२ तासामौत्सुक्यं वर्णयन्वस्त्राभरणानां विपर्यासमाह॥ काश्चिदिति भगवति भावो विशेषः अन्यथा लौकिक्येव
भाषा भवति। काश्चित् स्त्रियः विपर्यक् विपरीततया धृतानि वस्त्राणि भूषणानि च याभिः। पादयोराभरणं हस्ते
अक्षा वस्त्राण्युपरि एवं सर्वत्र। किं च केवलं विपर्यासः अपितु युगलेषु एकं विस्मृत्य एकमेवाभरणं धृत्वागता
॥ अथेति विपर्ययहेतुभ्यः अपराः अन्याः। तत्र सर्वापेक्षया प्येताउत्तमा इति युगलाभरणेषु हस्तकटकादिषु एक

काश्चिद्विपर्यग्धृतवस्त्रभूषणा विस्मृत्य चैकं युगलेष्वथापराः। कृतैक
पत्रश्रवणैकनूपुरा नाङ्क्त्वा द्वितीयं त्वपराः स्वलोचनं ॥ २५ ॥

स्यापि स्मरणं भवति। पत्रश्रवणे नः द्वयोरेव स्मरणं नैकस्य एकस्मरणं सर्वथा विगीतं तादृशमपि कृतवत्य इत्याह। कृ
तैकपत्रश्रवणैकनूपुरा इति। कृतं स्यापितमेकमेव पत्रं ताटङ्कं श्रवणे याभिः। एकमेव च नूपुरं श्रवणे पादे वा कृ
तं याभिः ताश्च। अन्यास्तु नः द्वितीयं लोचनं न अक्त्वा इहैवसमीपुरिति संबंधः। ततः शेषान्यायः। स्वलोचनमिति
। अग्रे स्वलोचनमपि अस्मत्कटाक्षेण लोचनं स्यामिति नेतस्यैव गाति ॥ २५ ॥ रास ९६२

શ્લોકાર્થ :- ૨૫

કેટલીક ઉંધી રીતે વસ્ત્રો અને ભૂષણો ધારણ કરેલી અને બેમાંથી એક આભરણ વિસરીને આવી. તેમજ બીજીઓ કાનમાં એક જ એરિંગ અથવા એક જ ઝાંઝર પહેરેલી આવી. અને બીજીઓ તો પોતાનું લોચન આંજ્યા વગર આવી. (૨૫)

સુબોધીનીજી; ભાવાર્થ :-

સ્ત્રીઓનો ભગવાનમાં ઘણો ભાવ છે. તેમ ન હોય તો આ લૌકિકી ભાષા જ થાય. કેટલીક સ્ત્રીઓ ઉંધી રીતે ધારણ

VIBRANT PUSHTI * VADODARA *

કરેલી વસ્ત્રો અને આભુષણોવાળી આવી. ચરણનું આભરણ હાથ પર અને નીચેના વસ્ત્રો ઘાંઘરો વિગેરે ઉપરના ભાગ પર ધારણ કરીને આવી. એ પ્રમાણે વસ્ત્રો અને આભરણો ઉંધા ધારણ કર્યા. એટલું જ નહિ પણ બે જોડીમાંથી એક જોડી ભૂલીને એટલે એક આભરણ ધારણ કરીને આવી. કાનમાં એક જ એરિંગ અને એક જ ઝાંઝર પહેરેલી આવી. તેમાં પહેલા જેઓનું વર્ણન કર્યું. તેઓના કરતાં ઉત્પન્ન હતી. જોડીના આભરણો પૈકી હાથના કડાં એક પણ પહેરી શકાય પણ જ્યાં બે આભરણ કરવાની જગ્યાએ ધારણ કરવાની જગ્યાએ એક જ ધારણ કરે તે કર્મ નિંદીત ગણાય. તેવું તેમને કર્યું. તેમ કાનમાં એક જ એરિંગ અથવા એક જ ઝાંઝર પહેરેલી શબ્દથી કહે છે. વળી બીજીઓ નીનુ લોચન આંજ્યા વગર ભગવાનના દર્શન કરવા આવે એવો શ્લોકનો સંબંધ છે. બીજા લોચનમાં મેશ આપવા આંજવા જતાં વચ્ચામાંથી ઉઠી ગઈ. (૨૫)

નીચેના શ્લોકમાં તેઓને ક્રિયામાં આસક્તિ ન હતી એમ જણાવે છે.

क्रियाशक्तिभावमाह। अश्नंत्य एका इति। तत्र अशनकर्म अन्नं वा अन्यथापि त्यागो भगवतीति तद्भावे तत्पर्यमाह सोत्सवा इति। उत्साहसहिता। अन्याः पुनरभ्यज्यमानाः सर्वांगे दत्ततैला शिरसि धृता वा। अकृतोपमज्जनाः स्नानमकृत्वैव ययुः। अन्याः पुनः स्वपंत्यः उत्थाय भगवानागत इति कोलाहलं निशम्य तथैवाचरितदेहाः स

अश्नंत्य एकास्तदपास्य सोत्सवा अभ्यज्यमाना अकृतोपमज्जनाः।
स्वपंत्य उत्थाय निशम्य निःस्वनं प्रपाययंत्योऽर्भमपोह्य मातरः। २६

मीपमागताः। अन्याः पुनः मातरः अनीप्सितरिक्ताः साक्षात् स्वस्तनपानं बालकान् प्रपाययंत्यः अर्भमतीव बालकम् पिविस्त्र्यापोह्य त्वरिता ययुः इति संबंधः २६

શ્લોકાર્થ :- ૨૬

કેટલીક ભોજન કરતી તે તજી ઉલ્લાસવાળી થઈ આવી તેલી ચોળીને સ્નાન કર્યા વગર આવી. ઉંગતીઓ અવાજ સાંભળીને ઊઠીને આવી. બાળકને ધવડાવતી માતાઓ બાળકને ત્યજીને દર્શન કરવા આવી. (૨૬)

સુબોધીનીજી; ભાવાર્થ :-

ભોજન કરતી ભોજન ત્યજીને ભગવાનના દર્શન કરવા આવી. તે ઉલ્લાસવાળી થઈ. પદ યોજેલુ છે. બીજીઓ આંખા શરીર પર તેલ ચોળાએલી અથવા માથામાં તેલ નાખી સ્નાન કર્યા વગર જ આવી. બીજી જે માતાઓ હતી અને તે ઉંઘતીઓ હતી તે ભગવાન પધાર્યા છે એમ કોલાહલ સાંભળીને તેવી જ સ્થીતીમાં દેહનો વિચાર કર્યા વગર દર્શન કરવા આવી. માતાઓ જેઓ પોતે જાગેલાં બાળકોને ધવડાવતી હતી. તે નાના બાળકોને ત્યજીને ત્વરાથી દર્શન કરવા આવી. અવો વાકયનો સંબંધ છે. (૨૬)

ભગવાનના દર્શન માટે એવી રીતે પ્રપંચના વિસ્મરણનું નિરૂપણ કરી તેમની આશક્તિ ભગવાન માટે થાય તે માટે ભગવાને કરેલાં ચરિત્ર નીચેના શ્લોકથી કહે છે.

ટી०३८ ८६३ एवं सर्वासां भगवद्दर्शनार्थं प्रपंचविस्मृतिर्निरूपिता निःप्रपंचानां तासां तदर्थं भगवच्चरित्रमाह मनांसीति। तासां दर्शनानां मनश्च भगवदीयं जातं तदा तासां सक्तिः सिद्धा मनो हि लौकिकत्वात् संसारस्य। मनसो हि वशीकरणं द्वेधा भवति। वस्तुसामर्थ्यात् मन एव वशं भवति। यथा कृष्णविषये स्त्रीणां मोहकत्वं भवति। यथा मंत्रादिभिः। तत्रारविंदलोचनः कमलनयन इति स्वरूपसौंदर्यं सर्वतापनाशकत्वेन उपकारित्वं च

मनांसि तासामरविंदलोचनः प्रगल्भलीलाहसितावलोकनैः। जहार मत्तद्विरदेंद्रविक्रमो दृशां ददच्छ्रीरमणात्मनोत्सवं ॥ २७ ॥

निरूपितं धर्मान्तरेणाह का नाम प्रगल्भाया लीला तत्सूचकं यद्धसितं तत्सहितं तेन वलोकनैरिति। अतिकामुकस्य तादृशं चेष्टासूचकं हास्यं भवति। अवलोकनं च दूरस्थानां सतां परिज्ञानेन नेत्राभ्यां सम्बन्धो भवतीति। हसितं मंत्रात्मकं। दृष्टिः पाशात्मिकेति। परस्याः मनः प्रत्येवं प्रकारेण यातीति। तादृशमेव हसितं येन चित्तं चेतितं ज्ञा। राम ८६३

पथि ह्रंकङ्कवचनंतत्रबोधकं वा तद्धि हरीकर्त्तुमाह।मत्तद्विरदेन्द्रविक्रमइति।भयं वा वकं लौकिकं तत्रासां वैदिकेत्वावि कारा भावात्तविचारे दोषाभावात्ततो यथा मत्तो द्विरदः स्वार्थं सर्वानविचार्य लौकिकानौकिकसाधनं युङ्क्ते।यथा मत्तगजः सजातीयानामप्यतिक्रमार्थं इन्द्रपदं तस्यापि सर्वथा कर्त्तव्यत्वेन धर्मः अत्र पथिको भवतीति विक्रमपरेतस्मारस्य एतत्स्वपन्नोता सांत्तसर्वथा भयाभावश्च सूचितः।ननु दृष्टिद्वारा हि मनो यात्यामतः स्थितं इन्द्रियान्तरं व्यापारस्य तदानीमभावात्तद्दृष्टिः सुजनात्वलाअन्यत्रगच्छेयदितदा वक्षरा ग्रहणं सर्वथा न संभवतीति कथमेकांततो ग्रहणमिति।चेत्तत्राह।तासां दृशां श्रीरमणात्मना लक्ष्मीरमणरूपेणोत्सवं ददद्दिति उत्सवदा सन्तो हि नान्यत्र।किंच नवेदस्य सर्वस्यापि प्रकारे पि वेन्द्रलानां मध्ये लक्ष्मीः परमकाष्ठा मापन्नातां वेद्मस्तीति अनन्यासक्ता करोति।कथमन्यान्न कुर्यात् अतो निःप्रत्यूहं तासां मनोहरणमुपपद्यते।आत्मपदेन नावस्यकान्वितत्परन्वेस्तूचयति २७ ॥ ॥ ॥

શ્લોકાર્થ :- ૨૭

કમલ જેવા નયનોવાળી ઉત્તમ મત હાથીના જેવા પરાક્રમવાળાં ભગવાને તેઓના ચક્ષુઓને લક્ષ્મીના રમાણરૂપથી ઉત્સવ આપતાં સ્વચ્છંદ લીલા સૂચવનાર હાસ્યવાળી દ્રષ્ટિઓથી તેઓના મનને હર્યા. (૨૭)

સુબોધીનીજી; ભાવાર્થ :-

ઉપર વર્ણન કરેલી સ્રીઓનું મન જો ભગવદીય થાય તો આશક્તિ થઇ જાય. કારણ કે સંસારનું મૂળ મન છે. મનને વશ કરવાનું બે પ્રકારે થાય. (૧) જેમ ઉત્તમ પદાર્થમાં મન ચોટે છે તેમ વસ્તુના સામર્થ્યને લીદે મન જ વશ થાય. (૨) જેમ મંત્રો વિગેરેથી મન વશ થાય છે. મોહ ઉત્પન્ન કરનાર પોતાના ગુણોથી મન વશ થાય તે પૈકી ભગવાનને કમલ જેવા નયનોવાળા કહી તેમના સ્વરૂપનું સૌદય અને તાપોનો નાશ કરનાર, ઉપકાર કરનાર તરીકે તેમને જણાવે છે.(૩) સ્વંચ્છદ જે

લીલા અને તેનું જે હાસ્ય તેવા હાસ્યવાળી દ્રષ્ટિઓ શબ્દથી મોહ કરનાર ગુણો કહે છે. કારણ કે ઘણા પ્રેમવાળા હાસ્યની દ્રષ્ટિ પ્રેમની ચેષ્ટા સૂચવનાર છે. તેઓ શહેરની સ્ત્રીઓ હોવાથી તે જાણે છે અને મોહ પામે છે. હાસ્ય મંત્ર જેવું છે. દ્રષ્ટિ સાંકળ જેવી છે. જે સ્ત્રીનું મન જે પ્રકારથી ભગવાનમાં આવે તેવા ભગવાનના હાસ્યની દ્રષ્ટિ તે સ્ત્રી તરફ થાય છે તે જણાવે છે.

ભગવાનમાં મન મોહ પામે તેમાં નડનારી બુદ્ધિને દૂર કરવા *મત ઉત્તમ હાથીના પરાક્રમવાળા* શબ્દો યોજેલ છે. વૈદિકમાં સ્ત્રીઓનો અધિકાર નહી હોવાથી ને ભગવાનમાં મોહ પામે તેમાં દોષ નહી હોવાથી તેઓને નળવામાં લૌકિક ભય છે. તે સંબંધમાં *ભગવાન મત હાથી* છે. જેમ મદવાળો હાથી બધાનો વિચાર નહી કરતાં લૌકિક અને અલૌકિક સાધનોવાળો થાય છે. અને પોતાનું કાર્ય સાધે છે.

તેવા ભગવાન છે. ઉત્તમ શબ્દથી કર્તવ્ય તરીકે રીવાજ ઉત્તમ હોય છે. તેથી વિક્રમ શબ્દ યોજેલ છે. તેથી તે સ્ત્રીઓને ભય નથી. સ્ત્રીઓની અંદર રહેલા મનને દ્રષ્ટિ દ્વારા ગ્રહણ કરવું જોઈએ. દ્રષ્ટિ ચંચંળ છે. તે બીજે જાય તો મનને ગ્રહણ કરવાનું કોઈ રીતે સંભવે નહી. તેથી ભગવાને તેમના મન હરી લીધા. એમ કેમ કહી શકાય? એવી શંકા થાય ત્યાં તેઓના ચક્ષુઓને લક્ષ્મીના રમણના રૂપથી ઉત્સવ આપતાં શબ્દો કહેલાં છે. કારણ કે ઉત્સવમાં જેની આશક્તિ હોય તેનું સર્વસ્વ લઈ લેવામાં આવે તો પણ તેણે ઉત્સવ સીવાય બીજી કોઈ પણ વસ્તુનું ભાન નથી.

લક્ષ્મી ચંચળ છે. તેને ભગવાન રમાડે છે. અનેપોતાના સીવાય બીજામાં આસક્તિ વગરની કરે છે. તો બીજી સ્ત્રીને તે કેમ ન કહે? તેથી તેઓનું મન ભગવાન હરે તે નીર્ણય સીદ્ધ થાય છે. તેઓની દ્રષ્ટિ ભગવાનમાં આશકત રહે તે જરૂરી હતું તેથી દ્રષ્ટિ બીજે નાખી શકતી ન હતી. (૨૭)

ક્લેશ વગર કર્મ કરનારા ભગવાને તેમનું મન કેવી રીતે હર્યું? એવી શંકામાં નીચેનો શ્લોક કહે છે.

VIBRANT PUSHTI * VADODARA *

१०।२९।३८
८६४

ननु भगवानक्लिष्टकर्मा तासां मनः कथं गृहीतवान्नित्याशंक्याह। दृष्ट्वेति। आत्मानं सकार्यं ताभ्यो दत्वा तासां मनो गृहीतवान्। भगवत्स्वरूपग्रहणे तासां प्रकारमाह॥ दृष्ट्वेति। सुहृदः सर्वदा रक्षकः तापो भगवान्स्वदर्शनी दृष्टः। ततः च सुःप्रीतिरुक्ता श्रवणव्यतिरेकनप्रीतिर्न भवति इति अन्यथाद्भुतरसएवोत्पद्यते। तत्प्रीतिः सर्वेभ्योऽप्यधिकप्रीतिसिद्ध्यर्थं सुहृदः श्रवणमपेक्ष्यते ततस्तासां चित्तासंगमाह। अत्यद्भुतचेतसइति। दर्शनमद्भुतं चित्तं यासां। अतएव वध्रियमाणमपि स्वभावादिभिर्न स्थितं [illegible] मनसं तेन चित्तप्रतिबंधकं मनोऽपि नास्ति

हस्तः सुहृदः क्रान्तमनुद्भुतचेतसस्संततसेक्षणोत्स्मितस्वभोक्षणालब्धमानाः। आनंदस्य निसु
पशुत्वहरणात्मलब्धहृष्टत्वतोजअनंतमरिरमाधि २८ ॥ ॥

प्रत्युतात्युक्षणमेवेति तथाप्युपस्कृताः मनोऽनंतं गृहीतम समर्था इति पुरस्कारमाह। तत्सापेक्षणं स्वकं युक्तस्मितं हृद्यस्मितं सर्वप्रपत्तात अधिकारसंतनद्धिः स्मारकं च दोवस्तु पाभिहृत्वा यस्मितं अलौकिकेभावाय प्रेक्षणमिति द्वयमिलितमष्टतत्वं भवति। आभासैरप्युपमीयते प्रकृतोपयोगाय तत्पापक्षणं सेवनं तेन लब्धा मानायाभिः लतापायास्ता। अस्तासिक्ता। भगवतोऽप्यानंदरूपं फलं फलिष्यतीति। ततः सन्मानं नो प्राप्य आनंदात्

भवे येऽग्याः स्तपः भावलक्षणं वामानं प्राप्तत्वपनोदनार्थमिक्समागतं भगवंतं स्वतः पुरुषार्थरूपमानंदरूपात्मत्रिर्यति। उपस्थायेऽन्तरात्मनाचिन्तेन च समालिंग्याततः क्षणं जाताः। भगवत्प्रविष्टमार्गमाह। दृशाः आत्मलब्धमिति। दृष्टिद्वारा ज्ञानद्वारा च। आत्मन्याप्तत्वेन वा लब्धा। ततो ततः क्षणं नेत्राः बहिर्पितं प्रकरितवत इत्याह। हृष्यत्वच इति। सर्वांगेषु रोमांचयुक्ताः ततः क्षणमनोरथाज्जाता इत्यर्थः। अनंतमाधिजहरुरिति। भगवान्स्वाभिर्न प्राप्त इति। एवं मनः पीडास्थिता। प्रानेपि भगवति पादनित्यप्राप्तो भगवानवज्ञायते या वक्षानां तः प्रविश्य स्थिरो भवति। तावद्भूत भविष्यत्कालयोः भगवत्संबंधाभाव इति तानगच्छतीति। अथवा नाकः प्रविष्टे भगवति तेनैव क्षणाः मनः पीडायाः स्थानाभावात्ताजहरुः। अन्यथा नित्यमनोरथः क्षणमात्रदृष्टेन सिद्धोत। अरिरिविरमेति संबोधने लौकिकालौकिकात्वत्पतया स्त्रीत्वप्रसंग इति लौकिकभावेन कामादिर्भवेदितितन्निवृत्यर्थं अरीनकामादीन् रमयति २८

राम
८६४

શ્લોકાર્થ :- ૨૮

હે અરિને દમનર વારંવાર શ્રવણ કરેલા ભગવાનના દર્શન કરીને તેમની પાછળ દોડેલા ચિત્તવાળા, તેમની દષ્ટિ અને ઉંચા પ્રકારના હાસ્યરૂપ અમૃતના સીંચનથી માન પામેલી, દષ્ટિથી, પોતાની અંદર પ્રાપ્ત કરેલ આનંદ મૂર્તિવાળાનું આલિંગન કરી, રોમાંચવાળી થઈ અને તેઓએ મનની અનંત પીડા તજી દીદી. (૨૮)

સુબોધીનીજી; ભાવાર્થ :-

ભગવાને પોતાના કાર્ય સહીત પોતાને તેઓને આપીને તેઓનું મન હર્યું. ભગવાનના સ્વરૂપનું તેઓએ જેવી રીતે ગ્રહણ કર્યું તે પ્રકાર આ શ્લોકમાં કહે છે.

પહેલાં વારંવાર જે ભગવાનનું શ્રવણ કરેલું તે ભગવાનના દર્શન આ સમયે કર્યા. તેથી પ્રથમ ચક્ષુથી પ્રિતિ કહેલી છે. શ્રવણ કર્યા વગર પ્રીતિ થતી નથી કારણ કે જેમ તે શ્રવણ કર્યા વગર પ્રીતિ થતી નથી. કારણ કે જેમ તે શ્રવણ કરેલું ન હોય તો અદ્ભૂત રસજ ઉત્પન્ન થાય પણ પ્રીતિ ઉત્પન્ન થાય નહિ. સર્વ કરતાં અધિક પ્રીતિ થાય તે માટે વારંવાર શ્રવણ કરવાની જરૂર છે.

તેઓનું ચિત્ત સંસારના બંધનો વગરનું થયું. એમ તેમની પાછળ દોડેલા ચિત્તવાળી શબ્દથી કહે છે. ભગવાનના દર્શન થયા પછી તેમનું ચિત્ત તેમની પાછળ દોડયું અને સ્વભાવ વિગેરે પકડી રાખવા છતાં તે ઝાલ્યું રહ્યું નહિ. તેથી મન પણ ચિત્તને રોકી રાખનારૂં ન હતું અને તેમની એટલે જેમને મનને હરેલું છે. તેમની પાછળ દોડયું. તેને અનુકુલ થયું એમ કહ્યું.

એમ હોય તોપણ ભગવાનથી નહિ સ્વીકારએલી તેઓ ભગવાનને ગ્રહણ કરવા સમર્થ ન થાય. તેથી ભગવાને કરેલ સ્વીકાર કહે છે. ભગવાનની દષ્ટિપૂર્વક પ્રપંચ કરતાં અધિક રસવાળું અને તેનું વિસ્મરણ કરાવનારૂં હાસ્ય તેજ અમૃત હતું. મીઠું લાગે તે માટે હાસ્યને અને અલૌકિક ભાવ થાય તે માટે દષ્ટિ એમ બંને ભેગાં થઈ અમૃતતુલ્ય થાય

છે. તે અમૃતથી જે સિંચન પ્રાપ્ત કરેલું છે માન જેઓએ તેવી તેઓ થઈ . કારણ કે તેઓ લત્તા જેવી હતી. તેમના પર અમૃતનું સીંચન થતાં ભગવાનને પણ આનંદરૂપ ફલ આપવાની હતી. પછી સ્વીકાર પ્રાપ્ત કરી આનંદનો અનુભવ કરવા યોગ્ય થઈ. અથવા પ્રેમરૂપ માન પ્રાપ્ત કરી તે લઈ લેવા જાણે કે પધારેલા હોય તેવા આનંદરૂપ મૂર્તિ છે. સ્વતઃ પુરૂષાર્થરૂપ ભગવાનને પોતાના દેહની અંદર આનંદથી ભરપુર થઈ, દષ્ટિથી પોતાની અંદર પ્રાપ્ત કરેલું શબ્દોથી ભગવાન જે માર્ગ તેઓના દેહની અંદર પધાર્યા તે માર્ગ કરેલો છે. દષ્ટિ દ્વારા અને જ્ઞાન દ્વારા પોતાની અંદર પ્રાપ્ત કરેલ અથવા આત્મા તરીકે પ્રાપ્ત કરેલ ભગવાનને આલિંગન કરી આનંદથી ભરપુર થઈ.

તેથી દેહની અંદર આનંદથી ભરપુર થઈ, તેમને બહાર પણ તે આનંદને પ્રગટ કર્યો એમ રોમાંચવાળી શબ્દથી કહેલ છે. બધાએ અંગોમાં તે રોમાંચવાળી થઈ. તેથી તેમનો મનોરથ થયો એમ મનની અંદર પીડા તજી તેમનો મનોરથ થયો એમ મનની અંદર પીડા તજી શબ્દોથી કહેલ છે. અમને ભગવાન મળ્યા નથી.

એવી મનની પીડા પહેલાં તેઓને રહેતી. ભગવાન મળ્યા પછી પણ ભગવાન સદાને માટે મળ્યા છે. એમ જ્યાં સુધી જાણવામાં ન આવે અથવા જ્યાં સુધી ભગવાન પોતાની અંદર પ્રવેશ કરી સ્થિર ન થાય ત્યાં સુધી ભૂતકાળમાં અને ભવિષ્યમાં ભગવાનનો સંબંધ નહિ રહે એવી ચિંતા મટતી નથી. તેથી હમણાં ભગવાને પોતાની અંદર પ્રવેશ કરેલો હોવાથી ભગવાનથી જ તેઓ ભરપુર થઈ.

મનની પીડા માટે પોતાની અંદર સ્થાન ન રહેવાથી તે પીડાને તજી એમ ન હોત તો માત્ર એક ક્ષણ ભગવાનના દર્શન થતાં સદાનો મનોરથ સિદ્ધ ન થાય. લૌકિક અને અલૌકિક સરખા હોવાને લીધે આ સ્ત્રીઓ અને પુરુષો પ્રસંગ હોવાથી કામ વિગેરે ઉત્પન્ન થાય તેથી તે કામ દૂર રહે. ન થાય તે માટે અરિદમા એટલે તે કામને જીતે છે. એવું સંબોધન કરેલું છે. (૨૮)

જેઓને મનોરથ પુરો થયો છે. તેવી સ્ત્રીઓએ જે કાર્ય કર્યું તે નીચેના શ્લોકથી કહે છે.

VIBRANT PUSHTI * VADODARA *

१०।४१।२८ ८६५

ततः स्वर्गमनोरथानां कृतमाह। प्रासादशिखरारूढा इति देवानां कृत्यं पुष्पवृष्टिः एतास्तु देवरूपा जाताः अंतःपूर्ण
त्वात् बहिरपि देवकल्पत्वं जातमित्याह। प्रासादशिखरेषु समारूढाः विमानेष्विव स्थिताः अनिमिषत्वसिद्ध्यर्थमा
ह प्रीत्युत्फुल्लदृश इति। स्नेहेन कृत्वा निमिषोः विकसितनयनाः एवं स्थिताः अबलास्वभावतः सोऽर्थ उक्तः। अतः
सर्वथा देवकल्पाः सौमनस्यैः पुष्पैः कृत्वा नभस्य वर्षेनानन्तु निकटे स्थिताः वरूपुष्पैः वर्षणे अतिक्रमशंका कथं न भीता।

प्रासादशिखरारूढाः प्रीत्युत्फुल्लमुखाम्बुजाः। अभ्यवर्षन् सौमनस्यैः प्रमदा बलकेशवौ ॥२९॥

ज्ञाता इति चेत्तत्राह। प्रमदा इति। प्रकृष्टो मदः कामात्मको यासु तदा आविर्भूतकामाः विचाररहिता इत्यर्थः। किं वा पु
ष्पवृष्ट्या न भगवतः कापि तत्र उपपत्तिरिति नाम विशेषमाह। बलो बलभद्रः बलाधिकारे वा। केशवस्तु ब्रह्मेशयोः सुख
राते इति सर्वदा पुष्पवृष्ट्या दृष्टिमत्त्व भवतीति न चर्यः। येव वपुत्य पेयुष्या एनके शोसुस्थापने सर्वदेति नातिक्रमशंका ॥२९॥ ग्रम ८६५

શ્લોકાર્થ :- ૨૯

હવેલીઓના શિખર ઉપર ચઢેલી, પ્રેમને લીધે ઘણા જ વિકસેલાં ચક્ષુઓવાળાં, ઘણા મદવાળી અબલાઓએ બલભદ્ર અને કેશવ પર પુષ્પોની વૃષ્ટિ કરી કરી. (૨૯)

સુબોધીનીજી; ભાવાર્થ :-

દેવોનું કાર્ય પુષ્પોની વૃષ્ટિ કરવાનું છે. આ સ્રીઓ તો પોતાની અંદર અમૃતથી ભરપુર થએલી હોવાથી દેવરૂપ થએલી અને બહારથી પણ દેવાના જેવી થએલી બે વિશષણોથી કહે છે. જાણે વિમાનોમાં બેઠેલી હોય નહિ એમ તેમ તેઓ હવેલીના શિખરો ઉપર ચઢેલી હતી. તેઓની આંખો પલકાર વગરની થએલી હતી. એમ પ્રેમને લીધે ઘણાં જ વિકસેલા ચક્ષુઓવાળી

VIBRANT PUSHTI * VADODARA *

વિશેષણ કહેલ છે. સ્નેહને લીધે તેઓ પલકારા વિનાનાં વિકસેલા ચક્ષુઓવાળી જ રહેલી હતી. અબલાઓ હોવાથી અભાવથી જ સૌંદર્યવાળી અને તેથી સર્વ પ્રકારે દેવોને સમના હતા. તેમને ઉત્તમ પુષ્પોની વૃષ્ટિ કરી.

પાસે રહેલાં ઘણા પુષ્પોની વૃષ્ટિથી અપરાધ થવાની શંકાથી ભય કેમ ન પામી? એવી શંકા થાય તેથી ઘણા મદવાળો શબ્દ યોજેલે છે. ઘણો મદ કામરૂપ મદ છે. જેઓમાં કામ પ્રગટ થતાં તેઓ વિચાર વિનાની થઈ અર્થ છે.

વળી પુષ્પોથી વૃષ્ટિથી ભગવાનને કોઈ પણ અડચણ થઈ ન હતી એમ જણાવવા નામ કહે છે. બલભદ્ર અને કેશવ તે બ્રહ્મા અને શંકરને સુખ આપનાર હોવાથી સદ પુષ્પોની વૃષ્ટિ અનુભવે છે. તેથી પુષ્પોની વૃષ્ટિ થઈને અડચણરૂપ નથી. (૨૯)

એ પ્રમાણે સ્ત્રીઓએ કરેલાં સન્માનનું નિરૂપણ કરી બ્રાહ્મણોએ કરેલ સન્માનનું વર્ણન કરે છે.

एवं स्त्रीणां सन्माननं निरूप्य ब्राह्मणानां संबंधि सन्माननमाह इत्थमिति। लोके स्त्रियः अलौकिके द्विजा इति द्वयमेव जगत् इत्येतेन भूषितो भगवान् निरूप्यते दध्याचारात् तिलकार्थं दधि अक्षताश्चेति प्रथमतः अर्घेना ततः पाद्यं तत्तालनार्थं पात्राणि बहुवचनेन अनेकधा जलोपयोग इति नानाविधजलानि निरूपयति ततः उत्तमाः स्रजः ततो गंधः

इत्थं श्रुतौ स सोऽपायैः स्रग्गन्धैरभ्युपायनैः। तौ तावानर्चुः प्रहृष्टास्तत्र तत्र द्विजातयः ३०

ततः अन्यान्यभ्युपायनानि मिष्टान्नादीनि फलादीनि वा एवं चतुर्विधैः साधनैः तौ रामकृष्णौ आनर्चुः ततः प्रहृष्टा अपि जाताः द्विजातीनां पर्यवसाने पि कार्ये इदं वस्तु सर्वं भवतीति पश्चात् प्रमोदः उक्तः तत्र तत्रेति ब्राह्मणानां संमर्दो निवारितः क्रमश्च जातः द्विजातय इति सर्वे साधारणेन पूजायां प्रवृत्ता इति तेषामपि निरोध उक्तः ३०

શ્લોકાર્થ :- ૩૦

બ્રાહ્મણોએ દહી અને અક્ષતથી જલવાળા પાત્રોથી માળાઓ અને સુગધિ દ્રવ્યોથી અને ભેટોથી જુદે જુદે સ્થળે તે બંનેની પૂજા કરી અને આનંદ પાકયા. (૩૦)

સુબોધીનીજી; ભાવાર્થ :-

લોકમાં સ્ત્રીઓ અને અલૌકિકમાં બ્રાહ્મણો એ બેજ જગતનું રત્ન છે. તેમનાથી પુંજા કરાએલા ભગવાનનું નિરૂપણ કરવામાં આવે છે. દેશનારિવાજેને લીધે દીહીં અને અક્ષત(ચોખા) તેમનાથી પ્રથમ પૂજન કર્યું. પછી ચરણ પક્ષાલન કરવા જલવાળા પાત્રો જુદાજુદા જલો રાખેલા તેનો ઉપયોગ થાય છે. પછી ઉત્તમ માલાઓ અને ચંદનની બનાવેલી અને ધૂપની બનાવેલી સુગંધ, પછી મીઠા અન્ન વિગેરે અથવા ફલો વિગેરેની ભેટો એમ ચાર પ્રકારના સાધનનોથી બ્રાહ્મણોએ બલભદ્ર અને કેશવની પૂજા કરી અને આનંદ પામ્યા. જદેજુદે સ્થલોથી શબ્દોથી બ્રાહ્મણોની ભીડ થઈ ન હતી. તેઓએ વારાફરતી પૂજા કરી એમ કહેલ છે. બ્રાહ્મણો શબ્દથી તેમનો પણ નિરોધ કહેલો છે. (૩૦)

એ પ્રમાણે કાયાથી કરેલું અને મનથી કરેલું સન્માન કહી વાણીથી કરેલું સન્માન જણાવે છે.

द०टी०श्र ८६६ एवं कायिकं मानसिकं सन्मानमुक्त्वा वाचनिकमाह। ऊचुरिति। सर्व एव द्वारवासिनः सकृद्भगवंतं दृष्ट्वा अमितानं...
दमनुभूय विचारितवंतः। पेसर्वेदैव भगवंतं पश्यंति तेषां महद्भाग्यं तद्भाग्यं प्रस्तुत्वा आश्चर्यं विद्यमाहुः। अहो इ...
ति। गोप्यः तपः किमचरन्निति भगवंतं तु सुखिय एव जानंतीति। तासां च संसारे तपसैव सर्वं सिद्ध्यतीति। ज्ञातं स्मा

ऊचुः पौराश्च हे गोप्यस्तपः किमचरन्महत् यायात्येताव उपश्यंति नरलोकमहोत्सवौ ३१

मिरपि तत्कर्तव्यमिति। यत्र साधनेपि तत्र प्राप्ता। मिच्छा तत्र फले किं वक्तव्यमिति भावः। भगवद्दर्शनस्योत्कृष्टत्वाय। राम ८६६
हा। नरलोकमहोत्सवाविति। उत्सवः कृपाविरेव भवति। महोत्सवस्तु ततोपि दुर्लभः। तत्रापि सर्वेषां
वोति दुर्लभः। एतावपि च दर्शनेनाद्भुतत्वे प्रमाणमुक्तं ३१

શ્લોકાર્થ :- ૩૧

પુરૂવાસીઓએ કહ્યું. અહો ! ગોપીઓએ શું મોટુ તપ કર્યું? કારણ કે તેઓ નરલોકમાં મહોત્સવરૂપ આ બંનેનાં દર્શન કર્યાં. (૩૧)

સુબોધીનીજી; ભાવાર્થ :-

બધા પુરવાસીઓએ એકવાર દર્શન કરી, અપાર આનંદનો અનુભવ કરી વિચાર કર્યો જેઓ સદાએ ભગવાનના દર્શન કરે છે. તેઓનું મોટુ ભાગ્ય છે. આશ્ચર્યમાં ગરકારવ થઈ. અહો ! એમ કહ્યું. ભગવાનના દર્શન કરવાનું સ્ત્રીઓ જ જાણે છે. તેથી ગોપીઓએ શું તપ કર્યું? શબ્દોથી તેઓની પ્રશંસા કરે છે. તપથી જ બધું પ્રાપ્ત થાય છે. આપણે પણ તેવું તપ કરવું જોઈએ. જ્યારે સાધન કરવા માટે પણ ત્યાં પુરમાં રહેનારાઓની ઈચ્છા થઈ તો ફલનું તો કહેવું જ શું? એવો ભાવ છે. નરલોકમાં મહોત્સવરૂપ શબ્દથી ભગવાનના દર્શનનું તો તેથી પણ દુર્લભ છે. અને તેમાં પણ બધાનો ઉત્સવ ઘણો દુર્લભ છે. આ બે શબ્દથી તેઓ અદભૂત હોવાનું પ્રમાણ જણાવેલું છે. (૩૧) એવી રીતે કાયા, વાણી અને મનથી ભગવાનના સન્માનનું વર્ણન કરી, જેઓ સન્માન કરે છે તે બન્નને પ્રાપ્ત થતું નથી. ફલ દર્શાવવા નીચેના શ્લોકથી આરંભી સાત શ્લોક સુધી હલકી જાતવાળાઓ ભગવાનનું અપમાન કરે ત્યારે તેનો નાશ થાય છે. તે જણાવે છે.

एवं कायवाङ्मनोभिः सन्माननं निरूप्य ये सन्माननं न कुर्वन्ति उभयोः फलं दर्शयितुं हीनजातीयानां अतिक्रमेण अतिक्र
मेन नाशो निरूप्यते रजकमिति सप्तभिः। हीनः भगवन्तं नमस्यति इति ज्ञापयितुमेवं कथा। अन्यथा भगवान् हीनेन कुर्यात् [illegible]
त्वत्रेषु उत्तमो रजकः। रजकश्चैकः रक्षेत्पादिवाक्यात्। अतएव रामावतारे रजकस्याधिक्षेपवाक्यं। अतएव इयं जातिर्
दुष्टस्वभावा। अयं कं विहितं महान्तं साभरणं [illegible] रजका हि बुद्धाः केवलं मलशोधकाः। र
जकाश्चात्वायं रजकरत्वाद्रंगकारमिति। ननु भगवान् कथं राजवस्त्राणि किमिति शार्ययनितत्राह। गदाग्रज इति

रजकं कंचिदायान्तं रंगकारं गदाग्रजः। दृष्ट्वायाचत वासांसि धौतान्यत्युत्तमानि च ॥ ३२ ॥

रोहिणीपुत्रो द्वितीयः सोऽपि भविता तस्मात्स्वयं जातो भगवान्स्वतो न्यायार्हनीयः तत्कार्यं स्ववस्त्रप्रदानेन भवतीति कंसे मारिते तानि
निवस्त्राणि स्वस्यैव यानि भवन्ति तेन तं मेलयितुं यथा पुरवासिनः तथा तद्भृत्या अपि चेत् न मारणीया इति। केचित्तु गदो यो भविष्य
तीति मारणार्थं तयोक्तवानिति। कृपा हि तस्मिन्पतितेति तदुद्धरणार्थं याचितवानिति हीति। दृष्ट्वा याचते तानि
विविधमानेषु वस्त्रेषु किमिति याचितवानित्याह। धौतानीति। सांप्रतमेव शक्त्या लितानि स्वरूपतोऽप्युत्तमानि च का
रात ३२

શ્લોકાર્થ :- ૩૨

કોઈ રંગારા ધોબીને આવતો જોઈને ગદાગ્રજે (ભગવાને) તેની પાસે ધોએલાં અને ઘણા ઉત્તમ વસ્રો માગ્યાં. (૩૨)

સુબોધીનીજી; ભાવાર્થ :-

હલકો માણસ ભગવાનની ગણના કરતો નથી. તેમ ન હોય તોભગવાન તેને હલકો ન બનાવે . ધોબી અને મોચી વાક્યો મુજબ અત્યંજોમાં ધોબી મુખ્ય છે. તેમજ રામના અવતાર વખતે ધોબીએ અપમનાકારક વચન કહ્યું હતું. તેથી આ જાત જ દુષ્ટ છે. તેજ આ હતો. કોઈ એટલે આભરણવાળા ઉત્તમ વસ્રવાળા મોટા ધોબીને પોતાની સન્મુખ આવતો જોસ વસ્ત્રો માગ્યા. ધોબીઓ બે પ્રકારના હોય છે. માત્ર મેલ ધોનારાં (૨) રંગનારા. તે પૈકી આ રંગારો હતો એમ રંગારા શબ્દથી જણાવેલ છે.

ભગવાને એ પ્રમાણે રાજાના વસ્રો કેમ માગ્યાં. એવી શંકા થાય તેથી ગદાગ્રજ શબ્દ યોજેલ છે. ગદ રોહીણોનો બીજા પુત્ર થએલ તે ભવિષ્યમાં જન્મવાનો છે. પણ તે કંસનો વધ ન થાય ત્યાં સુધી બને નહિ એટલે કંસને હણવામાં આવે ત્યારે તે વસ્રો પાતાના જ થાય છે. જેમ પુરવાસીઓહણવા યોગ્ય ન હતા તેમ કંસના નોકરો પણ હણવા યોગ્ય નથી કે કેમ? એવા વિચારથી તેનો મેળ કરાવવા, માગવાનું કાર્ય તો ભગવાને કરેલું. કેટલાક તો એમ કહે છે. આ રંગનારો ગદ થશે તેને હણવા ભગવાને વસ્રો મૂકયાં. તેના પર ભગવાનની કૃપા દષ્ટિ પડી તેથી તેનો ઉદ્ધાર કરવા માટે ભગવાને વસ્રો માગ્યાં..ચ અને શબ્દથી ભાત ભાતના હતા એવું કહેલું છે. (૩૨)

ભગવાને કરેલી વસ્રોની માગણી જ કહે છે.

VIBRANT PUSHTI VADODARA

ह-टी०३८ ८६७ नानाविधमयाचनमाह। देह्यावयोरिति। गोपालेभ्यः पश्चाद्देयमिति संकोचायावयोरेवेत्युक्तं। समुचितानि मत्यं पी
तवस्त्राणि बलभद्राय नीलवस्त्राणि। अंगेति संबोधनं तस्मिन्स्नेहसूचकं भतिक्रमाभावार्थं च वासांसि परिध
नयोग्यानि चकाराद्यदि तवाभरणानि भवंति गोपालेभ्योपि वाऽनज्ञायत इति चेत्तत्राह। अर्हतोरिति। आवां उत्तम

देह्यावयोःसमुचितान्यंगवासांसिचार्हतोः।भविष्यतिपरंश्रेयोदातुस्तेनात्रसंशयः ३३

श्रेयो भविष्यति परं दातुस्ते नात्र संशयः।
वस्त्राण्यर्हतो दाने किं स्यादित्यत आह। भविष्यति परं श्रेय इति। अन्येभ्यो दानेपेक्षयापि सत्पात्रदाने परमधिकमेव श्रेयो भा राम
विष्यति परं दातुरेव तेन त्वद्दाने। अन्यथा भगवद्वाक्यमन्यथा स्यात्। दानपक्षेपश्चाद्राजत्वेदत्तेपि देयं पात्रस्य तत्र शंका यथा ८६७
श्रेयो न भवेदिति शंकां वारयति। नात्र संशय इति ३३

શ્લોકાર્થ :- 33

હે ભા માંગણસ ! અમે બે યોગ્ય પુરૂષોને યોગ્ય વસ્ત્રો આપ તારૂ વસ્ત્રો આપવાથી કલ્યાણ થશે. એમાં શંકા નથી. (33)

સુબોધીનીજી; ભાવાર્થ :-

ગોપાલોને વસ્ત્રો પછી આપવાનો છે તેથી માગણી ઓછી કરવા અમને બેને એમ કહેલું છે. યોગ્ય વસ્ત્રો એટલે મને શ્રીકૃષ્ણને પીળાં અને બલભદ્રને શ્યામ વસ્ત્રો આપો. હે ભલા પરૂષ ! એ સંબોધન તે ધોબીમાં સ્નેહ સૂચવનાર અને તેની ઉપર હુમલો થવાનો નથી એમ જણાવવા કહેલું છે. ચ અને શબ્દથી જો તારી પાસે આભરણો હોય તો આપ અથવા ગોપાલોને પણ વસ્ત્રો આપ. તમને ઓળખતો નથી. એમ કહે તેથી યોગ્ય પુરૂષ શબ્દ યોજેલ છે. અમે બે ઉત્તમ વસ્ત્રો પહેરવાને યોગ્ય જ છે. દાન કરવાથી શું ફલ થાય? એવી જીજ્ઞાસા થાય તેથી ધણું જ કલ્યાણ થશે. એમ કહેલું છે. બીજાઓને દાન આપવા કરતાં

મને દાન આપવાથી ઘણુ કલ્યાણ થશે. પરંતુ તું આપીશ તોજ, નહિ આપે તો નહિ થાય. નહિ તો ભગવાનનું વાકય ખોટું થાય. દાન કરવામાં આવે તો પછી રાજા થવાય તોપણ બીજા દોષ હોવાથી કલ્યાણ ન થાય એવી શંકામાં વિષયમાં સંશય નથી એમ દૂર કહે છે. એવી રીતે માગણી કરવાનું વ્યવહારથી નકિક થએલ હોવાથી તેના ઉપર ઉપકાર કરવા, માગણી કરવા છતાં, દુષ્ટે તે સ્વીકારી નહિ એમ નીચેના શ્લોકથી કહે છે. (૩૩)


स याचितो भगवता परिपूर्णेन सर्वतः । साक्षेपं रुषितः प्राह भृत्यो राज्ञः सुदुर्मदः ॥ ३४ ॥
ईदृशान्येव वासांसि नित्यं गिरिवनेचराः । परिधत्त किमुद्वृत्ता राजद्रव्याण्यभीप्सथ ॥ ३५ ॥

શ્લોકાર્થ :- ૩૪

સર્વ પ્રકારેથી પરિપૂર્ણ ભગવાને માગણી કરેલી હોવા છતાં રાજાના ઘણા દુષ્ટ મદવાળા તે સેવકે ગુસ્સે થઇ તિરસ્કારપૂર્વક નીચે પ્રમાણે કહ્યું. (૩૪)

VIBRANT PUSHTI * VADODARA *

સુબોધીનીજી; ભાવાર્થ :-

ભગવાન શબ્દથી એમ જણાવેલ છે કે પોતાની પાસે વસ્રો નહિ હોવાથી તેમને માગણી કરી ન હતી.

શક્તિવાળા પાસે પણ કોઈવાર પદાર્થ ન હોય એવી શંકા થાય તેથી સર્વ તરફથી પરિપૂર્ણ વિશેષણ યોજેલું છે. ભગવાન પાસે સર્વ પ્રદેશોમાં અને સર્વ કાલમાં ચારેબાજુ સર્વ દ્રવ્યો અને ફલો સર્વ તરફથી ભરપુર હોય છે.તેથી તેવા પુરૂષને વચનથી યોગ્ય જવાબ આપવો જોઈએ છતાં આવ્યો નહિ. તિરસ્કારપૂર્વક શબ્દથી જણાવેલ છે.

ગુસ્સે થઈ અંદરના અને બહારના દોષો જણાવેલા છે. રોષ અંદરનો દોષ છે. અને તિરસ્કાપૂર્વક ઉત્તર આપવો એ બહારનો દોષ છે. રાજાનો નોકર શબ્દથી જણાવેલ છે. કે તે કંસનો નોકર હતો. ઘણા દુષ્ટ મદવાળા શબ્દોતી તે સ્વભાવથી પણ દુષ્ટ હતો સુર્દુમદઃ હતો. (૩૪)

શ્લોકાર્થ :- ૩૫

હે પર્વત પર અને વનમાં રહેનારા જંગલીઓ ! તમે શું આવા વસ્રો નિત્ય પહેરો છો કે રાજાના દ્રવ્યોની ઈચ્છા કરો છો.? (૩૫)

સુબોધીનીજી; ભાવાર્થ :-

જે સારા વસ્રો ધારણ કરે છે. તે કોઈકવાર વસ્ત્રો ન હોય ત્યારે માગીને પણ ધારણ કરે છે. નાણાં આપીને વેંચાતા લઈને પણ ધારણ કરે છે. તેથી તમે શું આવાં વસ્રો નિત્ય ધારણ કરો છો?

પર્વત પર અને વનમાં ફરનારા શબ્દો યોજેલ છે. તેઓ વસ્રોવાળા હોવા છતાં પણ ખરાબ જ વસ્રો હોય છે. તેઓએ ઉત્તમ વસ્રો પહેરવા વ્યર્થ છે. નહિ પહેરેલા એવા વસ્ત્રો પણ પહેરવાની ઈચ્છા થવાથી માગીએ છીએ. એવી શંકા થાય તેથી જંગલીઓ શબ્દ યોજેલો છે. તેઓથી રાજાના વસ્ત્રો ન મગાય પણ સાધારણ વસ્રો જ મગાય પણ ઉત્તમ વસ્રો ન મગાય.

રાજાના વસ્ત્રો ન મગાય એવો કયો નિયમ છે? એવી શંકા થાય તેથી કહે છે કે તમે શું જંગલી છો? જંગલી એટલે

જેમનામાંથી મર્યાદારૂપ વર્તણુક જતી રહી છે. તેવા તમે છો? આવું જગલીપણું શા માટે આચરો છો? કારણ કે મેં ધોએલા વસ્ત્રો જેના મસ્તક ઉપર અભિષેક થએલો છે તેના જ મામ ઉપયોગ કરવા યોગ્ય છે અને તેની તમો ઈચ્છા કરો છો. (૩૫)

ह्न-टी-३८
८६८

अज्ञात्वा याचितमिति चेत् तत्राह याताश्विति। अतः शीघ्रमेव यात ग्रामान्तरं गच्छत यतो न तत्र स्थानं तेन ज्ञापते भवद्भिः। इति भा
हमेवं प्रार्थ्यमिति बोधक माह। यदि जिगीषेति यत्र प्रार्थयितारं राजकुलानि मूर्खान् दर्पयुक्तान् भजन्त राः अत्याप
राधे वध्नन्ति मध्यमापराधे घ्नन्त्यल्पापराधे लुम्पन्ति सर्वस्वं हरन्त्येव। अतो यत्र दोषमाह दृप्तमि
ति। अतो यत्र तद् दृप्तं न जानन्ति तान् दन्त्यन्यत्र यातेति। रोषवाक्यम् एवं सर्वसाधारणं भगवन्तं ज्ञात्वा बहु वचनेन सर्वान्
प्रत्युक्तवान्॥ ३६॥ तत्र वलभद्राज्ञ्रे पञ्चसहस्रमानः अग्रे कार्यमपि कर्तव्यमिति तं मारितवानित्याहाएवमिति। विशे

याताशु बालिशा मैवं प्रार्थ्यं परिजिगीषताम्। बध्नन्ति घ्नन्ति लुम्पन्ति दृप्तं राजकुलानि हि॥ ३६॥ एवं वि
कत्थमानस्य कुपितो देवकीसुतः। रजकस्य कराग्रेण शिरः कायादपातयत्॥ ३७॥

षणा कथमानस्य असंबद्धभाषिणः भगवन्माहात्म्यमज्ञात्वा स्वोत्कर्षमेव वदतीति। अत एव कुपितः। किं च देवकीसुत
इति देवकीतु बद्धा तस्या दुःखाकंसो मारणीय इति तं मारितवान्। अथवा मातुलेयो न मारणीय इति तं ज्ञापयि
तुं स्वस्य पौरुषं प्रकाशयितुं रजकं मारितवान्। कराग्रेण न पदेन नखेन वा केवितर्क दर्शनं कल्पयन्ति तस्य स्वस्ये
चेष्टापरतिशिरः कायात् हृतीकृत्वा न उभयोः सन्धानं युक्तमिति तत्र ज्ञापितानि हि भगवता परिधेयानीति॥ ३७॥

ग्राम
८६८

श्लोकार्थ :- ૩૬

હે મૂર્ખાઓ ! તરત જતા રહો. જો જીતવાની ઈચ્છા હોય તો એવી માગણી કરવી નહિ. રાજાના નોકરો ઉદ્ધત પુરૂષોને બાંધે છે. મારી નાખે છે. અને લૂંટી લે છે જ. (૩૬)

સુબોધીનીજી; ભાવાર્થ :-

અહીંથી તરત જતા રહો એટલે બીજે ગામ જાઓ કારણ તમે અહીંનો વૃતાંત જાણતા નથી એવી માગણી કરવી નહિ શબ્દોથી શિખામણ આપે છે. જો જીતવાની ઈચ્છા હોય તો શબ્દોથી ઉપદ્રવ કહેલો છે. કારણ કે એવી માગણી

કરનારને રાજાના સૈનિકો થોડો અપરાધ કરવામાં આવે તો તે અપરાધીને બાંધે છે. ગૃહસ્થો ધિક્કારે તેવો મોટો અપરાધ કરવામાં આવે તો મારી નાખે છે. અને સાધારણ અપરાધમાં તેનું સર્વસ્વ લૂંટી લે છે.

ઉદ્ધત શબ્દથી દોષ કહેલો છે. એટલે તે દોષને લીધે બીજે જતા રહેવું એવું રોષનું વાકય કહેલું છે. (૩૬) તે પ્રસંગે બલભદ્રનું અપમાન નહિ સહન કરનાર ભગવાને તેને મારી નાખ્યો એમ નીચેના શ્લોકથી કહે છે.

શ્લોકાર્થ :- ૩૭

કોપ પામેલા દેવકીના પુત્રે પોતાના હસ્તના આગલા ભાગ વડે એવી રીતે અપમાન કરનાર ધોબીનું માથું શરીર પરથી પાડી નાખ્યું. (૩૭)

સુબોધીનીજી; ભાવાર્થ :-

ભગવાનનું મહાત્મ્ય જાણ્યા વગર તે પોતાની બડાઈ ગાતો હતો. તેથી તે અપમાન કરનારો, સંબંધ વગરનું બોલનાર હતો. તેથી ભગવાન કોપ પામ્યા .

વળી તે દેવકીના પુત્ર હતા. દેવકીજીને તો બાંધેલાં હતા તેમના ઉપર કૃપા કરીને કંસને હણવાનો હતો તેથી તે ધોબીને મારી નાખ્યો.

અથવા મામો હણવા યોગ્ય નહિ હોવાથી તે કંસને પોતાનું શૌર્ય જણાવવા ધોબીને મારી નાખ્યો. હસ્તના આગલા ભાગ વડે શબ્દોથી તમાચો મારીને કે નખથી કેટલાક અદષ્ટ સુદર્શનથી મારી નાખ્યો એમ કલ્પના કરે છે. તેના મુખનો દોષ હતો તેથી માથુ કાયાથી જુદુ કર્યું. (૩૭)

તેને ધોએલાં વસ્ત્રો ભગવાનને પહેરવાનાં હતાં. તેથી તેને મારવાથી, બીજાઓ નાસી ગયા તે નીચેના શ્લોકથી કહે છે.

ततोऽन्येऽप्यहन्यमाना अपि पलायिता इत्याह। तस्यानुजीविन इति। तस्य रजकस्यानुजीविनः सेवकाः सर्वेऽपि रजकाः अतस्ते वासःकोशान् वस्त्रभारान् भंडाररूपान् विसृज्य निश्चयेन दुद्रुवुः। पलायिताः शत्रुरीत्या यथा कथंचिद् दुद्रुवुः सर्वत एव मार्गा यथा भवन्ति तथा। भीतपलायने सर्वत्रैव मार्गो भवतीति। ततो भगवानपि हतः स्वयं वासांसि जगृहे। हन्तृणां हि अयं धर्मः हतस्य शत्रोः पदार्थाः स्वस्यैवेति। स्तुतिराहित्यं न कोलाहलादिना ३१ भयशंकाभावात्। अत एव निर्भयव्यवहारमाह। वसित्वात्मप्रिये वस्त्रे इति। आत्मप्रियेऽपि संकर्षणोऽपि तथा। तथा शेषाणि पुनर्वस्त्राणि गोपेभ्य आ

तस्यानुजीविनः सर्वे वासःकोशान्विसृज्य वै। दुद्रुवुः सर्वतो मार्गं वासांसि जगृहेऽच्युतः ॥३८॥ वसित्वात्मप्रिये वस्त्रे कृष्णः संकर्षणस्तथा। शेषाण्यादत्त गोपेभ्यो विसृज्य भुवि कानिचित् ॥३९॥

ततो भगवान् संकर्षणश्च तेषां वस्त्राणां ग्रहणमनुचितमिति भारेऽप्यपरिच्छिन्नमभिप्रेतं भवेत् तानि भुवि विसृज्य ... वस्त्रं जात्यभिप्रायेण ... इति कृष्णस्योचितपरिधानं सम्यक् ... इति संकर्षणस्यापि परिधानमनुचितं ३९

શ્લોકાર્થ :- ૩૮

તેના બધા સેવકો વસ્ત્રના ભંડારો તજીને નાસી ગયાં. જેમ માર્ગ મળે તેમ નાસી ગયાં. અચ્યુતે વસ્ત્રો લઈ લીધાં. (૩૮)

સુબોધીનીજી; ભાવાર્થ :-

તે મુખ્ય ધોબીના સેવકો ભંડારરૂપ વસ્ત્રોનો ભંડારને મૂકી દઈને જ જેમ તેમ નાસી ગયા. તેઓ જેમ તેમ માર્ગ મળે તેમ નાઠા. કારણ કે ભય પામેલો નાસતો હોય ત્યારે સર્વ તરફ માર્ગ થાય છે. ગમે તે બાજુએ નાસે છે. પછી ભગવાને વસ્ત્રો લઈ લીધાં. કારણ કે હણેલા શત્રુની વસ્તુઓ મિલ્કત પોતાની જ થાય એવો ક્ષત્રીયોનો આ ધર્મ છે. ભગવાનેને કોલાહલથી ભય ન થાયો એટલે રોકી ન શકવાપણું અહીં કહેલું છે. (૩૮)

ભગવાને ભય રહીત વ્યવહાર અહીં જાણાવે છે.

શ્લોકાર્થ :- ૩૯

શ્રીકૃષ્ણે અને સંકર્ષણે પોતાને પ્રીય વસ્ત્રો પહેરીને, કેટલાક ભૂમી ઉપર નાખી દઈ બાકીનાં ગોપાલોને આપ્યાં. (૩૯)

સુબોધીનીજી; ભાવાર્થ :-

પોતાને શ્રીકૃષ્ણે પીળાં વસ્ત્રો તેમને પહેર્યાં. બાકીના વસ્ત્રો તેમને ગોપાલોને આપ્યાં. કારણ કે તેઓ લે તે યોગ્ય ન હતું. બાકીના વસ્ત્રો ભૂમી ઉપર નાખી દઈને ઉત્તમ વસ્ત્રો જ ગોપોને આપ્યાં. શ્રીકૃષ્ણ અને સંકર્ષણને જુદીજુદી જાતનાં પ્રિય હતાં તેથી વસ્ત્ર શબ્દ દ્વિવચનમાં યોજેલો છે. શ્રીકૃષ્ણ સદાનંદ આટલા માટે આનંદ આપવા જ અવતરેલા હોવાથી ઉત્તમ વસ્ત્રો ધારણ કરે તે ઉત્તમ જ હતું. સકર્ષણ પણ સારાં વસ્ત્રો ધારણ કરે તે પણ યોગ્ય જ હતું. (૩૯)


ततस्तु वायकः प्रीतस्तयोर्वेषमकल्पयत्। विचित्रवर्णैश्चैलेयैराकल्पैरनुरूपतः ॥ ४० ॥ नानालक्षणवेषाभ्यां कृष्णरामौ विरेजतुः। स्वलंकृतौ बालगजौ पर्वणीव सितेतरौ ॥ ४१ ॥

શ્લોકાર્થ :- ૪૦

પછી તો પ્રસન્ન થએલા વાયકે આભરણરૂપ જુદાજુદા રંગના વસ્ત્રોથી વર્ણન અનુકુલ તે બેનો વેશ બનાવ્યો. (૪૦)

સુબોધીનીજી; ભાવાર્થ :-

પછી બંનેએ તત્યને જાણેલ હોવા છતાં વાયકને સંતોષ આપવા માટે ન જાણતા હોય એવા ભાવથી જેમ તેમ વસ્ત્રો ગોઠવવા માંડયા તે વખતે વસ્ત્ર પહેરનારો જે રાજાઓને પણ સારીરીતે વસ્ત્રો પહેરાવનારો હતો તે પ્રસન્ન થયો. આવું કાર્ય આવી મળ્યું ત્યારે સર્વ પ્રસન્ન થાય છે. તેથી આ મારૂં કાર્ય છે. એમ વિચારી પ્રસન્ન થએલાએ બલભદ્ર અને શ્રીકૃષ્ણને જે વેષ યોગ્ય હતો તે વેષ તમને કર્યો. ભગવાને જે વસ્ત્રો ભેગા કરેલાં તેમાંથી વે બનાવ્યો. જેવો રંગ જોઈતો હતો તે પ્રમાણે યોગ્ય હોય તેવાં રંગવાળા ઉત્તમ વસ્ત્રોથી વેશ બનાવ્યો. વર્ણને અનુકુલ રીતે એટલે શ્યામ રંગમાં જેવો વેશ અનુકુળ હોય તેવો ભગવાનને અને બલભદ્રને શ્વેત રંગનો વેશ કર્યા.વાયક એટલે દરજી એક જ સ્થળે એક જ વિષયવાળામાં સારૂં અને ખરાબ ફલ થાય છે. એ જણાવવા વાયકનું નિરૂપણ છે. એ પ્રમાણે વસ્ત્રો પહેરાવવાથી ભગવાનની શોભા થઈ. તેમ ન હોય તો સ્વરૂપ્ય જાતનું વરદાન આપવું અયોગ્ય થાય તેથી કાર્યથી શોભા થઈ તે હવે કહે છે. (૪૦)

શ્લોકાર્થ :- ૪૧

ભાતભાતના ચિન્હોવાળા વેષોથી શણગારાએલા શ્રીકૃષ્ણ અને રામ, શ્યામ અને શ્વેત નાના હાથીઓ ઉત્સવ ઉપર શણગારાએલા હોય તેમની પેઠે ઘણા શોભ્યાં. (૪૧)

સુબોધીનીજી; ભાવાર્થ :-

વેષની આકૃતિમાં ભાત ભાતના ચિન્હો કરેલાં તેને વાયકને ગભરાટ ન થાય તે માટે સદાનંદપણું અને રતિ ઉત્પન્ન કરનારપણું કહેલ છે. તેઓ ઘણા શોભવા લાગ્યા. કારણ કે મોટા સ્વરૂપથી ઉત્તમ હોય અને શણગારાવાથી આશ્ચર્ય ઉત્પન્ન કરનારા થાય છે. ઘણા સુંદર હાથઓ નવમી વિગેરે ઉત્સવ પર શણગારાએલા હોય તેવી રીતે બહુ ચપલ હોય તેવા સુંદર બધાએ નીરખ્યા એવો અર્થ છે. (૪૧)

એ સમયે બધાને ઘણો સંતોષ થતાં વાયકને ફલ આપવું જોઈએ તેથી પ્રસન્ન થએલા ભગવાને તેને ફલ આપ્યું તે કહે છે.

तदा सर्वेषामधिकसंतोषे फलं देयमिति संतुष्टो भगवान् फलं दत्तवानित्याह । तस्य प्रसन्न इति । मनसि रूपं कृतवानिति सा रूप्यमेव दत्तवान् सामर्थ्यार्थं भगवानिति । मुक्तिः प्रसन्न एव भवतीति प्रसन्न इत्याह । आत्मनः सारूप्यं व्यापि वैकुण्ठवासि

तस्य प्रसन्नो भगवान् प्रादात् सारूप्यमात्मनः । श्रियं च परमां
लोके बलैश्वर्यस्मृतीन्द्रियम् ॥ ४२ ॥

नः । एतद्देहावसाने भविष्यतीति तदानीमनभिप्रेतमिति फलान्तरमप्याह बलैश्वर्येति । बलं देहस्य ऐश्वर्यं वाचनिकं किञ्चाज्ञासामर्थ्यमिति वा स्मृतिर्मानसी भगवदनुसंधानरूपा आत्मानुसंधानरूपा ऐन्द्रियमपि सर्वेन्द्रियसामर्थ्यं दत्तवान् ॥ ४२

શ્લોકાર્થ :- ૪૨

તેના પર પ્રસન્ન થએલા ભગવાને પોતાનું સારૂપ્ય, લોકમાં ઘણી સંપત્તિ, બલ, ઐશ્વર્ય, સ્મૃતિ અને ઈંદ્રિયોનું સામર્થ્ય આપ્યું. (૪૨)

